
ISSN-0971-8397

# યોજના

નવેમ્બર-૨૦૧૭ વિકાસને સમર્પિત માસિક ₹ ૨૨

## સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો




ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું સશક્તિકરણ
ડૉ. અરૂણ કુમાર પાંડા

એમએસએમઇ પ્રોત્સાહક યોજનાઓ અને
એનઆઇ-એમએસએમઇની ભૂમિકા
ચંદ્રશેખર રેડ્ડી અને દિબ્યેન્દુ ચૌધરી

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ગુણવત્તા પ્રમાણપત્ર
ડૉ. જતિન્દર સિંહ

ભારતમાં એમએસએમઇને ધિરાણના પડકારો
અનિલ ભારદ્વાજ

ખાસ લેખ

ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું ટેક્નોલોજી
અપગ્રેડેશનઃ ઉદ્દેશો, સાધનો અને ઈચ્છીત પરિણામો માટેનાં માર્ગ
બાલા સુબ્રમણ્ય મુંગીલા હિલેમને

ફોક્સ લેખ

ખાદી અને ગ્રામીણ ઉદ્યોગનો પુનરોદ્ધારઃ ખાદી પંચની નવી પહેલો
વી કે સક્સેના

SBI
Asset Backed Loan.

SBI

# Loan against mortgage of property

"I need funds urgently for purchasing new machinery."

- Manufacturer





"SBI's Asset Backed Loan with an attractive rate of interest is readily available."

- SBI Relationship Manager

"I am planning to build a commerical complex; I need an urgent loan."

- Builder





"No problem … SBI's hassle-free Asset Backed Loan with simple and quick processing is the answer."

- SBI Relationship Manager

- ☑ Hassle-free loan for manufacturers, traders, service enterprises, builders
- ☑ Simple and quick processing
- ☑ Best interest rates in the industry*
- ☑ Easy repayment with tenure upto 180 months*
- ☑ Flexible end use

**There's always more to SBI**

Follow us on

| | | |
|---|---|---|
| Facebook | | /StateBankofIndiaOfficial |
| YouTube | | /TheOfficialSBI |
| Twitter | | @TheOfficialSBI |

**SMS 'SBIABL' TO 567676**

For details log on to www.sbi.co.in or call 1800 425 3800 & 112211 (Toll Free) 080-26599990
E-mail: contractcentre@sbi.co.in

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

## નવેમ્બર-૨૦૧૭

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૫ અંક : ૦૮ સળંગ અંક : ૮૦૩ કિંમતઃ ₹ ૨૨

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

આસિસ્ટન્ટ ડાયરેક્ટર
અજય ઇન્દ્રેકર

તંત્રી
જાન્હવી પટેલ

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
લોંગ લાઇફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૫૬

લવાજમ અંગેની માહિતી
શનિવાર, રવિવાર અને જાહેર
રજાઓ સિવાયના દિવસોમાં
બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા
સુધી ફોન નંબર
૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચૅક/ડિમાન્ડ ડ્રાફટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER: The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags & photos/design are only indicative.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

## વિષયસૂચિ

**ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું સશક્તિકરણ**
**ડૉ. અરૂણ કુમાર પાંડા**......૫

**એમએસએમઇ પ્રોત્સાહક યોજનાઓ અને એનઆઇ-એમએસએમઇની ભૂમિકા**
**ચંદ્રશેખર રેડ્ડી અને દિબ્યેન્દુ ચૌધરી**......૯

**સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ગુણવત્તા પ્રમાણપત્ર**
**ડૉ. જતિન્દર સિંહ**......૧૪

**ભારતમાં એમએસએમઇને ધિરાણના પડકારો**
**અનિલ ભારદ્વાજ**......૧૭

**ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું ટેક્નોલોજી અપગ્રેડેશનઃ ઉદ્દેશો, સાધનો અને ઈચ્છીત પરિણામો માટેનાં માર્ગ**
**બાલા સુબ્રમણ્ય મુંગીલા હિલેમને**......૨૧

**ખાદી અને ગ્રામીણ ઉદ્યોગનો પુનરોદ્ધારઃ ખાદી પંચની નવી પહેલો**
**વી કે સક્સેના**......૨૯

**એમએસએમઈ પ્રોડક્ટસ અને સર્વિસીસ સૌને માટે ઉપલબ્ધ**
**શિશિર સિંહા**......૩૨

**નાના ઉદ્યોગો : હકારાત્મક અને પ્રોત્સાહક વાતાવરણ માટે આવશ્યક**
**ડૉ. અશ્વનિ મહાજન**......૩૮

**ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો : તાજા પડકારો, તકો અને સૂચિતાર્થો**
**પી. એમ મેથ્યુ**......૪૧

**ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો : અપેક્ષાઓ અને સંભાવનાઓ**
**ડૉ. ઋચા શાહ**......૪૬

**પ્રધાનમંત્રીએ સઘન મિશન ઇન્દ્રધનુષ (આઇએમઆઇ)નો શુભારંભ કરાવ્યો**......૫૨


## ટાઈટલ

૧. **આવરણ ડિઝાઇન**
૨. **જાહેરાત**
૩. **શું તમે જાણો છો ? ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM)**
૪. **પ્રકાશન વિભાગનાં પુસ્તકો**

યોજના

## તંત્રીલેખ

## વિપુલ ક્ષમતા ધરાવતું લઘુ ક્ષેત્ર




મજબૂત ઔદ્યોગિક ક્ષેત્રનું નિર્માણ કરવાની બાબત દેશનું શાસન કરનાર અને દેશ માટે નીતિ ઘડનાર સમુદાય માટે ઉચ્ચ અગ્રતા ધરાવે છે. ઉદ્યોગો આંતરિક વપરાશ અને નિકાસ માટે માલસામાન તો પૂરો પાડે જ છે, પણ સાથે સાથે દેશના યુવાનોને રોજગારી આપવામાં સર્વોચ્ચ ભૂમિકા બજાવે છે. જીડીપીની અને ઔદ્યોગિક વૃધ્ધિની વાત કરીએ ત્યારે આયર્ન અને સ્ટીલ, મોટર કાર, ઈલેક્ટ્રોનિક્સની ચીજોનું ઉત્પાદન કરતા મોટા એકમો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે, પરંતુ લઘુ ઉદ્યોગોનું એક ક્ષેત્ર એવું છે કે જે ચીજવસ્તુઓના ઉત્પાદનમાં અને રોજગાર નિર્માણ બંનેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે અર્થશાસ્ત્રીઓ અને નીતિ ઘડનાર સમુદાયની નજરથી છૂપુ રહેલ છે. આ સૂક્ષ્મ, મધ્યમ અને લઘુ ઉદ્યોગોનું ક્ષેત્ર છે.

ભારતમાં MSME ક્ષેત્ર અંદાજે ૧૧ કરોડ લોકોને રોજગારી આપે છે અને જીડીપીમાં તેનું પ્રદાન અંદાજે ૧૭ ટકા જેટલું છે. આપણે તમામ પ્રસંગોએ પહેરીએ છીએ તેવા ખાદીના કૂર્તા જેવી પ્રોડક્ટસથી માંડીને મધ અને શણ જેવી ઘણી આનુષંગિક ચીજો ઔદ્યોગિક ઉત્પાદનમાં વપરાય છે, જે બધાનું આ ક્ષેત્રમાં ઉત્પાદન થાય છે. આમ છતાં આ સેક્ટર સમયસર ધિરાણની ઉપલબ્ધિ, માળખાગત સુવિધાઓનો અભાવ, અપગ્રેડેશન માટે ટેક્નોલૉજી મેળવવાની મુશ્કેલી તથા કુશળ માનવ બળ સમયસર મેળવવામાં તથા માર્કેટિંગની સુવિધાઓ વગેરે માટે ઘણાં પડકારોનો સામનો કરી રહ્યું છે. આ સેક્ટરને પડોશી દેશોની સ્પર્ધાનો અને ખાસ કરીને ચીન કે જે પ્રોડક્ટસનું 'ડમ્પીંગ' કરી રહ્યું છે તેની સ્પર્ધાનો સામનો કરવો પડે છે. તેને પરિણામે ઘણાં સ્થાનિક એકમો ખોટ કરી રહ્યા છે.

લઘુ અને મધ્યમ ક્ષેત્રનાં એકમો મહદ્અંશે પૂરતું ધિરાણ મેળવવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે, કારણ કે ધિરાણ આપનાર સંસ્થાઓને આવા એકમોની અર્થ ક્ષમતા અંગે પૂર્ણ રીતે સંમત કરી શકાતી નથી. આ સમસ્યા હલ કરવા માટે સરકારે આ સેક્ટરને ક્રેડિટ ગેરંટી ફંડ સ્કીમ હેઠળ આવરી લીધું છે અને મળવાપાત્ર ધિરાણની મર્યાદા રૂ.૧ કરોડથી વધારીને રૂ.૨ કરોડ કરી છે. MSMEs માટે વિશ્વના બજારોમાં સ્પર્ધાત્મકતા હાંસલ કરવી તે ખૂબ જ મહત્ત્વનું છે. વધુ એક વખત તેમની નબળી નાણાકીય સ્થિતિને કારણે અને મર્યાદિત માનવબળને લીધે આ ક્ષેત્રનાં એકમો આધુનિક ટેક્નોલૉજી મેળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ટેક્નોલૉજી ટ્રાન્સફર એ એક ઉપાય છે. સરકાર દેશભરમાં તેને પક્ષે ટુલરૂમ્સ અને ટેક્નોલૉજી ડેવલપમેન્ટ સેક્ટર્સ મારફતે ઉચ્ચસ્તરનું કૌશલ્ય અને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડી રહી છે.

એકમનું સંચાલન સફળતાપૂર્વક થાય તે માટે કોઈપણ એકમને સારી માળખાગત સુવિધાઓ આવશ્યક બની રહે છે. આમ છતાં મોટાભાગના MSMEs ખૂબ જ પાંખી માળખાગત સુવિધાઓ વડે કામ ચલાવી રહ્યા છે. સરકારના ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ઉદ્દેશ અતિ આધુનિક ટુલ્સ, ટેક્નોલૉજી, ડીઝાઈન વગેરે મેળવવા માટે કોમન ફેસિલિટી સેન્ટર્સની રચના કરવાનો છે. એકંદરે કુશળ માનવ સ્રોતો MSME સેક્ટરમાં સફળતા મેળવવા માટે અત્યંત મહત્ત્વનો ઘટક બની રહે છે. ઉપલબ્ધ માનવ બળને આકર્ષવાનું અને જાળવી રાખવાનું અને સાથે સાથે નવી પ્રતિભાઓ વિકસાવવાનું ખૂબ જ મહત્ત્વનું છે. આ બાબતને પિછાણીને સરકારે ક્ષમતા નિર્માણનાં ઘણાં કાર્યક્રમો હાથ ધર્યા છે. સરકારના આંત્રપ્રિનિયોર્શીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ અને વોકેશનલ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ આ સમસ્યા હલ કરવા પ્રયાસ કરે છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોએ દરેક દેશના અર્થતંત્ર માટે મહત્ત્વની ભૂમિકા બજાવવાની હોય છે. તે બિનકુશળ, અર્ધકુશળ અને કુશળ સમુદાય માટે રોજગારી પેદા કરવામાં સહાય કરે છે અને તે પણ ઓછા મૂડી ખર્ચ દ્વારા. કારણ કે આ એકમો મૂળભૂત રીતે શ્રમ પ્રચૂર હોય છે. આવા એકમો ગ્રામ્ય અર્થતંત્રને પણ ટકાવે છે, કારણ કે તેમની ઘણી બધી પ્રોડક્ટસ ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક ધોરણે વિકસાવવામાં આવી હોય છે. આ પ્રોડક્ટસ સામાન્ય રીતે ખૂબ જ અનોખી હોય છે અને તે ઉંચી નિકાસ ક્ષમતા દ્વારા આંતરરાષ્ટ્રિય ચલણમાં પણ આવકનું નિર્માણ કરે છે. ઉંચા ઉત્પાદન ખર્ચને કારણે તથા કોટેજ ઈન્ડસ્ટ્રીઝ જેવા કામ કરવાના વાતાવરણને આર્થિક અસમતુલા હોય ત્યારે પણ આ એકમો ટકી શકે છે.

MSME સેક્ટર ભારતીય અર્થતંત્રને મોટી હરણફાળ ભરવામાં પૂરતી ક્ષમતા અને સંભાવના પૂરી પાડી રહ્યા છે. સરકાર અને ધિરાણ સંસ્થાઓ તરફથી થોડો સહયોગ મળતાં આ એકમો વૃધ્ધિ સ્થંભો બનવાની દિશામાં આગળ ધપી શકે છે.

# ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું સશક્તિકરણ

ડૉ. અરૂણ કુમાર પાંડા




*ભારતના આર્થિક સંદર્ભથી MSME સેક્ટર તપાસીએ તો આ ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશનાં અંદાજે ૯૦ ટકા જેટલા ઔદ્યોગિક એકમો આ ક્ષેત્રમાં આવેલા છે અને ભારતના માનવબળના ૪૦ ટકા લોકોને આ ક્ષેત્ર રોજગારી પૂરી પાડે છે. આ ક્ષેત્ર ૮,૦૦૦ થી વધુ પ્રોડક્ટસનું ઉત્પાદન કરે છે, જેમાં પરંપરાગત ચીજોથી માંડીને ચોકસાઈપૂર્ણ હાઈ-ટેક ચીજોનો પણ સમાવેશ થાય છે. ભારતનું અર્થતંત્ર જ્યારે સતત વૃધ્ધિના વળાંક તરફ આગળ વધી રહ્યું છે ત્યારે MSME સેક્ટર વર્ષ ૨૦૨૫ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને તેવી સંભાવના છે અને આ કારણે જ આ ક્ષેત્રનો વિકાસ અત્યંત મહત્ત્વનો બની રહ્યો છે. આ રીતે સમગ્ર MSME તંત્ર વ્યવસ્થા સરકાર માટે અગ્રતા ધરાવતો વિષય બની રહ્યું છે. આ બાબત અંદાજપત્રિય ફાળવણીઓમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોના ક્ષેત્રને ગયા વર્ષના રૂ.૩,૪૬૫ કરોડની ફાળવણીની તુલનામાં રૂ.૬,૪૮૨ કરોડ જેટલી ઊંચી ફાળવણી કરાઈ છે તેના પરથી જણાઈ આવે છે.*

સૂક્ષ્મ, સાહસો, લઘુ અને એટલે કે જેને MSME સેક્ટર તરીકે ઓળખવામાં આવી રહ્યું છે, તેને દુનિયાભરમાં એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (GDP) માં મહત્ત્વનું યોગદાન આપનાર પરિબળ તરીકે અને આર્થિક વૃધ્ધિના ઉદ્દીપક તરીકે પણ ઓળખવામાં આવે છે.


આ ક્ષેત્ર જન સમુદાયને રોજગારીની તકો પૂરી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને ઉદ્યોગસાહસિકતા અને વૃધ્ધિનું ઈનોવેશન દ્વારા સંવર્ધન કરે છે. આ ક્ષેત્ર મોટા બિઝનેસીસના આનુષાંગિક એકમો તરીકે પૂરક બનીને તેમની બિઝનેસની જરૂરિયાતો અને આવશ્યકતાઓ પૂરી કરે છે અને તે દ્વારા તે આર્થિક, સામાજિક વિકાસ અને દેશની સમાવેશી વૃધ્ધિમાં મહત્ત્વનુ યોગદાન આપે છે.

### ભારતીય સંદર્ભ

ભારતના આર્થિક સંદર્ભથી MSME સેક્ટર તપાસીએ તો આ ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશનાં અંદાજે ૯૦ ટકા જેટલા ઔદ્યોગિક એકમો આ ક્ષેત્રમાં આવેલા છે અને ભારતના માનવબળના ૪૦ ટકા લોકોને આ ક્ષેત્ર રોજગારી પૂરી પાડે છે. આ ક્ષેત્ર ૮,૦૦૦ થી વધુ પ્રોડક્ટસનું ઉત્પાદન કરે છે, જેમાં પરંપરાગત ચીજોથી માંડીને ચોકસાઈપૂર્ણ હાઈ-ટેક ચીજોનો પણ સમાવેશ થાય છે. ભારતનું અર્થતંત્ર જ્યારે સતત વૃધ્ધિના વળાંક તરફ આગળ વધી રહ્યું છે ત્યારે MSME સેક્ટર વર્ષ ૨૦૨૫ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને તેવી સંભાવના છે અને આ કારણે જ આ ક્ષેત્રનો વિકાસ અત્યંત મહત્ત્વનો બની રહ્યો છે. આ રીતે સમગ્ર MSME તંત્ર વ્યવસ્થા સરકાર માટે અગ્રતા ધરાવતો વિષય બની રહ્યું છે. આ બાબત અંદાજપત્રિય ફાળવણીઓમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોના ક્ષેત્રને ગયા વર્ષના રૂ.૩,૪૬૫ કરોડની ફાળવણીની તુલનામાં રૂ.૬,૪૮૨ કરોડ જેટલી ઊંચી ફાળવણી કરાઈ છે તેના પરથી જણાઈ આવે છે.

### વિવિધ નીતિ વિષયક પગલાં/ પહેલ દ્વારા MSME ક્ષેત્રની મજબૂતી

આ ક્ષેત્રમાં વૃધ્ધિ માટેની આંતરિક ક્ષમતા ઘણી હોવા છતાં અનેક પડકારો પણ અસ્તિત્વ ધરાવે છે. દા.ત. સમયસર ધિરાણની ઉપલબ્ધિ, માળખાગત સુવિધાઓની ઊણપ, જરી-પુરાણી ટૅક્નોલૉજી, બજાર અને કુશળ માનવબળની અપૂરતી ઉપલબ્ધિ. આ બધાં એવા પડકારો છે કે જેનો આ ક્ષેત્ર સામનો કરી રહ્યું છે. આ ઉપરાંત ચીન, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ જેવા પડોશી દેશોની વધતી જતી સ્પર્ધાને કારણે આ ક્ષેત્ર માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવાના હેતુથી મજબૂત વ્યૂહરચનાઓ અપનાવવાનું આવશ્યક બની રહ્યું છે. સરકાર પણ આ અવરોધો અંગે જાણકારી ધરાવે છે અને આ ક્ષેત્રને તાકીદના ધોરણે ધમધમતું કરીને આર્થિક પ્રવૃત્તિઓના સ્તરને ઉંચે લઈ જવા માંગે છે. આથી જ 'મેક ઈન ઈન્ડિયા',



'ડિજીટલ ઈન્ડિયા', 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' અને 'સ્કિલ ઈન્ડિયા' જેવી અનેક પ્રકારની પહેલ આ ક્ષેત્રના સમગ્રલક્ષી વિકાસ માટે હાથ ધરવામાં આવી છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું ભારતની એકંદર જીડીપીમાં યોગદાન, જે હાલમાં ૧૬ થી ૧૭ ટકા જેટલું છે તે વધીને ૨૫ ટકા સુધી પહોંચે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં વધુ ૧૦૦ મિલિયન નોકરીઓ ઉભી થાય તેવા આયોજનથી પગલાં લેવાઈ રહ્યા છે.

**SMEs ને નાણાકીય સહાય**

MSME ક્ષેત્ર સમાન પ્રકારના એકમો ધરાવતું નથી તે બાબતનો ખ્યાલ રાખીને અલગ અલગ એકમો માટે અલગ અલગ અગ્રતાઓ નક્કી કરવાનું જરૂરી બને છે અને તેના પડકારો પણ એવા જ પ્રકારના છે. દા.ત. સમયસર ધિરાણની ઉપલબ્ધિ તે સૂક્ષ્મ અને લઘુ કદનાં એકમો માટે અગ્રતા છે, પરંતુ તે એક પડકાર પણ બની રહી છે. ખાસ કરીને આ સમસ્યા મધ્યમ અને મોટા કદનાં એકમો માટે એટલી તીવ્ર નથી. આ સમસ્યા હલ કરવા માટે સરકારે ક્રેડિટ ગેરંટી એન્ડ ફંડ સ્કીમ શરૂ કરી છે. સૂક્ષ્મ અને લઘુ કદ હેઠળ આવતા એકમો હવે કો-લેટરલ ગેરંટીથી મુક્ત રહીને રૂ.૨ કરોડ સુધીનું ધિરાણ મેળવી શકે છે. અગાઉ આ મર્યાદા રૂ.૧.૦૦ કરોડની હતી અને તે માત્ર પસંદગીની નાણાકીય સંસ્થાઓ દ્વારા જ ઉપલબ્ધ કરાતી હતી. આ ઉપરાંત કેટલાંક નવતર પ્રકારના મોડેલ્સ પણ વધતી જતી નાણાકીય જટિલતા અને ધિરાણ સંબંધી જે ઊણપો વર્તાય છે તેને હલ કરવા માટે બજારમાં આવી રહ્યા છે. કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ) ના ક્ષેત્રે વિવિધ સ્ટાર્ટ અપ્સ MSMEને આસાનીથી ધિરાણ ઉપલબ્ધ બને તે માટે સુગમતા ઉભી કરી રહ્યા છે. ફાયનાન્સિંગ અને ધિરાણ આપતી મહત્ત્વની કંપનીઓના ઉદ્દભવને કારણે SMEs નાણાકીય દ્રષ્ટિએ વધુ સલામત બને તેવી સંભાવના છે.

**પ્રધાન મંત્રીનો રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP)**

પ્રધાન મંત્રીનો રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) એ મંત્રાલયની ફ્લેગશીપ સ્કીમ છે, જેની અંતર્ગત દેશભરમાં દર વર્ષે રોજગાર નિર્માણની તકો ઉભી કરતા માઈક્રો એકમો સ્થાપવામાં આવે છે. આનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોની સાથે સાથે દેશના શહેરી વિસ્તારોમાં પણ નવા સ્વ-રોજગારના એકમો/ પ્રોજેક્ટસ / માઈક્રો એકમો મારફતે રોજગારીની તકોના નિર્માણનો છે. આ કાર્યક્રમ રોજગાર નિર્માણની વિપુલ સંભાવનાઓ ધરાવે છે.

**ખાદી અને ગ્રામોઉદ્યોગો**

ખાદી અને ગ્રામોઉદ્યોગો એ ભારતના નેશનલ હેરિટેજ સેક્ટરના મહત્ત્વના ક્ષેત્રો છે. ખાદી અને ગ્રામ ઉદ્યોગ ક્ષેત્ર ગ્રામ્ય વિસ્તારમાં માથાદીઠ ઓછા રોકાણ દ્વારા અને ખાસ કરીને સમાજના નબળા વર્ગોમાં સમાવેશ પામતા લોકો દ્વારા રોજગાર નિર્માણની તકો ઉભી કરે છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ક્ષેત્રમાં ખાદી અને ગ્રામ ઉદ્યોગ ક્ષેત્ર માટે ઘર આંગણે બેરોજગારો માટે અને ખાસ કરીને યુવાનો અને મહિલાઓ માટે અર્થપૂર્ણ રોજગારી પેદા થાય તેવી ઘણી યોજનાઓ છે.

**ટૅક્નોલૉજી તરફી ઝોક**

આજે ગ્લોબલ વેલ્યુ ચેઈન્સ એક બીજા સાથે વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી રહી છે. પસંદગીના સપ્લાયર બનવાના ઉદ્દેશથી કોઈપણ એકમે તેમના સહયોગીઓને બહેતર મૂલ્ય પૂરું પાડવા માટે ઉત્તમ પ્રણાલીઓ અપનાવવી પડે તેમ છે અને માત્ર નવતર પ્રકારના ઉપાયો જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ધોરણો પણ અપનાવવા પડે છે અને આ સંદર્ભને કારણે જ દેશમાં ટૅક્નોલૉજીકલ આધુનિકિકરણ ખૂબ જ મહત્ત્વનું બની રહ્યું છે. મંત્રાલય દેશભરમાં ૧૮ ટુલ રૂમ્સ અને ટૅક્નોલૉજી ડેવલપમેન્ટ સેન્ટર્સ મારફતે ઉચ્ચ પ્રકારના કૌશલ્ય અને ટેકનિકલ સહયોગ પૂરો પાડવા તરફ ધ્યાન આપી રહ્યું છે. આ ઉપરાંત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ક્ષેત્રના મંત્રાલયે કેટલાક હયાત સેન્ટરોને અપગ્રેડ કરવા માટે અને ટૅક્નોલૉજી સિસ્ટમ્સ પ્રોજેક્ટસ (TCSP) હેઠળ ૧૫ નવા ટૅક્નોલૉજી સેન્ટર્સ (TCs) શરૂ કરનાર છે. MSME ક્ષેત્રની એકંદર ઉત્પાદકતામાં સુધારો કરવા માટે વિશ્વ બેંક પાસેથી રૂ.૨૨૦૦ કરોડનું ભંડોળ મેળવવામાં આવ્યું છે. ટૅક્નોલૉજી સેન્ટર્સ MSME ક્ષેત્રને અતિ આધુનિક મેન્યુફેક્ચરિંગ ટૅક્નોલૉજી, કુશળ માનવબળ અને બિઝનેસ એડવાઈઝરી સપોર્ટ પૂરો પાડશે. વધુમાં, ક્રેડિટ સાથે જોડાયેલી કેપિટલ સબસિડી યોજના (CLCSS) દ્વારા પણ માઈક્રો અને લઘુ કદના એકમોમાં અપગ્રેડેશન હાથ ધરવા માટે સહયોગ પૂરો પાડવામાં આવી રહ્યો છે. આ યોજના દ્વારા મહત્તમ રૂ.૧૫,૦૦,૦૦૦ની મર્યાદામાં ૧૫

ટકા જેટલી સીધી (up-front) સબસિડી, પ્લાન્ટ અને મશીનરીના આધુનિકીકરણ માટે પૂરી પાડવામાં આવે છે. આ યોજના હેઠળ જૂન ૨૦૧૭ની સ્થિતિએ ૧૨૯૩ માઈક્રો અને લઘુ કદનાં એકમો માટે રૂ.૭૮.૯૮ કરોડની કુલ રકમ છૂટી કરવામાં આવી હતી.

MSMEs ક્ષેત્રને નાણાકીય સહયોગ માટે પ્રધાન મંત્રીશ્રીએ તાજેતરમાં ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ (ZED) સર્ટિફિકેશન યોજના રજૂ કરી છે. આ યોજના MSMEs માં ZED મેન્યુફેક્ચરિંગ અંગે જાગૃતિ પેદા કરવા માટે અને તેમના એકમોને ZED સપોર્ટ માટે, આકલન (assesment) કરવા માટે પ્રોત્સાહિત કરવાનો ઉદ્દેશ છે.

માળખાગત સુવિધાઓ મજબૂત કરવા અંગે વિવિધ પ્રકારની યુટિલિટીઝ (વીજળી, પાણી વગેરે) જેવી માળખાગત સુવિધાઓ, બજાર, કુશળ માનવ બળ અને આધુનિક ટૅક્નોલૉજીની ઉપલબ્ધિ કોઈપણ એકમ માટે બજારમાં સફળતાપૂર્વક કાર્ય કરવા માટે આવશ્યક બની રહે છે. આ સંદર્ભમાં સરકારે MSMEs ના વિકાસ માટે ક્લસ્ટર આધારિત અભિગમ અપનાવ્યો છે. એકંદરે આ અભિગમ દ્વારા કો-ઓપરેટિવ વર્તણુંકને પ્રોત્સાહન મળે છે, અને સાથે સાથે વિવિધ એકમોમાં ક્લસ્ટરના સ્તરે પણ બિઝનેસ કરવા માટે એક સ્પર્ધા ભાવ પેદા થાય છે.

મૂડીના અભાવે સૂક્ષ્મ અને લઘુ એકમોને અતિ આધુનિક ટુલ્સ અને ટેકનિક્સ પ્રાપ્ત થઈ શકતી નથી. આને કારણે તેમણે આખરી પ્રોડક્ટ અંગે સમાધાનકારી વલણ અપનાવવું પડે છે. આથી ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ઉદ્દેશ કોમન ફેસિલિટી સેન્ટર્સ (CFC) જેવી હાથવગી સુવિધાઓ દ્વારા આધુનિક ટુલ્સ, ટૅક્નોલૉજી, ડિઝાઈન્સ, ટેસ્ટીંગની સુવિધા વગેરે આવા એકમોને પૂરા પાડવાની ગોઠવણ થાય છે. દેશભરના કેટલાક ક્લસ્ટર્સને આ યોજનાનો લાભ મળ્યો છે અને સરકાર દ્વારા અન્ય વધુ ક્લસ્ટર્સ સ્થાપવાની પહેલ હાથ ધરાઈ છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલય (M/o MSME) દ્વારા માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈઝ- ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (MSE– CDP)ની ઘનિષ્ટ માર્ગરેખાઓ તૈયાર કરવામાં આવી છે તથા વધુને વધુ ગ્રામ્ય અને પરંપરાગત ક્લસ્ટરના અપગ્રેડેશન (SFURTI) ને વધુ સુવિધાઓ પૂરી પાડી શકાય તે માટે પણ પ્રયાસો થઈ રહ્યા છે.

**નવા બજારોની ઉપલબ્ધિ**

સરકાર દ્વારા MSMEs ના વર્તમાન બજારનું કદ વિસ્તારવા તથા મજબૂત કરવા પરસ્પરના સંબંધો પર આધારિત એકંદર ધ્યેય નક્કી કરવામાં આવ્યાં છે. એવી દરખાસ્ત પણ કરવામાં આવી છે કે સૂક્ષ્મ અને લઘુ એકમો (MSEs) ના વિવિધ મંત્રાલયો અને વિભાગો, જાહેર ખરીદીની નીતિના હિસ્સા તરીકે MSE ઓર્ડર ૨૦૧૨ હેઠળ તેમની ખરીદીના ૨૦ ટકા જેટલો માલ-સામાન અને સર્વિસીસ આ ક્ષેત્રના એકમો પાસેથી મેળવે. આ નીતિમાં સૂક્ષ્મ અને લઘુ એકમો તરફ ધ્યાન તો કેન્દ્રિત કરવામાં આવ્યુ જ છે, પણ સાથે સાથે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉદ્યોગસાહસિકો જાહેર ખરીદીના બજારમાં સામેલ થઈ શકે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગસાહસિકોની માલિકીના MSME પાસેથી ખરીદીનો ૪ ટકાનો પેટા લક્ષ્યાંક પણ નક્કી કરવામાં આવ્યો છે. વધુમાં, સામાજિક જૂથ તરીકે MSME ક્ષેત્રનું વિશ્લેષણ કરતાં એવું જાણવા મળે છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની માલિકી ધરાવતા એકમોને તેમની અલાયદી સમસ્યાઓ છે. આથી આ લક્ષ્યાંક હાંસલ કરવા અને અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિમાં ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા માટે માન. પ્રધાન મંત્રીશ્રી દ્વારા તા.૧૮ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ રૂ.૪૯૦ કરોડ (૨૦૧૬ થી ૨૦૨૦સુધી) ના ખર્ચે એક રાષ્ટ્રીય SC-ST Hub (NSSH) ની યોજના રજૂ કરવામાં આવી છે. આ હબનું સંચાલન હાલમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના મંત્રાલય હેઠળના કેન્દ્ર સરકારના જાહેર સાહસ (CPSE) નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) દ્વારા થઈ રહ્યું છે. એક વિશિષ્ટ ધિરાણ સાથે સંકળાયેલી કેપિટલ સબસિડી સ્કીમ (SCLCSS) પણ આ હબ હેઠળ ઘડી કાઢવામાં આવી છે કે જેથી અનુસૂચિત જાતિ- અનુસૂચિત જનજાતિના હયાત અને નવા એકમો સ્થાપવામાં અને તેમના માટે પ્લાન્ટ એન્ડ મશીનરી ખરીદવામાં સુગમતા રહે. આ સ્કીમ હેઠળ સીધી ૨૫ ટકાની સબસિડી આપવામાં આવે છે.

**માનવ મૂડી**

MSMEs માટે નવી પ્રતિભાઓને આકર્ષવી અને જાળવવી તે એક મહત્ત્વનું પરિબળ બની



રહ્યું છે. ૧.૨૫ અબજ વ્યક્તિઓની વસતિ ધરાવતા દેશમાં પણ કુશળ માનવ બળની હજુ ભારે તંગી વર્તાઈ રહી છે. MSME ક્ષેત્ર આ માનવ બળને કુશળતા બક્ષવામાં મહત્ત્વની ભૂમિકા બજાવી શકે તેમ છે. ખાસ કરીને એવા સમયે કે જ્યારે આપણા દેશની ૬૫ ટકા વસતિની ઉંમર ૩૫ વર્ષ કરતાં નીચે છે. દર વર્ષે વધુને વધુ સંખ્યામાં વ્યક્તિઓ રોજગારીના બજારમાં દાખલ થઈ રહી છે ત્યારે કૌશલ્ય આધારિત તાલીમ અને આંત્રપ્રિનિયોર્શીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ (EDPs) માનવ બળને નોકરી માટે સજ્જ બનાવવાની દિશામાં એક મહત્ત્વની જરૂરિયાત બની રહ્યા છે. વિવિધ ક્ષેત્રો અને ટ્રેડ માટે કેટલાક EDPs અને વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોના મંત્રાલય દ્વારા ડેવલપમેન્ટ કમિશ્નર (MSME) ની ઓફિસ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

### આખરી ટિપ્પણી

આર્થિક વૃધ્ધિ આગળ ધપાવવા અને સાથે સાથે આ ક્ષેત્રોનું મહત્ત્વ આગળ ધપાવવા માટે સરકારે હયાત નીતિઓ/ કાર્યક્રમો મજબૂત બનાવવા અને તેની સાથે સાથે અન્ય ઘણાં પગલાં હાથ ધરવા માટે 'બિઝનેસ કરવામાં આસાની' તથા આ ક્ષેત્રને ઔપચારિક સ્વરૂપ આપવા માટે ઉદ્યોગ આધાર મેમોરન્ડમ (UAM) સપ્ટેમ્બર ૨૦૧૫ નોટિફાય કરવામાં આવ્યું છે. આ પધ્ધતિમાં જે બાબત ઓફર કરાઈ છે તેમાં વન-પેજ સિંગલ પોઈન્ટ રજીસ્ટ્રેશન અને તે દ્વારા વિલંબ તથા આંત્રપ્રિનિયોશિપ મેમોરેન્ડમ (EM) પાર્ટ-૧ અને પાર્ટ-૨ ની વર્તમાન પધ્ધતિની અલગ અલગ સ્વરૂપોની (heterogeneity) બદલવા માટેની વ્યવસ્થા કરાઈ છે. ભારતના MSMEs ક્ષેત્રને પોતાનો બિઝનેસ રજીસ્ટર્ડ કરવામાં આસાની થાય તે માટે હાથ ધરાયેલી આ એક પથદર્શક પહેલ છે. પ્રારંભ થયો તે પછી ઉદ્યોગ આધાર મેમોરન્ડમ (UAM) હેઠળ ૩૫ લાખથી વધુ એકમોની નોંધણી થઈ ગઈ છે. વધુમાં




જીએસટી અંતર્ગત 'વન નેશન વન ટેક્સ' ની નીતિ પણ અપનાવાઈ છે. જેનાથી આ ક્ષેત્રની સાચી ક્ષમતા નિયંત્રણોમાંથી મુક્ત થાય તેવી સંભાવના છે.

આ બધી બાબતોને ટૂંકમાં આવરી લેવી હોય તો કહી શકાય કે ભારતના MSME ક્ષેત્રમાં પ્રગતિશીલ ફેરફારો થયા છે. કેટલીક નીતિ વિષયક પહેલની સાથે સાથે ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતા, બિઝનેસ ફ્રેન્ડલી વ્યવસ્થા ઉભી કરવાનું તેમને ગતિશીલ બનાવવાનું ચાલુ રાખવામાં આવશે. MSME ક્ષેત્રમાં રોજગાર નિર્માણ અને સંપત્તિના નિર્માણની વ્યાપક તકો રહેલી છે. રાજ્ય સરકારો, ઔદ્યોગિક સંગઠનો, ઈન્ક્યુબેટર્સ અને ટેક્નોલૉજી પ્રોવાઈડર્સ તથા નાણાકીય સંસ્થાઓ અને ભારત સરકારના વિવિધ મંત્રાલયોએ એકબીજા સાથે હાથ મિલાવીને સમાન ધ્યેય હાંસલ કરવા માટે તથા ઉંચા દરે વૃધ્ધિ અને રોજગાર નિર્માણનું સમાન વિઝન હાંસલ કરવા માટે કામ કરવાનું રહેશે. MSME તેના એકમોના બહોળા વ્યાપને કારણે વસતિ વિષયક ડિવિડન્ડ (Demographic Dividend) હાંસલ કરવા માટે મહત્ત્વની ભૂમિકા બજાવી શકે તેમ છે તે બાબત પણ યાદ રાખવી જોઈએ.

**સંદર્ભો:**


- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમો (M/o MSME) ૨૦૧૬-૧૭ નો વાર્ષિક અહેવાલ
- સંગીતા શર્માનું આંત્રપ્રિનિયોર્શીપ વિકાસ અંગેનું પુસ્તક
- મોર્ગન સ્ટેનલી દ્વારા Next India અંગે અભ્યાસ લેખ
- પત્ર સૂચના કાર્યાલય, ભારત સરકાર અને અન્ય અખબારી યાદીઓ અને લેખો
- નેશનલ મેન્યુફેક્ચરિંગ પોલિસી (NMP) અને જાહેર ખરીદી નીતિ, MSE Order 2012
- ભારત સરકારના માઈક્રો, લઘુ અને મધ્યમ કદના એકમોની (DC-MSME) વેબસાઈટ
- ભારતમાં MSME અંગેના અંકો, રિસર્સ ગેટ પબ્લિકેશન, ૧૦ મે, ૨૦૧૬



લેખક ભારત સરકારના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો (MSME) ના વિભાગના સચિવ છે અને મંત્રાલયને રોજગાર નિર્માણનું વિઝન હાંસલ કરવામાં અને MSME સેક્ટરના વિકાસની આગેવાની સંભાળે છે. તેમની ૩૨ વર્ષની સર્વિસમાં ડો. પાંડાએ વિવિધ જવાબદારીઓ રાજ્યો અને કેન્દ્ર સરકારના સ્તરે સંભાળવા ઉપરાંત એક વહીવટકાર, નીતિ ઘડનાર, જાહેર આરોગ્યના વ્યૂહરચનાકાર તરીકે સેવાઓ આપી છે.

E-mail: sec.msme@gmail.com

# એમએસએમઈ પ્રોત્સાહક યોજનાઓ અને એનઆઇ-એમએસએમઈની ભૂમિકા

**ચંદ્રશેખર રેડ્ડી અને દિબ્યેન્દુ ચૌધરી**

*ભારત સરકાર રાષ્ટ્રીય અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ તથા રોજગારીના સર્જનમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના ક્ષેત્રના મહત્ત્વ અને ક્ષમતાનો સ્વીકાર કરે છે. ભારત સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના વિકાસ અને પ્રોત્સાહન માટે નીતિઓનો અમલ કરવા અને તે માટે અસરકારક પગલાઓ લેવા માટે સમગ્ર ભારતવ્યાપી માળખાની જરૂરિયાત અનુભવી છે અને જુદી-જુદી પદ્ધતિ અપનાવીને રાજ્ય સરકારો દ્વારા હાથ ધરાતાં પ્રયત્નોને સહાયરૂપ થવા માટે ખૂબ જ સક્રીય રસ દાખવ્યો છે. ભારત સરકાર દ્વારા અમલ કરાયેલો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો વિકાસ (એમએસએમઈડી) કાયદો, ૨૦૦૬ આ પ્રયાસોનું જ પરિણામ છે. આ કાયદો અમલમાં આવ્યા બાદ નાના પાયાના ઉદ્યોગો (સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી - એસએસઆઇ) અને કૃષિ ગ્રામીણ ઉદ્યોગો (એગ્રો રૂરલ ઈન્ડસ્ટ્રીઝ - એઆરઆઇ)નું જોડાણ કરીને ૯.૫.૨૦૦૭ના રોજ અલગ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલયની રચના કરવામાં આવી હતી. આ ક્ષેત્ર ૪૫૩ લાખ એકમો ધરાવે છે (છઠ્ઠા આર્થિક સર્વેક્ષણ, ૨૦૧૩ અનુસાર) અને દેશમાં ૧૧.૭ કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. તે કુલ ઉત્પાદન પેદાશના ૪૫% ભાગનું ઉત્પાદન કરે છે અને દેશમાંથી થતી કુલ નિકાસમાં ૪૦% હિસ્સો ધરાવે છે.*

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના ક્ષેત્રને પ્રોત્સાહન આપવાની અને તેનો વિકાસ સાધવાની પ્રાથમિક જવાબદારી રાજ્ય સરકારોના શીરે રહેલી છે. ભારત સરકાર પણ રાષ્ટ્રીય અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ તથા રોજગારીના સર્જનમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના ક્ષેત્રના મહત્ત્વ અને ક્ષમતાનો સ્વીકાર કરે છે. ભારત સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના વિકાસ અને પ્રોત્સાહન માટે નીતિઓનો અમલ કરવા અને તે માટે અસરકારક પગલાઓ લેવા માટે સમગ્ર ભારતવ્યાપી  માળખાની જરૂરિયાત અનુભવી છે અને જુદી-જુદી પદ્ધતિ અપનાવીને રાજ્ય સરકારો દ્વારા હાથ ધરાતાં પ્રયત્નોને સહાયરૂપ થવા માટે ખૂબ જ સક્રીય રસ દાખવ્યો છે. ભારત સરકાર દ્વારા અમલ કરાયેલો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો વિકાસ (એમએસએમઈડી) કાયદો, ૨૦૦૬ આ પ્રયાસોનું જ પરિણામ છે. આ કાયદો અમલમાં આવ્યા બાદ નાના પાયાના ઉદ્યોગો (સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી - એસએસઆઇ) અને કૃષિ ગ્રામીણ ઉદ્યોગો (એગ્રો રૂરલ ઈન્ડસ્ટ્રીઝ - એઆરઆઇ)નું જોડાણ કરીને ૯.૫.૨૦૦૭ના રોજ અલગ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલયની રચના કરવામાં આવી હતી. આ ક્ષેત્ર ૪૫૩ લાખ એકમો ધરાવે છે (છઠ્ઠા આર્થિક સર્વેક્ષણ, ૨૦૧૩ અનુસાર) અને દેશમાં ૧૧.૭ કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. તે કુલ ઉત્પાદન પેદાશના ૪૫% ભાગનું ઉત્પાદન કરે છે અને દેશમાંથી થતી કુલ નિકાસમાં ૪૦% હિસ્સો ધરાવે છે.

ભારત સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના વિકાસના પ્રોત્સાહન માટે સંખ્યાબંધ પગલાં હાથ ધર્યા છે. આ પગલાંઓમાં ધિરાણની ઉપલબ્ધિ, અદ્યતન ટેક્નોલોજી અપનાવવા માટે વિવિધ યોજનાઓ, ગુણવત્તામાં સુધારો અને માર્કેટિંગ સહાયતા જેવી બાબતોનો સમાવેશ થાય છે. મુદ્રા (એમયુડીઆરએ) અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવી યોજનાઓએ સૂક્ષ્મ અને લઘુ સાહસો માટે ધિરાણ બાંયધરી ભંડોળ (ક્રેડિટ ગેરન્ટી ફંડ)ના વ્યાપમાં વધારો કર્યો છે. સૂક્ષ્મ અને લઘુ સાહસોને બેન્કો દ્વારા પૂરી પડાયેલી ઊંચી ધિરાણ મર્યાદાએ તેમની ધિરાણ સહાયતામાં સુધારો કર્યો છે.

આ ઉપરાંત લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ સાહસોના મંત્રાલયને ખાદી, શણ અને ગ્રામીણ ઉદ્યોગોના પ્રોત્સાહનની પણ કામગીરી સોપવામાં આવી છે. ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગ આયોગ (કેવીઆઇસી) માત્ર દેશના વિશાળ ગ્રામીણ ક્ષેત્રમાં પ્રક્રિયા કરાયેલા માલ-સામાનની મૂળભૂત જરૂરિયાતો જ પૂરી નથી પાડતું પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં અંદાજે ૧૫૦ લાખ લોકોને કાયમી રોજગારી પણ પુરી પાડે છે. ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગો ક્ષેત્ર ઉત્કૃષ્ટ ઐતિહાસિક ઉત્પાદનો હાથ ધરે છે, જેમાં ઈતિહાસની સાથે સાથે મૂલ્યો પણ જોડાયેલા છે. આ ક્ષેત્ર સમાજના મધ્યમ અને ઊચ્ચ વર્ગોમાં શક્તિશાળી ગ્રાહક વર્તુળની રચના કરવાની ક્ષમતા ધરાવે છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલયને શણ ઉદ્યોગના વિકાસની મહત્ત્વપૂર્ણ કામગીરી પણ સોંપવામાં આવી છે. તેણે પોતાની કામગીરી કેરળથી વિસ્તારીને તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, ગોવા, ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાતની સાથે સાથે જુદા-જુદા અનેક રાજ્યો સુધી વિસ્તારી છે. આ ઉદ્યોગ ૭ લાખથી વધારે લોકોને રોજગારી પુરી પાડે છે. છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન થયેલી નિકાસમાં આ ક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રીતે સતત વધતો રહ્યો છે. શણના ઉપયોગમાં થયેલો વધારો તેની પર્યાવરણને અનુકૂળ ઉપયોગીતાના કારણે નોંધાયો છે. તકનિકી દરમિયાનગીરી અને શણની જીયો-ટેક્સ્ટાઇલ જેવી પેદાશોમાં રહેલી વૈવિધ્યતાના કારણે શણની પેદાશોમાં મૂલ્ય વધારો કરવાની ભરપૂર સંભાવનાઓ રહેલી છે.

તે ગૌરવની બાબત છે કે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય આઈએસઓ ૯૦૦૧ - ૨૦૦૮ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનારું પ્રથમ મંત્રાલય હતું. આ બાબત સમર્પણ અને કટિબદ્ધતા સાથે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન પુરું પાડવા મંત્રાલય દ્વારા હાથ ધરાયેલી ઝૂંબેશ પ્રદર્શિત કરે છે. આઈએસઓ ધોરણોનું અમલીકરણ મંત્રાલયને સુધારો હાથ ધરવા માટે ક્ષેત્રોને ઓળખવામાં સક્ષમ બનાવશે અને તેની કામગીરીમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ લાવશે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય માટે તે ખરેખર ખૂબ જ સન્માનની બાબત છે કે ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ રાષ્ટ્રીય અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ કેન્દ્ર અને ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ (ઝેડઈડી) યોજના નામની બે યોજનાઓનો પોતાના વરદહસ્તે શુભારંભ કર્યો હતો. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય સમગ્ર દેશમાં ત્યારે પણ કેન્દ્રબિંદુ બન્યું હતું જ્યારે વડાપ્રધાને ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ પોતાના રાષ્ટ્રજોગ સંબોધનમાં તેના વિશે ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય માટે ધિરાણ સુવિધાઓમાં વધારાની અને સૂક્ષ્મ અને લઘુ સાહસો માટે ધિરાણ બાંયધરી ભંડોળ ટ્રસ્ટ (સીજીટીએમએસઈ)ની રકમમાં વધારાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત પ્રથમ વખત ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલય ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેને અલગ પાડવામાં આવ્યું હતું. તેમાં રૂ.૫૦ કરોડથી ઓછું ટર્ન-ઓવર ધરાવતા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો માટે કૉર્પોરેટ ટેક્સ ૩૦% થી ઘટાડીને ૨૫ % કરવામાં આવ્યો હતો.

**એમએસએમઈ મંત્રાલયની ભૂમિકાઃ**

એમએસએમઈ મંત્રાલય અને તેના વ્યવસ્થાતંત્રની ભૂમિકા સાહસવૃત્તિ, રોજગારી અને આજીવિકાની તકોમાં પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્યોના પ્રયાસોમાં સહાયતા કરવાનું છે. આ ઉપરાંત તે બદલાયેલા આર્થિક સંજોગોમાં એમએસએમઈની સ્પર્ધાત્મકતામાં પણ વધારો કરે છે. મંત્રાલય અને તેના વ્યવસ્થાતંત્ર દ્વારા હાથ ધરાતી યોજનાઓ અને કાર્યક્રમો આ મુજબ સુવિધાઓ પુરી પાડવાનો પ્રયત્ન કરે છેઃ i) આર્થિક સંસ્થા / બેન્કો તરફથી પૂરતાં પ્રમાણમાં ધિરાણનો પ્રવાહ ii) અદ્યતન તકનિકી સુધારાઓ અને આધુનિકીકરણ માટે સહાય iii) સંકલિત માળખાકીય સુવિધાઓ iv) આધુનિક પરિક્ષણ સુવિધાઓ અને ગુણવત્તા પ્રમાણીકરણ v) આધુનિક સંચાલન પ્રથાઓની ઉપલબ્ધી vi) યોગ્ય તાલીમ સુવિધાઓ થકી સાહસિકતા વિકસાવવી અને કૌશલ્ય વૃદ્ધિ vii) પેદાશ વિકાસ, ડિઝાઈન દરમિયાનગીરી અને પેકેજિંગ માટે સહાયતા viii) કલાકારો અને કામદારોનું કલ્યાણ ix) ઘરેલું અને નિકાસ બજારોની વધુ સારી ઉપલબ્ધિ માટે સહાયતા x) એકમો અને તેમના સમૂહોની ક્ષમતા-નિર્માણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા સમુદાય આધારિત પગલાંઓ.

જુદા-જુદા વિભાગો હેઠળ નીચે દર્શાવ્યાં મુજબ મંત્રાલય દ્વારા એમએસએમઈ ક્ષેત્રને પ્રોત્સાહન પૂરું પાડવા માટે અનેક યોજનાઓ હાથ ધરવામાં આવી છે.

**એસએમઈ પ્રભાગ યોજનાઓ**

૧. આંતરરાષ્ટ્રીય સહકાર
૨. તાલીમ સંસ્થાઓને સહાય (એટીઆઇ)
૩. માર્કેટિંગ સહાયતા

**ડેવલપમેન્ટ કમિશનર (ડીસી એમએસએમઈ) યોજનાઓ**

૧. ધિરાણ બાંયધરી
૨. તકનિકી આધુનિકરણ માટે ધિરાણ સંકલિત ધિરાણ સબસિડી
૩. આઈએસઓ ૯૦૦૦-આઈએસઓ ૧૪૦૦૧ પ્રમાણિકરણ વળતર
૪. સૂક્ષ્મ અને લઘુ સાહસો સમૂહ વિકાસ કાર્યક્રમ
૫. સૂક્ષ્મ ધિરાણ કાર્યક્રમ
૬. એમએસએમઈ બજાર વિકાસ સહાયતા (એમડીએ)
૭. રાષ્ટ્રીય પુરસ્કાર (વ્યક્તિગત એમએસઈ)
૮. રાષ્ટ્રીય ઉત્પાદન સ્પર્ધાત્મકત કાર્યક્રમ (એનએમસીપી)

i. એમએસએમઈને માર્કેટિંગ મદદ / સહાયતા (બારકોડ)
ii. રક્ષિત વાતાવરણ થકી એસએમઈનો સાહસિકતા અને સંચાલકીય વિકાસ
iii. ક્યુએમએસ અને ક્યુટીટી દ્વારા ઉત્પાદન ક્ષેત્રને સ્પર્ધાત્મક બનવા માટે સક્ષમ કરવું
iv. બૌદ્ધિક મિલકતના અધિકારો (આઈપીઆર) અંગે જાગૃતિનું નિર્માણ
v. એમએસએમઈ માટે ઉત્પાદકીય સ્પર્ધાત્મકતા કેળવવી
vi. એમએસએમઈ ઉત્પાદન ક્ષેત્ર માટે ડિઝાઈન નિપૂર્ણતા માટે ડિઝાઈન ક્લિનિક (DESIGN)
vii. માર્કેટિંગ સહાયતા અને તકનિકી આધુનિકરણ
viii. એમએસએમઈને ટેક્નોલોજી સુધારા અને ગુણવત્તા વૃદ્ધિ માટે સહાય

**એનએસઆઇસી યોજનાઓ**

૧. કાર્યક્ષમતા અને ધિરાણ રેટિંગ
૨. બેન્ક ધિરાણ સુવિધા
૩. કાચી સામગ્રીની સહાયતા
૪. સિંગલ પોઇન્ટ નોંધણી
૫. માહિતીપ્રદ સેવાઓ
૬. માર્કેટિંગ માહિતી સેવાઆનો કરાર
૭. બિલમાં વળતર
૮. એનએસઆઇસી માળખું
i. પ્રદર્શન ખંડ, હૈદરાબાદ
ii. આઇટી સંવર્ધન કેન્દ્ર
iii. એક્ઝિબિશન-કમ-માર્કેટિંગ ડેવલપમેન્ટ બિઝનેસ પાર્ક
iv. સોફ્ટવેર ટેક્નોલોજી અને બિઝનેસ પાર્ક
v. પ્રદર્શન મેદાનો, નવી દિલ્હી

**એઆરઆઇ પ્રભાગ યોજનાઓ**

૧. વડાપ્રધાન રોજગારી સર્જન કાર્યક્રમ (પીએમઇજીપી)
૨. ખાદી કલાકાર માટે જનશ્રી વીમા યોજના
૩. બજાર વિકાસ સહાયતા (એમડીએ)
૪. વિજ્ઞાન અને તકનિકી યોજના
૫. શણ ઉદ્યમી યોજના
૬. શણ વિકાસ યોજના
i. નિકાસ બજાર પ્રોત્સાહન
ii. કૌશલ્ય વર્ધન અને મહિલા શણ યોજના
iii. ઉત્પાદન માળખાનો વિકાસ (ડીપીઆઇ)
iv. શણ કામદારો માટે વ્યક્તિગત અકસ્માત વીમા યોજના
v. વેપાર અને ઉદ્યોગ સંબંધિત કામગીરી સહાયતા સેવાઓ (ટીઆઇઆરએફએસએસ)
vi. ઘરેલું બજાર પ્રોત્સાહન યોજના
૭. આશા (સાહસિકતા અને કૃષિ – ઉદ્યોગના પ્રોત્સાહન માટે યોજના)
૮. પરંપરાગત ઉદ્યોગોના પુનઃસર્જન માટે ભંડોળની સુધારેલી યોજના (એસએફયુઆરટીઆઇ)

મંત્રાલય ઉત્પાદન ક્ષેત્રની સાથે સાથે સેવા ક્ષેત્રમાં નવા સૂક્ષ્મ સાહસો ઊભા કરવા માટે યુવા સાહસિકોની સહાયતા માટે વડાપ્રધાન રોજગારી સર્જન કાર્યક્રમ (પીએમઇજીપી) નામની ધિરાણ સંકલિત સબસિડી યોજનાનો અમલ કરી રહી છે. ૨૦૧૪-૧૬ (૮મી માર્ચ, ૨૦૧૬ સુધી) ૧,૧૨,૮૮૩ કાર્યક્રમોને મંજૂરી પ્રાપ્ત થઇ હતી. આ કાર્યક્રમો અંતર્ગત કુલ ૮,૭૧,૦૦૦ રોજગારીનું સર્જન થયું હતું. મંત્રાલય દ્વારા સંશોધન પ્રેરણા અને ગ્રામીણ સાહસિકતા માટેની એક યોજના (એએસપીઆઇઆરઇ) ૨૦૧૫ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ યોજના સંશોધન માટે સાહસિકતા અને શરૂઆત અને કૃષિ - ઉદ્યોગોમાં સાહસિકતાને ઉત્તેજન આપવા ટેક્નોલોજી કેન્દ્રો અને સંવર્ધન કેન્દ્રોનું નેટવર્ક ઊભું કરવા માટે રચવામાં આવી હતી. ASPIREનું આયોજિત પરિણામ ટેક્નોલોજી વેપાર સેવન કેન્દ્ર (ટીબીઆઇ), આજીવિકા વેપાર સેવન કેન્દ્રો (એલબીઆઇ) અને એસઆઇડીબીઆઇ સાથે આવી પહેલો માટે ભંડોળનું સર્જન કરવાનું છે.

એમએસએમઇ મંત્રાલય અને એસઆઇડીબીઆઇએ સૂક્ષ્મ અને લઘુ સાહસો માટે ધિરાણ બાંયધરી ભંડોળ યોજનાને અમલમાં મૂકવા માટે સૂક્ષ્મ અને લઘુ સાહસો માટે ધિરાણ બાંયધરી ભંડોળ ટ્રસ્ટ (સીજીટીએમએસઇ) યોજના શરૂ કરી છે. આ યોજનાનો હેતુ પ્રથમ પેઢીના સાહસિકોને તેમનું પોતાનું સૂક્ષ્મ અને લઘુ સાહસ એકમ શરૂ કરવાનું સ્વપ્ન સાકાર કરવા માટે જામીન - ત્રીજા પક્ષકારની બાંયધરીની મુશ્કેલી વગર બેન્ક ધિરાણ ઉપલબ્ધ કરાવવાનો છે.

મંત્રાલયે સપ્ટેમ્બર, ૨૦૧૫માં ઉદ્યોગ આધાર મેમોરેન્ડમની અધિસૂચના બહાર પાડી છે. આ ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ મૂળભૂત રીતે સાહસિકો માટે નોંધણીની પ્રક્રિયા સરળ કરાવવા માટે છે. ઉદ્યોગ આધાર મેમોરેન્ડમની નોંધણી એમએસએમઇ મંત્રાલય દ્વારા જાળવવામાં આવતું ઉદ્યોગ આધાર પોર્ટલ http://udyogaadhaar.gov.in ઉપર કરી શકાય છે. ઉદ્યોગ આધાર મેમોરેન્ડમની નોંધણી માટે કોઇ ફી વસૂલાતી નથી અને એક કરતાં વધારે ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ નોંધાવવા ઉપર કોઇ બાધ નથી. મેમોરેન્ડમની નોંધણી સ્વ-જાહેરાત આધારે કરી શકાય છે. અત્યાર સુધીમાં ૪.૧૭ લાખથી વધુ એમએસએમઇની નોંધણી થઇ ચૂકી છે.

કેટલાંક જટિલ ક્ષેત્રો પૈકીનું એક ક્ષેત્ર માર્કેટિંગ છે, જેમાં એમએસએમઇને સમસ્યાનો સામનો કરવો પડે છે. સમગ્ર વિશ્વમાં જાહેર ખરીદ પ્રક્રિયા એમએસએમઇ માટે મહત્ત્વનું બજાર છે. સરકારી ખરીદ પ્રક્રિયામાં ભાગ લેવા માટે સૂક્ષ્મ અને લઘુ સાહસોની સહાયતામાં વધારો કરવા માટે સરકારે એમએસઇ માટે જાહેર ખરીદ પ્રક્રિયા નીતિ જાહેર કરાઇ છે. આ નીતિ ૧લી એપ્રિલ, ૨૦૧૨થી અમલી બની છે. આ પોલિસી હેઠળ કોઇપણ સરકારી મંત્રાલય / વિભાગ / જાહેર ક્ષેત્રના સાહસો કુલ ખરીદ પ્રક્રિયાના ૨૦ ટકા ૩ વર્ષના સમગાળા બાદ ફરજિયાતપણે સૂક્ષ્મ અને લઘુ સાહસોમાંથી જ થવું જોઇએ. આ ઉપરાંત સમાજના તમામ વર્ગોનો સમાવેશ કરવાની બાબત ધ્યાન ઉપર રાખીને આ નીતિ અનુસુચિત જાતિઓ અને અનુસુચિત જનજાતિના વ્યક્તિઓની માલિકીના સાહસો પાસેથી કુલ ખરીદ પ્રક્રિયાના ૪ ટકા ખરીદીના અલગ લક્ષ્યાંકની જાહેરાત કરી છે.

ભારતીય ઉત્પાદન ઉદ્યોગોની સ્પર્ધાત્મકતામાં વધારો કરવા માટે રાષ્ટ્રીય ઉત્પાદન સ્પર્ધાત્મકતા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ યોજનાનો હેતુ એમએસએમઇ ક્ષેત્ર વધારે સ્પર્ધાત્મક બને તે માટે તેની સમગ્ર મૂલ્ય સાંકળમાં સુધારો કરવાનો છે. ક્યુએમએસ / ક્યુટીટી ઘટક હેઠળ રૂ.૪૩.૧૫ કરોડના કુલ ખર્ચે વર્ષ ૨૦૧૫ - ૧૬ દરમિયાન (૩૧મી જાન્યુઆરી, ૨૦૧૬ સુધી) કુલ ૫૨ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

દેશમાં ઉદ્યોગોની વૃદ્ધિમાં યોગ્ય પ્રેરકબળ પુરું પાડવાના પ્રયાસના ભાગરૂપે અને તેમાં પણ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોને મદદરૂપ થવાના હેતુસર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ

સાહસોના મંત્રાલયે (એમએસએમઇ) ૧૮ ટેક્નોલોજી કેન્દ્રો (ટીસી)ની સ્થાપના કરી છે. ટીસી ઉત્કૃષ્ટ ઓજારો અને ઓજાર અને બીબા બનાવટના ક્ષેત્રમાં સારી રીતે તાલીમબદ્ધ કારીગરો પૂરા પાડીને ભારતીય ઉદ્યોગોને મૂલ્યવાન સેવાઓ પૂરી પાડે છે. આ ટેક્નોલોજી કેન્દ્રોનો મુખ્ય હેતુ સંબંધિત ઉત્પાદન ક્ષેત્રોમાં ટેક્નોલોજીના હસ્તાંતરણ માટેની જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે માનવ સંશાધનો વિકસાવવાનો છે. આ કેન્દ્રો ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર તાલીમ અભ્યાસક્રમો પણ ચલાવી રહ્યાં છે.

સરકાર અવિરતપણે એમએસએમઇમાં વિકાસનો સંચાર કરી રહી છે. તાજેતરમાં જ સરકારે ૨૯.૦૫.૨૦૧૫ના રોજ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડીને માંદા એમએસએમઇની પુનર્જિવિત અને પુનઃસ્થાપિત કરવા માટે 'સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના પુનઃજીવિત અને પુનઃસ્થાપન માટે માળખું' જાહેર કરીને એક નવી પહેલ હાથ ધરી હતી.

૧૫મી ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્ટેન્ડ અપ ઇન્ડિયા પહેલની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના એસસી / એસટી અને મહિલા સાહસિકોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન પુરું પાડવાની પરિકલ્પના કરે છે. આ યોજના હેઠળ દેશની વસ્તીના સૌથી વધુ ઉપેક્ષિત ક્ષેત્રો સુધી પહોંચવા સંસ્થાકીય ધિરાણ માળખા ઊભું કરવાનું આયોજન ધરાવે છે. યોજના અંતર્ગત એસસી / એસટી / મહિલા ધિરાણદારો દ્વારા સ્થાપવામાં આવેલા હરિતક્ષેત્ર સાહસો માટે ૭ વર્ષ સુધીનો પુનઃચુકવણી સમયગાળો અને રૂ.૧૦ લાખથી રૂ.૧૦૦ લાખ સુધીની ધિરાણ સુવિધા પૂરી પાડે છે. સ્ટાર્ટ અપ ઇન્ડિયા યોજના પહેલનો હેતુ લોકોમાં સાહસિકતા ઉત્તેજિત કરવાનો છે. ઉપરાંત નવા સાહસોની વૃદ્ધિ માટે અનુકૂળ વાતાવરણનું સર્જન કરીને સંશોધન પ્રેરિત કરવામાં આવે છે. ભારતમાં સ્ટાર્ટ - અપને પ્રોત્સાહન પુરું પાડવા માટે સરકાર ગુણવત્તા ધારાધોરણો અને ટેક્નિકલ માપદંડોમાં કોઇપણ પ્રકારની રાહત વગર પૂર્વ અનુભવ / ટર્નઓવરની માપદંડમાંથી ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં થયેલા સ્ટાર્ટ -અપને મુક્તિ આપશે. આ યોજના હેઠળ લાભ મેળવવા સ્ટાર્ટ - અપ દ્વારા જરૂરિયાત અનુસાર કાર્યક્રમનો અમલ કરવાનો રહેશે અને ભારતમાં તેમનું પોતાનું ઉત્પાદન એકમ હોવું જરૂરી છે.

એક તરફ જ્યારે વિશ્વના મોટાભાગના દેશોની વસ્તીમાં વયોવૃદ્ધ લોકોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે ત્યારે ભારતનો સમાવેશ ૨૦૨૦ સુધીમાં વિશ્વના સૌથી યુવા દેશોમાં થવા જઇ રહ્યો છે. આથી અત્યારે યુવા પેઢીમાં રોકાણ કરવાનો શ્રેષ્ઠ સમય છે. ભારતની કુલ વસ્તીમાં યુવા શક્તિની સંખ્યા ૬૩ ટકા જેટલી થશે અને નોકરી અથવા સ્વ-રોજગારી મારફતે આ યુવાપેઢીને પોતાની આજીવિકા માટે અર્થપૂર્ણ કામગીરીની જરૂરિયાત રહેશે. સૌથી ક્રિયાશિલ અને ગતિશીલ યુવાનો દેશના સૌથી મૂલ્યવાન માનવ સંશાધનોની સાથે સાથે અસ્ક્યામતો છે. ભવિષ્યમાં રાષ્ટ્ર નિર્માણ માટે તેમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે અને તેમને ઉદ્યોગ માટે તૈયાર રહેવા માટે નોકરી અને યોગ્ય ઉછેરની જરૂરિયાત છે.


**એનઆઇ - એમએસએમઇની ભૂમિકાઃ**

વાસ્તવિક રીતે એનઆઇ - એમએસએમઇની રચના ૧૯૬૦માં ભારત સરકારના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય હેઠળ એક વિભાગ તરીકે કેન્દ્રિય ઔદ્યોગિક વિસ્તરણ તાલીમ સંસ્થા (સીઆઇઇટીઆઇ) તરીકે થઇ હતી. તે સમયે ધીમી અને અવરોધરૂપ વહીવટી નિયંત્રણો અને પ્રક્રિયાઓમાંથી તેને મુક્ત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેથી લઘુ સાહસોના પ્રોત્સાહન માટે તે સંસ્થા ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે. આથી, તે સંસ્થાને ૧૯૬૨માં હૈદરાબાદમાં ખસેડવામાં આવી હતી અને તેને લઘુ ઉદ્યોગ વિસ્તરણ તાલીમ (એસઆઇઇટી) સંસ્થાનું નવું નામ અપાયું હતું. બાદમાં બે દાયકાથી પણ વધુ સમય માટે તેને એસઆઇઇટી તરીકે ઓળખવામાં આવતી હતી અને ભારત સરકાર દ્વારા નિયુક્ત ગર્વનિંગ કાઉન્સિલ દ્વારા સંચાલન કરવામાં આવતું હતું. બાદમાં રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કર્યા બાદ તેનું નામ બદલીને એનઆઇ - એસઆઇઇટી કરવામાં આવ્યું અને બાદમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલયની દેખરેખ હેઠળ કેન્દ્રસ્થ તાલીમ, સંશોધન અને સલાહકારી પાંખ તરીકે ૨૦૦૭ પછી તેનું નામ બદલીને એનઆઇ-એમએસએમઇ કરવામાં આવ્યું. જોકે કેન્દ્રસ્થ સંસ્થા હોવા છતાં એનઆઇ - એમએસએમઇ હજુ પણ સ્વાયતતા અને નાણાકીય સ્વનિર્ભરતા ભોગવે છે.

સીએફટીસી (કોમનવેલ્થ ફંડ ફોર ટેક્નિકલ કો-ઓપરેશન), યુનેસ્કો (યુનાઇટેડ નેશન્સ એજયુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન), યુએનડીપી (યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ), ફોર્ડ ફાઉન્ડેશન, જર્મનીનું જીટીઝેડ, યુએસએઆઇડી (યુનાઇટેડ સ્ટેટ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ અને આઇએલઓ (ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન) જેવી અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે એનઆઇ - એમએસએમઇનું લાભદાયક જોડાણ ધરાવે છે. તે જુદી - જુદી રાજય સરકારો અને કેન્દ્ર સરકારોના મંત્રાલયોમાં એમએસએમઇ ક્ષેત્ર, આંતર કૌશલ અને કૌશલ્ય વર્ધન વગેરે જેવી બાબતો માટે વિવિધ પ્રકારની સલાહકારી સેવાઓ ઉપલબ્ધ કરાવી રહી છે.

**કાર્યકારી આયામ :**

- ઉદ્યોગ સાહસિકતા
- સમૂહ વિકાસ
- કૌશલ્ય વિકાસ
- સૂક્ષ્મ ધિરાણ
- વેપાર વિકાસ સેવા
- પેટા-ક્ષેત્ર વિકાસ




- **ક્ષમતા નિર્માણ :** એમએસએમઈ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરે સ્રોતપૂર્ણ રીતે વિકસાવવામાં આવ્યું છે (ટીઓટી - સાહસિકતા વિકાસ ઉપર મુખ્ય તાલીમકર્તા - માઈક્રોલૅબ, સાહસિકતા વિકાસ અને સંચાલન), રાજ્યોની ઈડીઆઈને સહાયતા માટે ક્ષમતા નિર્માણ પૂરું પાડે છે. સીએફસી (એમએસઈસીડીપી, એસએફયુઆરટીઆઈ) ની સ્થાપના અને સંચાલન ઉપર સમૂહ એસપીયુ માટે વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરે છે.

- **માહિતી પ્રસારણ અને જ્ઞાન સંચાલનઃ** આઈએસબીએન જનરલ એસઈડીએમઈનું સંચાલન, ઓનલાઈન અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે, નિયમિત પ્રકારનો (અંગ્રેજી, હિન્દી અને અન્ય ભારતીય સત્તાવાર ભાષાઓ) દ્વારા એમએસએમઈ યોજનાઓ ફેલાવો કરે છે. એમએસએમઈ ઈન્ફો પોર્ટલ દ્વારા તમામ હિત ધારકોને એમએસએમઈ સમાચારોથી અવગત રાખવાની કામગીરી કરે છે. સાહસિકોના લાભ માટે એમએસએમઈ યોજના અને પ્રોજેક્ટ પ્રોફાઈલ માટે ગૂગલ સ્ટોરમાં ઓનલાઈન એપ્લિકેશન (એપ) બનાવી છે.

- **સંશોધન અને નીતિ સમર્થનઃ** એમએસએમઈ ક્ષેત્રના નેતૃત્વ હેઠળ યોજાતા કાર્યક્રમો ઉપર જુદા-જુદા રાષ્ટ્રીય સ્તરના અભ્યાસો હાથ ધરે છે. પી.એચ.ડી. શિષ્યો માટે એમએસએમઈ સંશોધન શિષ્યવૃત્તિનું સંચાલન કરે છે. રાષ્ટ્રમાં સાહસિકતાને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારોને તેમના એમએસએમઈ વિભાગોનું (ડીઆઈ અને ડીઆઈસી) પુનઃસર્જન અને પુનઃઘડતર કરવાની સલાહ આપી છે.

- **એમએસએમઈમાં આંતરરાષ્ટ્રીય સહકારઃ** બિન-ખેતી આજીવિકા, સાહસિકતા વિકાસ, એમએસએમઈ ક્ષેત્ર વગેરે વિષયો ઉપર આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમો હાથ ધર્યા છે. એમએસએમઈના જુદા-જુદા પરિપ્રેક્ષ્યો ઉપર અત્યાર સુધીમાં આશરે ૧૦,૦૦૦ વિદેશી નાગરિકોને તાલીમ આપી છે.

- **નેટવર્કિંગઃ** કેન્દ્ર અને રાજ્ય સરકારોમાં એમએસએમઈ ક્ષેત્ર સંબંધિત જુદી-જુદી સમિતિઓમાં પ્રતિનિધિત્વ કરે છે. ઉપરાંત સીઓડબલ્યુઈ, એએલઈએપી, ડીઆઈસીસીઆઈ સહિત એમએસએમઈ સંગઠનોના પ્રોત્સાહન અને સશક્તિકરણની કામગીરી કરે છે. આરબીઆઈ દ્વારા સ્થાનિક એસએલબીસી સભ્ય તરીકે પણ નામાંકન કરાયું છે. ડબલ્યુટીસી, બીએમઓ, રાજ્ય સરકારો, ઉદ્યોગ સંગઠનો અને અન્ય હિત ધારકો સાથે નેટવર્કિંગ કરે છે.

- **સમૂહોનું મેપિંગ** - સમૂહ પ્રારંભ, વિકાસ, ટેક્નોલોજી આધુનિકીકરણ, પી-પી-પી મોડલ દ્વારા સીએફસીના નિર્માણ માટે રાજ્ય સરકારોને નિર્દેશન આપે છે. જુદા-જુદા સમૂહોમાં એસપીવીના સર્જન માટે કેન્દ્રવર્તી સંસ્થા તરીકે કામગીરી કરે છે અને ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે ટેક્નોલોજી અને અન્ય ભાગીદારો અને તેમની કામગીરીનું નિરીક્ષણ કરે છે.

- **આજીવિકા વેપાર સંવર્ધનઃ** જુદા-જુદા આઠ વેપાર સાથે આજીવિકા વેપાર સંવર્ધન કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે જે સાહસિકોને ટકાઉ આજીવિકા તરફ દોરી જાય છે અને તેમને શરૂઆતથી અંત સુધી બૅન્ક જોડાણ અને નાણાકીય સમાવેશ ઉપલબ્ધ કરાવે છે.

સંસ્થાએ ૨૦૧૫ - ૧૬ સુધી ૧૪,૦૩૪ કાર્યક્રમોનું આયોજન કરીને ૪,૬૨,૩૯૩ સ્પર્ધકોને તાલીમ પુરી પાડી છે જેમાં સંભવિત - વર્તમાન સાહસિકો અને ભારત સરકાર અને રાજ્ય સરકારોના વિવિધ વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે. સંસ્થા ૧૯૭૬થી ભારત સરકારના વિદેશ બાબતોના મંત્રાલયની આઈટીઈસી યોજનાનું અમલીકરણ કરી રહી છે. પ્રારંભથી અત્યાર સુધીમાં સંસ્થાએ ૧૪૨ વિકાસશીલ દેશોના ૯,૪૫૦ આંતરરાષ્ટ્રીય અધિકારીઓને તાલીમ આપી છે અને ૯૦૯ સંશોધન અને સલાહકારી કાર્યક્રમો પૂર્ણ કર્યા છે. આ વારસો ટકાવી રાખવા સંસ્થા ખંતપૂર્વક કાર્યરત રહેશે.


ચંદ્રશેખર રેડ્ડી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ, હૈદ્રાબાદ, તેલંગણાના ડિરેક્ટર જનરલ છે. તેમણે ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને કેટલીક રાજ્ય સરકારોને ક્લસ્ટર ડેવલપમેન્ટની યોજના ઘડવામાં સહયોગ પૂરો પાડ્યો છે. શ્રી રેડ્ડીએ ઘણાં પુસ્તકો પણ લખ્યા છે.

**E-mail: dg@nimsme.rog**

# સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ગુણવત્તા પ્રમાણપત્ર

ડૉ. જતિન્દર સિંહ

QMS

વૈશ્વિક સ્પર્ધાએ કોઈપણ ઉદ્યોગોમાં તીવ્ર સંઘર્ષ પેદા કર્યો છે. એમએસએમઈમાં બજારની બદલાતી પરિસ્થિતિઓ અને સ્પર્ધામાં વૈશ્વિક પડકારોને લવચિક રીતે અપનાવવાની ક્ષમતા છે. એમએસએમઈસ ભારતીય અર્થતંત્ર માટે વૃદ્ધિનું ચાલક બળ છે, કારણ કે આ સેક્ટર દેશના બધા જ ભાગોમાં ઉદ્યોગ સાહસિક્તાનો ફેલાવો કરે છે. દેશના જીડીપીમાં એમએસએમઈ સેક્ટરનું યોગદાન ૮ ટકા, ઔદ્યોગિક ઉત્પાદનનું ૪૫ ટકા અને દેશની નિકાસોનું યોગદાન ૪૦ ટકા છે. આ સેક્ટરમાં સંકલનતા માટે ભારત સરકાર જે પ્રયાસો કર્યા છે તે ખૂબ જ પ્રશંસનીય છે. સરકારે મહિલાઓ, અનૂસુચિત જાતિ, અનૂસુચિત જનજાતિ, ગરીબ વર્ગ, દિવ્યાંગો સહિતના ઉદ્યોગ સાહસિકો માટે વિવિધ યોજનાઓ રજૂ કરી છે. સરકાર દ્વારા નવા ઉદ્યોગો સર્જવા માટે તેમને સક્ષમ બનાવવા આ યોજનાઓ રજૂ કરાઈ છે.

વર્તમાન સમયમાં વિશ્વ એક પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આ તબક્કામાં માઈક્રો અને મેક્રો અર્થતંત્રોની સમસ્યાઓના ઉકેલ માટે વૈશ્વિક અભિગમ અપનાવવાની માગ થઈ રહી છે. ભારતમાં એમએસએમઈ સેગ્મેન્ટનું એવું મુખ્ય જૂથ છે જ્યાં સક્રિય નીતિઓના પીઠબળે પ્રતિભા અને ટેક્નોલોષ્ટ્ આપણા રાષ્ટ્રના આર્થિક અને સામાજિક માળખાને વિસ્તૃત બનાવી શકે છે. નીતિ ઘડવૈયાઓના દષ્ટિકોણથી નવી રોજગારી ઉપરાંત નવી સેવાઓ, ઉત્પાદનો, પ્રક્રિયાઓ અને ઉદ્યોગની મોડેલની નવીનતાઓ રજૂ કરવા માટે એમએસએમઈનો વિકાસ મહત્ત્વપૂર્ણ અને આવશ્યક છે. ગુણવત્તાપૂર્ણ મેનેજમેન્ટ વ્યવસ્થા, નેટવર્કિંગ અને મોટા ઉદ્યોગો સાથે સંબંધો મારફત તે શુદ્ધ અને વ્યાપક સ્તર પર ઔદ્યોગિક ક્ષેત્રે નવીન ઉત્પાદનોનું ઉત્પાદન કરી શકે છે. નિકાસમાં મજબૂત રીતે પગ જમાવવા માટે સ્પર્ધાત્મક બજારોમાં ગુણવત્તા પ્રમાણપત્ર અત્યંત મહત્ત્વનું બની ગયું છે. ગુણવત્તા પ્રમાણપત્રો હવે મોટા ઉદ્યોગો સુધી મર્યાદિત રહ્યા નથી, એમએસએમઈસ તેમની જરૂરિયાતો મુજબ તે સ્વીકારવા માટે વધુ ને વધુ પ્રમાણમાં આગળ આવી રહ્યા છે.

એમએસએમઈસ માટે સ્પર્ધાત્મક લાભ ઊંચી ઉત્પાદક્તા અને નફાકારક્તામાં પ્રતિપાદિત થાય છે. નાના ઉદ્યોગોના ઉત્પાદનની ગુણવત્તા વૈશ્વિક માપદંડોને અનુરૂપ હોય તો જ ઉદ્યોગ ઊચ્ચ કાર્યક્ષમતા અને ટકાઉ નફો વિકસાવી શકે છે. એમએસએમઈસની સ્પર્ધાત્મક્તા વિકસાવવા માટે ગુણવત્તા અને ટેક્નોલોજી અપગ્રેડેશન ખૂબ જ મહત્ત્વના પરિબળો છે. ટેક્નોલોજી અને ગુણવત્તાના સાતત્યપૂર્ણ અપગ્રેડેશન માટે મોટા ઉદ્યોગ ગૃહો પાસે નાંણાં અને સંશાધનો છે. જ્યારે એમએસએમઈસ પાસે સંશાધનો અને ભંડોળની ઉપલબ્ધતા મર્યાદિત હોવાથી તેઓ પોતાને અપગ્રેડ કરવામાં મુશ્કેલી

*વૈશ્વિક સ્પર્ધાએ કોઈપણ ઉદ્યોગોમાં તીવ્ર સંઘર્ષ પેદા કર્યો છે. એમએસએમઈમાં બજારની બદલાતી પરિસ્થિતિઓ અને સ્પર્ધામાં વૈશ્વિક પડકારોને લવચિક રીતે અપનાવવાની ક્ષમતા છે. એમએસએમઈસ ભારતીય અર્થતંત્ર માટે વૃદ્ધિનું ચાલક બળ છે, કારણ કે આ સેક્ટર દેશના બધા જ ભાગોમાં ઉદ્યોગ સાહસિક્તાનો ફેલાવો કરે છે. દેશના જીડીપીમાં એમએસએમઈ સેક્ટરનું યોગદાન ૮ ટકા, ઔદ્યોગિક ઉત્પાદનનું ૪૫ ટકા અને દેશની નિકાસોનું યોગદાન ૪૦ ટકા છે. આ સેક્ટરમાં સંકલનતા માટે ભારત સરકાર જે પ્રયાસો કર્યા છે તે ખૂબ જ પ્રશંસનીય છે. સરકારે મહિલાઓ, અનૂસુચિત જાતિ, અનૂસુચિત જનજાતિ, ગરીબ વર્ગ, દિવ્યાંગો સહિતના ઉદ્યોગ સાહસિકો માટે વિવિધ યોજનાઓ રજૂ કરી છે. સરકાર દ્વારા નવા ઉદ્યોગો સર્જવા માટે તેમને સક્ષમ બનાવવા આ યોજનાઓ રજૂ કરાઈ છે.*

અનુભવી રહ્યા છે. આમ, તેમની બિન સ્પર્ધાત્મક્તાના કારણે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ સ્તર પર આવીને તેઓ વિકાસ કરવા સક્ષમ હોતા નથી. આર્થિક વિકાસ માટે એમએસએમઈસના મહત્ત્વને સમજતાં એમએસએમઈ મંત્રાલય નાના ઉદ્યોગોની સ્પર્ધાત્મક્તા વધારવા માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો મારફત એમએસએમઈસમાં ઉત્પાદનના ગુણવત્તા અને ટેક્નોલોજીના પાસાનો ઉકેલ લાવ્યો છે.

**કોઈ સંસ્થા માટે ગુણવત્તા પ્રમાણપત્રના લાભ નીચે મુજબ છે :**

- માન્યતા અને બ્રાન્ડની પ્રતિષ્ઠા
- સતત સુધારણા
- ધ્યાન જાળવી રાખવું.
- આત્મવિશ્વાસ
- કર્મચારીઓને સંતોષ અને જોડાણ

**ભારત સરકારના ગુણવત્તા પ્રમાણપત્ર માટેની વિવિધ યોજનાઓ નીચે મુજબ રાષ્ટ્રીય ઉત્પાદન સ્પર્ધાત્મકતા કાર્યક્રમ (એનએમસીપી)** - આ કાર્યક્રમ હેઠળ ૧૦ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે, જેમાં એસએમઈસ માટે આઈસીટીના પ્રમોશન, મિનિ ટૂલ રૂમ, ડિઝાઈન ક્લિનિક્સ અને માર્કેટિંગ સહાયનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમો ઉત્પાદન ક્ષેત્રને ક્વૉલિટી મેનેજમેન્ટ સ્ટાન્ડર્ડ અને ક્વૉલિટી ટેક. ટૂલ્સ (ક્યુએમએસ/ક્યુટીટી) મારફત સ્પર્ધાત્મક બની રહેવા સક્ષમ બનાવે છે.

**એમએસએમઈસને ટેક્નોલોજી અને ગુણવત્તા સુધારા સહાય** - આ યોજના ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને સ્વચ્છ વિકાસ વ્યવસ્થા અપનાવવા માટે ઉત્પાદન એકમોમાં એનર્જી એફિશિયન્ટ ટેક્નોલોજીના ઉપયોગની ભલામણ કરે છે.

**ઝેડ (ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ) પ્રમાણપત્ર યોજનામાં એમએસએમઈસને નાણાકીય સહાય** - આ યોજના ક્વૉલિટી ટૂલ્સ અને એનર્જી એફિશિયન્ટ ઉત્પાદન પ્રક્રિયા અપનાવીને એમએસએમઈસમાં ઝીરો ડિફેક્ટ ઉત્પાદન માટે ઈકોસિસ્ટમ વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. આ યોજના મેક ઈન ઈન્ડિયા અભિયાનને પણ સહાય કરે છે. આ યોજના હેઠળ એમએસએમઈસએ કોન્ટ્રાક્ટ મેળવવા માટે સુવર્ણ, રજત અથવા કાંસ્ય ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવા સ્પર્ધા કરવાની રહે છે. આ યોજનાનો આશય એમએસએમઈસને સ્વચ્છ ટેક્નોલોજીના ઉપયોગથી ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ઉત્પાદનો પૂરા પાડવા માટે તૈયાર કરવાનો છે. ઝેડ પ્રમાણપત્ર માટે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે એમએસએમઈસને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે, જેમાં કન્સલટન્ટ્સ દ્વારા એમએસએમઈસના રેટિંગમાં સુધારા માટે મૂલ્યાંકન / રેટિંગ, ગેપ વિશ્લેષણ, હેન્ડ હોલ્ડિંગ અને કન્સલ્ટન્સીનો સમાવેશ થાય છે. ઝેડ મેચ્યોરિટી એસેસમેન્ટ મોડેલ હેઠળ ઝેડ રેટિંગ માટે ૫૦ માપદંડો છે અને ઝેડ ડિફેન્સ રેટિંગ માટે વધુ ૨૫ માપદંડો છે. ઝેડના અમલ માટે ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ક્યુસીઆઈ)ની નેશનલ મોનિટરિંગ એન્ડ ઈમ્પ્લિમેન્ટિંગ યુનિટ (એનએમઆઈયુ) તરીકે નિમણૂક કરવામાં આવી છે. ક્યુસીઆઈનો આશય ઝેડ યોજના હેઠળ કાંસ્ય સ્તર સાથે ઓછામાં ઓછા ૨૨,૦૦૦ એમએસએમઈસને પ્રમાણિત કરવાનો છે. ક્યુસીઆઈએ સરકાર અને ઉદ્યોગ સાથે સંયુક્ત રીતે એક નેશનલ એક્રેડિશન સ્ટ્રક્ચરની સ્થાપના કરી છે અને માપદંડોને પ્રોત્સાહન આપે છે.

**આ યોજના નીચે મુજબ છે :**

| પ્રવૃત્તિ | કુલ ખર્ચ | ભારત સરકાર દ્વારા સહાય | સબસિડી બાદ અરજદારને અસરકારક ખર્ચ |
|---|---|---|---|
| નોંધણી | મફત | એનએ | મફત |
| ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન | મફત | એનએ | મફત |
| ડેસ્કટોપ મૂલ્યાંકન | રૂ. ૧૦,૦૦૦/- | માઈક્રો ૮૦ % | રૂ. ૨,૦૦૦/- |
| | | લઘુ ૬૦ % | રૂ. ૪,૦૦૦/- |
| | | મધ્યમ ૫૦ % | રૂ. ૫,૦૦૦/- |
| સ્થળ મૂલ્યાંકન | રૂ. ૮૦,૦૦૦/- | માઈક્રો ૮૦ % | રૂ. ૧૬,૦૦૦/- |
| | | લઘુ ૬૦ % | રૂ. ૩૨,૦૦૦/- |
| | | મધ્યમ ૫૦ % | રૂ. ૪૦,૦૦૦/- |
| પુનઃ મૂલ્યાંકન | રૂ. ૪૦,૦૦૦/- | માઈક્રો ૮૦ % | રૂ. ૮,૦૦૦/- |
| | | લઘુ ૬૦ % | રૂ. ૧૬,૦૦૦/- |
| | | મધ્યમ ૫૦ % | રૂ. ૨૦,૦૦૦/- |
| સંરક્ષણ મૂલ્યાંકન | રૂ. ૪૦,૦૦૦/- | માઈક્રો ૮૦ % | રૂ. ૮,૦૦૦/- |
| | | લઘુ ૬૦ % | રૂ. ૧૬,૦૦૦/- |
| | | મધ્યમ ૫૦ % | રૂ. ૨૦,૦૦૦/- |
| ગેપ એસેસમેન્ટ અને હેન્ડ હોલ્ડિંગ | રૂ.૧,૯૦,૦૦૦/- | માઈક્રો ૮૦ % | રૂ. ૩૮,૦૦૦/- |
| | | લઘુ ૬૦ % | રૂ. ૭૬,૦૦૦/- |
| | | મધ્યમ ૫૦ % | રૂ. ૯૫,૦૦૦/- |

સ્રોત : ક્યુસીઆઈ

**ગુણવત્તા પ્રમાણપત્રો** - આઈએસઓ સર્ટિફિકેશન આસિસ્ટન્સ - આઈએસઓ ૯૦૦૧ વ્યાપક રીતે વિશ્વની સૌથી માન્ય ક્વૉલિટી મેનેજમેન્ટ સિસ્ટમ (ક્યુએમએસ) છે. તે સંસ્થાઓને અપેક્ષાઓ અને તેમના ગ્રાહકો તથા હિસ્સેદારો અને અન્ય

લાભાર્થીઓની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થાય છે. આઈએસઓ ૯૦૦૧ ક્વૉલિટી મેનેજમેન્ટ સિસ્ટમ સાતત્યપૂર્ણ કામગીરી અને સેવાઓને હાંસલ કરવા માટે તમામ કામગીરીની ગુણવત્તાને સતત નિરીક્ષણ અને સંચાલિત કરવામાં મદદરૂપ થાય છે. આ એક વ્યવસ્થાપન ટૂલ છે, જે એક ઉદ્યોગ માટે બધી જ કામગીરીમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપે છે. આ માપદંડો ક્વૉલિટી મેનેજમેન્ટ સિસ્ટમ્સ (ક્યુએમએસ)ના સંબંધમાં છે અને તે સંસ્થાને બધા જ હિસ્સેદારોની જરૂરિયાત પૂરી કરવા માટે ગુણવત્તાના માપદંડો પૂરા કરવામાં મદદરૂપ થવા ડિઝાઈન કરાઈ છે. આઈએસઓ આંતરરાષ્ટ્રીય માપદંડો એમએસએમઈસને વધુ અસરકારક રીતે કામ કરવામાં મદદરૂપ થાય છે, કારણ કે તે મોટાભાગની ઉત્પાદન કંપનીઓ માટેના માપદંડ બની ગયા છે. આઈએસઓ ૯૦૦૧ માપદંડોના અમલીકરણમાં આંતરિક અને બાહ્ય હિસ્સેદારોના સહકાર અને પ્રતિસાદનો સમાવેશ થાય છે. સંસ્થા ક્વૉલિટી મેનેજમેન્ટ સિદ્ધાંતોના અમલીકરણ પહેલાં તેની સંપૂર્ણપણે આકારણી કરે છે. ગુણવત્તા પ્રમાણપત્ર માટે વિવિધ રાજ્ય સરકારો દ્વારા નાણાકીય સહાયના અલગ અલગ ફોર્મ્સ પૂરા પાડવામાં આવે છે. ગુજરાત સરકારે એમએસએમઈસ માટે નીચે મુજબની યોજના બનાવી છે.

**યોગ્યતા ખર્ચ :**

ગુણવત્તા પ્રમાણપત્રો જેવા કે આઈએસઆઈ/ડબ્લ્યુએચઓ/જીએમપી/હોલમાર્ક પ્રમાણપત્ર અને ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ક્યુસીઆઈ) ઈઆરપી અને આઈએસઓ સર્ટિફિકેશન દ્વારા માન્ય અન્ય રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર મેળવવા માટે એક યોગ્ય એન્ટરપ્રાઈઝને થતો દરેક ખર્ચ માન્ય રહેશે. (તેમાં પ્રમાણપત્રના નવીનીકરણ ખર્ચનો સમાવેશ થતો નથી.)

**યોગ્ય ખર્ચમાં સામેલ થાય છે :**

- સર્ટિફિકેશન એજન્સી દ્વારા થતી ફીનો ખર્ચ
- ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ દ્વારા માન્ય એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ઈઆરપી) સિસ્ટમ સર્વિસીસ પ્રોવાઈડર
- પ્રમાણપત્ર માટે જરૂરી પરિક્ષણ સાધનોનો ખર્ચ
- સાધનોનો કેલિબ્રેશન ચાર્જ
- આઈએસઓ પ્રમાણપત્ર (ટ્રાવેલ, હોટેલ અને સર્વેલન્સ ચાર્જીસ સિવાય) મેળવવા માટેની કન્સલ્ટિંગ ફીનો ચાર્જ
- ઈઆરપી મોડ્યુલ ઈન્સ્ટોલ હોય ત્યાં ઉત્પાદન આયોજન, સામગ્રી ખરીદી, ઈન્વેન્ટરી નિયંત્રણ, વિતરણ, એકાઉન્ટિંગ, માર્કેટિંગ, ફાઈનાન્સ અને એચ.આર. (બધી જ સુવિધાઓ સર્વર લિંકેજ સાથે નેટવર્કિંગ દ્વારા જોડાયેલી હોવી જોઈએ.) જેવી બધી જ સુવિધાઓ માટે પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ.

**ઉપલબ્ધ સહાયતા :**

એન્ટરપ્રાઈઝ સામૂહિક રીતે અથવા વ્યક્તિગત રીતે નીચે દર્શાવ્યા મુજબની પ્રત્યેક યોજના હેઠળ સહાયતા માટે લાયક બની શકે છે.

**૧. ઈઆરપી સિસ્ટમ :**

ઈન્ડસ્ટ્રીઝ કમિશનર કચેરી દ્વારા પૂરા પાડવામાં આવેલી માન્ય ઈઆરપી સેવાઓની ઈઆરપી સિસ્ટમ સ્થાપિત કરવા માટેના મૂડી ખર્ચના ૫૦ ટકાથી મહત્તમ રૂ. ૫૦,૦૦૦/-ની રકમ સુધી.

**૨. આઈએસઓ પ્રમાણપત્ર :**

આઈએસઓ પ્રમાણપત્ર મેળવવાની કન્સલ્ટિંગ ફી માટેની સહાય ૫૦ ટકાથી મહત્તમ રૂ. ૫૦,૦૦૦/-ની રકમ સુધી.

**૩. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર:**

ડબ્લ્યુએચઓ જીએમપી, હોલમાર્ક પ્રમાણપત્ર અને અન્ય રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર માટે ચૂકવવામાં આવેલ બધી જ ફીના ૫૦ ટકાથી મહત્તમ રૂ. ૫ લાખ સુધીની રકમ.

ગુણવત્તા પ્રમાણપત્ર મેળવ્યા પહેલા ખરીદવામાં આવેલા પરિક્ષણ સાધનો અને જરૂરી મશીનરીના ખર્ચના ૫૦ ટકાથી મહત્તમ રૂ. ૧૦ લાખની રકમ પ્રમાણપત્ર મળ્યાની તારીખ અથવા કાર્યકારી સમય બેમાંથી જે પહેલા હશે તે મુજબ નાંણાં ચૂકવાશે.

- ૫૦ ટકા ફીની ચૂકવણી પ્રમાણિત આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર સંસ્થાને.
- જીઓઆઈ યોજનાની જેમ આ યોજના પૂરક છે. જોકે, ગુજરાત સરકાર અને ભારત સરકારની કુલ સહાય સૂચિત હેતુ માટે એમએસએમઈ દ્વારા કરવામાં આવેલા વાસ્તવિક ખર્ચ કરતાં વધુ હોવી જોઈએ.

સ્રોત : ઈન્ડસ્ટ્રીઝ કમિશનર કચેરી, ગુજરાત સરકાર

**આગળનો માર્ગ :**

ભારતે આગામી દાયકામાં વૃદ્ધિદર ૮-૧૦ ટકા લઈ જવો હશે તો એમએસએમઈ સેક્ટરને મજબૂત અને વાઈબ્રન્ટ બનાવવું પડશે, જે વૈશ્વિક પડકારોનો સામનો કરી શકે. એમએસએમઈ સેક્ટરે છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૧૮ ટકાથી વધુની વૃદ્ધિ નોંધાવી છે. પ્રોપરાઈટર્સ / આંત્રપ્રિન્યોર્સે તેમની સંસ્થાની સંસ્કૃતિમાં ગુણવત્તાપૂર્ણ માનસિક્તાનો અભિગમ વિકસાવવાની જરૂર છે. વસ્તીની દૃષ્ટિએ આપણે વૈવિધ્યસભર રાષ્ટ્ર છીએ. એમએસએમઈ જૂથો વ્યાપક સ્તરે ફેલાયેલા છે અને સમાનરૂપે વહેંચાયેલા નથી. એમએસએમઈસનું સેન્સિટાઈઝેશન અને હેન્ડહોલ્ડિંગ પ્રમાણપત્રના અપગ્રેડેડ સ્તર પર છે, જે આજની તાતી જરૂર છે. ભારતીય એમએસએમઈસમાં વૈશ્વિક ઉદ્યોગોનો સામનો કરવાની ક્ષમતા છે. જોકે, આ સ્પષ્ટતા સાથે એમએસએમઈસએ ગુણવત્તા પ્રમાણપત્રો અને આરએન્ડડીમાં રોકાણ કરવાની જરૂર છે. વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક એમએસએમઈસ દ્વારા ટકાઉ ઉકેલો લાવીને ઉદ્યોગની જરૂરિયાતો અને પડકારોનો સામનો કરી શકાય છે.

લેખક પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નવી દિલ્હીના સિનિયર સેક્રેટરી અને એચઆર હેડ છે તેમજ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સીએસઆર, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોમાં મૂલ્યવર્ધન અને વ્યૂહરચનાની વિવિધ પહેલ અંગે છેલ્લા ૧૮ વર્ષનો અનુભવ ધરાવે છે. તે સાયન્સ અને ટેકનોલોજી મંત્રાલય DSIR-A2K માટેની ટેકનિકલ એડવાઈઝરી કમિટી (TAC) ના સભ્ય છે. તેમણે ઘણાં પુસ્તકો પણ લખ્યા છે.

**E-mail: jatinder@phdcci.in**

# ભારતમાં એમએસએમઈને ધિરાણના પડકારો

**અનિલ ભારદ્વાજ**



*એમએસએમઈ માટે ધિરાણની માગ મોટા પાયે પૂર્ણ થતી નથી. એમએસએમઈ ક્ષેત્રમાં કુલ રૂ. ૩૨.૫ લાખ કરોડ (૬૫૦ અબજ ડોલર)નાં ધિરાણની જરૂર છે. તેમાંથી ઋણની માગ રૂ. ૨૬ લાખ કરોડ (૫૨૦ અબજ ડોલર) અને ઈક્વિટી માગ રૂ. ૬.૫ લાખ કરોડ (૧૩૦ અબજ ડોલર) છે. એમએસએમઈમાં કુલ બાકી નીકળતું બૅંક ધિરાણ અંદાજે રૂ. ૧૦. ૩૪ લાખ કરોડ (ટેબલ) છે, જે આશરે ૨ લાખ કરોડ લોન ખાતામાં વધીને રૂ. ૧૧ લાખ કરોડ (માર્ચ ૨૦૧૬) થવાનો અંદાજ છે. આ અંદાજથી વિપરિત એમએસએમઈની કુલ સંખ્યા ૫ કરોડ અને અંદાજિત જરૂરિયાત રૂ. ૨૬ લાખ કરોડ છે.*
*તે સ્પષ્ટ છે કે વર્તમાન નાણાકીય માળખું મોટી સંખ્યામાં એમએસએમઈ સેગ્મેન્ટ સુધી સેવા આપતું નથી.*
*અનેક એમએસએમઈ સંસ્થાગત ધિરાણ વ્યવસ્થામાંથી શા માટે બાકાત રહે છે? મારું માનવું છે કે આ માટે પુરવઠા અને માંગ એમ બંને જવાબદાર છે.*

વિશ્વમાં મોટા ભાગનાં અર્થતંત્રોમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (એમએસએમઈ)ને કરોડરજ્જુ સમાન ગણવામાં આવે છે. દરેક આ ઉદ્યોગોનાં પ્રદાનને સ્વીકારે છે, જે સમાજમાં સામાજિક-આર્થિક, રાજકીય અને ટૅક્નોલૉજીકલ પાસામાં નોંધપાત્ર પ્રદાન કરે છે. સાથે સાથે એવી સર્વસંમતિ પ્રવર્તે છે કે એમએસએમઈ દરેક જગ્યાએ ધિરાણ મેળવવામાં અનેક અવરોધોનો સામનો કરે છે. વિકસિત દેશોથી ગરીબ વિકાસશીલ દેશમાં આ અવરોધો વધતા-ઓછા હોઈ શકે છે, છતાં તમામ એમએસએમઈને ભંડોળની ખેંચનો સામનો કરવો પડે છે એ હકીકત છે. આઈએફસી/મેકિન્સી દુનિયાભરમાં ઔપચારિક અને અનૌપચારિક એમએસએમઈને ૩.૯ ટ્રિલિયન ડોલરનાં ધિરાણની ખેંચનો અંદાજ વ્યક્ત કરે છે, જેમાં ૨.૧થી ૨.૬ ટ્રિલિયન ડોલર વિકાસશીલ બજારોમાં છે.

**ભારતમાં એમએસએમઈની ઝડપી સમીક્ષા**

ભારતની વાત કરીએ તો અહીં એમએમએમઈને પ્લાન્ટ અને મશીનરી (જમીન અને બિલ્ડિંગને બાદ કરતાં)માં રોકાણને આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જ્યારે અન્ય મોટા ભાગનાં દેશોમાં ટર્નઓવર કે રોજગારીને આધારે પરિભાષિત કરવામાં આવે છે.

**ટેબલઃ એમએસએમઈની પરિભાષા**

| કેટેગરી | ઉત્પાદન (રૂ.માં) (પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ) | સેવાઓ (રૂ.માં) (ઉપકરણમાં રોકાણ) |
|---|---|---|
| **સૂક્ષ્મ** | ૨૫ લાખથી વધારે નહી | ૧૦ લાખથી વધારે નહી |
| **લઘુ** | ૨૫ લાખથી વધારે, પણ ૫ કરોડથી વધારે નહી | ૧૦ લાખથી વધારે, પણ ૨ કરોડથી વધારે નહી |
| **મધ્યમ** | ૫ કરોડથી વધારે, પણ ૧૦ કરોડથી વધારે નહી | ૨ કરોડથી વધારે, પણ ૫ કરોડથી વધારે નહી |

અમે કયો ડેટા પસંદ કર્યો છે એને ગણતરીમાં ન લઈએ તો પણ સ્પષ્ટ છે કે એમએસએમઈ માટે ધિરાણની માગ મોટા પાયે પૂર્ણ થતી નથી. એમએસએમઈ ક્ષેત્રમાં કુલ રૂ. ૩૨.૫ લાખ કરોડ (૬૫૦ અબજ ડોલર)નાં ધિરાણની જરૂર છે. તેમાંથી ઋણની માગ રૂ. ૨૬ લાખ કરોડ (૫૨૦ અબજ ડોલર) અને ઈક્વિટી માગ રૂ. ૬.૫ લાખ કરોડ (૧૩૦ અબજ ડોલર) છે.

એમએસએમઈમાં કુલ બાકી નીકળતું બૅંક ધિરાણ અંદાજે રૂ. ૧૦. ૩૪ લાખ કરોડ

| વર્તમાન કિંમતે ઉત્પાદન ક્ષેત્રનું ઉત્પાદન | | | આધારભૂ ત વર્ષ 2011-12 માટે સતત કિંમતે જીવીએ/જીડીપીમાં એમએસએમઇ જીવીએનો હિસ્સો (%) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | એમએસએમ ઇ ઉત્પાદન આઉટપુટ 1 (રૂ. કરોડમાં) | કુલ ઉત્પાદન આઉટપુટમાં ઉત્પાદન ક્ષેત્રનાં ઉત્પાદનનો હિસ્સો (%) | એમએસએમઇ ઉત્પાદન ક્ષેત્ર | | એમએસએમઇ સેવા ક્ષેત્ર | | કુલ | |
| | | | જીવી એમાં | જીડીપી માં | જીવી એમાં | જીડી પીમાં | જીવી એમાં | જીડીપી માં |
| 2011-12 | 2167110 | 33.12 | 6.64 | 6.16 | 25.66 | 23.81 | 32.29 | 29.97 |
| 2012-13 | 2385248 | 33.22 | 6.77 | 6.27 | 26.05 | 24.13 | 32.89 | 30.40 |
| 2013-14 | 2653329 | 33.27 | 6.79 | 6.27 | 26.40 | 24.37 | 33.19 | 30.64 |
| 2014-15 | 2783433 | 33.40 | 6.63 | 6.11 | 26.72 | 24.63 | 33.34 | 30.74 |

ચોથા એમએસએમઇ ગણતરી (૨૦૦૬-૦૭) અને છઠ્ઠા ઇકોનોમિક ગણતરી (૨૦૧૩)નાં આધારે તથા કેન્દ્રિય એમએસએમઇ મંત્રાલયનાં વાર્ષિક રિપોર્ટ (૨૦૧૬-૧૭)નાં અંદાજ મુજબ ભારતમાં ૫.૧૩ કરોડ એમએસએમઇ છે, જે ૧૧.૧ કરોડ લોકોને રોજગારી આપે છે.

ભારતનાં ઉત્પાદન ક્ષેત્રનાં ઉત્પાદનમાં એમએસએમઇનું પ્રદાન અને એમએસએમઇ ગ્રોસ વેલ્યુ એડ નીચે મુજબ છેઃ

**એમએસએમઇને કુલ બૅંક ધિરાણનો પ્રવાહ (બાકી ધિરાણ રૂ. કરોડમાં)**

| વર્ષ (છેલ્લું રિપોર્ટિંગ શુક્રવાર ) | સરકારી ક્ષેત્રની બૅંકો | ખાનગી ક્ષેત્રની બૅંકો | વિદેશી બૅંકો | તમામ શીડ્યુલ્ડ વાણિજ્યિક બૅંકો |
|---|---|---|---|---|
| માર્ચ 2012 | 5,33,279.29 | 1,24,725.66 | 23,300.71 | 6,81,305.66 |
| માર્ચ 2013 | 6,43,525.02 (20.7%) | 1,82,247.82 (46.1%) | 43,251.30 (85.6%) | 8,69,024.14 (27.6%) |
| માર્ચ 2014 (કામચલાઉ) | 7,54,391.07 (17.2%) | 2,46,025.76 (35.0%) | 34,359.17 (-20.6%) | 10,34,775.99 (19.1%) |

સ્ત્રોતઃ આરબીઆઈ

નોંધઃ કૌસમાં રહેલાં આંકડા વાર્ષિક ધોરણે %માં વધારો/ઘટાડો દર્શાવે છે

**એમએસએમઇ માટે કુલ બિનકાર્યક્ષમ એસેટ (એનપીએ)**
**(બાકી નીકળતી કુલ એનપીએની રકમ રૂ. કરોડમાં અને એનપીએ %માં)**

| વર્ષ (છેલ્લું રિપોર્ટિંગ શુક્રવાર ) | સરકારી ક્ષેત્રની બૅંકો | ખાનગી ક્ષેત્રની બૅંકો | વિદેશી બૅંકો | તમામ શીડ્યુલ્ડ વાણિજ્યિક બૅંકો |
|---|---|---|---|---|
| માર્ચ 2012 | 24,272.44 (6.1%) | 1,880.73 (1.7%) | 159.83 (0.7%) | 26,312.99 (5.0%) |
| માર્ચ 2013 | 28,575.29 (5.7%) | 2,506.44 (1.6%) | 396.23 (1.3%) | 31,477.96 (4.6%) |
| માર્ચ 2014 (કામચલાઉ) | 38,949.80 (6.3%) | 3,021.63 (1.5%) | 457.36 (1.5%) | 42,428.79 (5.0%) |

સ્ત્રોતઃ આરબીઆઈ

નોંધઃ કૌંસમાં રહેલાં આંકડાં એનપીએ ટકાવારીમાં દર્શાવે છે

ઉપરાંત ચોથું એમએસએમઇ ગણતરી મુજબ, લગભગ ૯૦ ટકા એમએસએમઇ ભંડોળ માટે અનૌપચારિક સ્ત્રોતો પર આધારિત છે.

(ટેબલ) છે, જે આશરે ૨ લાખ કરોડ લોન ખાતામાં વધીને રૂ. ૧૧ લાખ કરોડ (માર્ચ ૨૦૧૬) થવાનો અંદાજ છે. આ અંદાજથી વિપરિત એમએસએમઇની કુલ સંખ્યા ૫ કરોડ અને અંદાજિત જરૂરિયાત રૂ. ૨૬ લાખ કરોડ છે.

તે સ્પષ્ટ છે કે વર્તમાન નાણાકીય માળખું મોટી સંખ્યામાં એમએસએમઇ સેગ્મેન્ટ સુધી સેવા આપતું નથી.

અનેક એમએસએમઇ સંસ્થાગત ધિરાણ વ્યવસ્થામાંથી શા માટે બાકાત રહે છે? મારું માનવું છે કે આ માટે પુરવઠા અને માંગ એમ બંને જવાબદાર છે.

**પુરવઠા તરફી મર્યાદાઓ**

ભારત બૅંકિંગ વ્યવસ્થામાં ૨૭ સરકારી બૅંકો, ૨૬ ખાનગી બૅંકો, ૪૬ વિદેશી બૅંકો, ૫૬ પ્રાદેશિક ગ્રામીણ બૅંકો, ૧,૫૭૪ શહેરી સહકારી બૅંકો અને ૯૩,૯૧૩ ગ્રામીણ સહકારી બૅંકો તેમજ સહકારી ધિરાણ સંસ્થાઓ સામેલ છે. સરકારી બૅંકો સરકારનાં સીધા નિયંત્રણમાં છે તથા બૅંકિંગ વ્યવસ્થાની કુલ અસ્ક્યામતોનાં ૭૦ ટકાથી વધારે હિસ્સા પર નિયંત્રણ ધરાવે છે. ભારતમાં સરકાર પર લાંબા સમયથી આક્ષેપ મૂકવામાં આવે છે કે તે બજેટની ખાધ પૂરવા, રાજકીય યોજનાઓ માટે નાણાકીય ભંડોળ મેળવવા અને તેની પસંદગીનાં પ્રોજેક્ટ/પ્રમોટરને ભંડોળનો પ્રવાહ પૂરો પાડવા બૅંકોમાં રહેલી ડિપોઝિટનો ઉપયોગ (સરકારી સિક્યૉરિટીઝ અને બોન્ડ મારફતે) કરે છે.

સૌપ્રથમ, સરકારી બૅંકો પર સરકારનો કડક અંકુશ સ્પર્ધા ઘટાડે છે, જેનાં પરિણામે માલિકો અને બૅંકોનાં ગ્રાહકો બંને માટે ઇચ્છિત પરિણામ મળતું નથી.

બીજું, બૅંકો (સ્થાનિક વાણિજ્યિક બૅંકો અને વિદેશી બૅંકો, જે ૨૦થી વધારે શાખા ધરાવે છે)ને કુલ ધિરાણનાં ૪૦ ટકા હિસ્સાનું ધિરાણ 'પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્ર'ને કરવાની જરૂર છે. પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રમાં કૃષિ તથા એમએસએમઇ, શિક્ષણ, હાઉસિંગ, નિકાસ

ધિરાણ અને અન્ય સામેલ છે. તેમાં કૃષિને ૧૮ ટકા ધિરાણ કરવાનો પેટાલક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

અહી સ્પષ્ટ છે કે પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રને ધિરાણનાં લક્ષ્યાંકની અંદર એમએસએમઈ માટે કોઈ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો નથી. એમએસએમઈ એવા ક્ષેત્રોમાં સામેલ છે, જે બેંકર્સને વધારે આકર્ષક જણાય છે તથા હાઉસીંગ અને શિક્ષણ ધિરાણ કરવા માટે સરળ ક્ષેત્રો ગણાય છે.

ત્રીજું, ઔદ્યોગિક ધિરાણમાં નાણાકીય સંસ્થાઓ પાસેથી બે ખાસ જરૂરિયાતોની ધારણા કરવામાં આવે છે – લાંબા સમય માટે ધિરાણ કરવાની ક્ષમતા, કારણ કે પ્રોજેક્ટમાં વળતરનો સમય લાંબો હોય છે, અને સેક્ટરનું ટેકનિકલ જ્ઞાન જેથી બિઝનેસ સાઇકલ અને ટેક્નોલૉજીને સમજી શકાય. ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં ઔદ્યોગિક જરૂરિયાતો સંતોષવા માટે આઇડીબીઆઇ, આઇસીઆઇસીઆઇ સહિત અનેક સ્પેશિયલાઇઝ્ડ સંસ્થાઓ રચવામાં આવી હતી. ૧૯૯૧ અગાઉ પ્રોજેક્ટને ઔદ્યોગિક વિકાસ ફાઇનાન્સિંગ સંસ્થાઓ (લાંબા ગાળા માટે) દ્વારા ધિરાણ આપવામાં આવતું હતું અને બેન્કો કાર્યકારી મૂડી પૂરી પાડતી હતી (ટૂંકા ગાળા માટે). રાજ્યોમાં પણ આવી જ સંસ્થાઓ હતી જ્યાં સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશન્સ (એસએફસી) MSMEને પ્રોજેક્ટ ફાઇનાન્સ પૂરું પાડતા હતા. ઉદારીકરણ બાદ ડેવલપમેન્ટ ફાઇનાન્સિંગ સંસ્થાઓનું સ્થાન કમર્શિયલ બેન્કોએ લીધું. તેઓ કમર્શિયલ બેન્કોમાં મર્જ થઇ ગઇ અથવા તેનું સ્વરૂપ ધારણ કર્યું અને મોટા ભાગના એસએફસી બંધ થઈ ગયા.

પરંતુ બેન્કોને કેટલીક સમસ્યા છે. તેઓ પ્રમાણમાં ટૂંકા ગાળાની ડિપોઝિટ સ્વીકારે છે અને તેથી તેઓ લાંબા ગાળા માટે ધિરાણ આપતા ખચકાય છે કારણ કે તેનાથી એસેટ-લાયેબિલિટી (મિલ્કત-જવાબદારી)ની સ્થિતિ ગંભીર બને છે. આ ઉપરાંત, સેક્ટરની જટિલતાઓ સમજવા માટે તેમની પાસે ટેકનિકલ જ્ઞાન હોતું નથી. તેથી, બેન્કર્સ ઔદ્યોગિક પ્રોજેક્ટને જોખમી માને છે, સિવાય કે તેના પ્રમોટર્સ સ્થાપિત હોય અને પ્રોજેક્ટને મંજૂર કરવાના નિર્ણયો એવી રીતે લેવાતા હોય તેમાં વ્યક્તિગત બેન્ક ઓફિસરને નિષ્ફળતા માટે નિશાન બનાવવામાં ન આવે, જેમ કે કમિટિના રૂટથી અથવા કોન્સોર્ટિયમ ધિરાણ કરવામાં આવે. દેખીતી રીતે જ, જાણીતા બિઝનેસ પરિવારો અને મોટી કંપનીઓ આ કસોટીમાંથી પસાર થાય છે. MSMEના પ્રમોટર્સ જાણીતા હોતા નથી અને તેઓ પ્રથમ પેઢીના સાહસિકો હોય છે તેથી બેન્કરો તેમનું જોખમ ઘટાડવા માટે ધિરાણ માટે મિલ્કત આધારિત જામીન સિક્યોરિટીનો આગ્રહ કરે છે. જે MSME પ્રમોટર્સ પાસે એસેટ આધારિત જામીન નથી હોતા તેમને ધિરાણમાંથી બાકાત રખાય છે. જેમની પાસે જામીન અપાય તેવી સિક્યોરિટી હોય તેમને એટલી ઓછી લોન મળે છે કે પ્રોજેક્ટને ડાઉનસાઇઝ કરવો પડે અને તેનો યોગ્ય રીતે ઉપયોગી રહેતો નથી.

આ ઉપરાંત, ભારતે આંતરરાષ્ટ્રીય બેન્કિંગ ધોરણો – બેસલ -૨ નિયમો અપનાવ્યા હોવાથી MSME માટે ધિરાણ વધારે મુશ્કેલ બન્યું છે. બેસેલ -૨નું પાલન કરવામાં આરબીઆઇ આગ્રહ રાખે છે કે નાણાકીય સંસ્થાઓ પાસે પૂરતા પ્રમાણમાં રોકડ જળવાય જેથી કામગીરીમાંથી પેદા થતા જોખમને કવર કરી શકાય. મોટા કોર્પોરેટ સેક્ટરને કરવામાં આવતું ધિરાણ એસેટ આધારિત નથી તેથી MSMEને કરવામાં આવતા એસેટ આધારિત ધિરાણમાં વધુ પ્રીમિયમ ઉમેરાયું છે. તેણે બેન્કોને સૂચના આપી છે કે પાંચ કરોડ રૂપિયાથી વધારેનું ધિરાણ ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા રેટ કરવામાં આવે. એટલું જ નહી, આરબીઆઇએ બેન્કોને એક અર્લી વૉર્નિંગ સિસ્ટમ- સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ (એસએમએ) અપનાવવા કહ્યું છે જેમાં મુદલ અથવા વ્યાજની ચુકવણીમાં માત્ર ૩૦ દિવસનો વિલંબ થાય તો પણ તેને પેમેન્ટ સાઇકલ દ્વારા રિપોર્ટ કરવાનો રહેશે જે સામાન્ય રીતે ૯૦થી વધારે દિવસનો હોય છે. આ તમામ પગલાંનો બોજ MSMEએ ઉઠાવવો પડે છે.

છેલ્લે, ધિરાણ મેળવનાર સંગઠન નિષ્ફળ જાય તો કાગળ પર અનેક કાનૂની ઉપચાર ઉપલબ્ધ હોવા છતાં અત્યાર સુધી બેન્કોને સ્ટ્રેસ્ડ એસેટનો કબજો મેળવવામાં ઘણી મુશ્કેલી પડતી હતી (કાર કે મકાનથી વિપરિત). કાનૂની પ્રક્રિયા લાંબી, મુશ્કેલ અને ખર્ચાળ હશે તેથી બેન્કો જોખમથી વધારે દૂર ભાગે છે.

**માંગ તરફી મર્યાદાઓ**

MSME એ અનેક બાબતોનો સમાવેશ કરતા સેક્ટર છે જેમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસનાં સેગ્મેન્ટ સામેલ છે જેની દરેકની પોતાની વિશિષ્ટ જરૂરિયાતો અને અલગ અલગ પડકાર હોય છે. માઇક્રો સાહસો મોટા ભાગે અનૌપચારિક અને અસંગઠિત હોય છે. તેમાંથી મોટા ભાગના પ્રોપ્રાઇટરશિપ/ પાર્ટનરશિપ પેઢીઓ હોય છે જેથી તેઓ અમર્યાદિત જવાબદારીઓનો સામનો કરે છે. તેમાંથી મોટા ભાગના બિનસત્તાવાર/ બિનમંજૂર થયેલા કામના સ્થળેથી કામ કરે છે કારણ કે મંજૂર થયેલી કમર્શિયલ જગ્યાઓ ઉપલબ્ધ નથી હોતી અથવા મોટા ભાગનાને પોસાય તેવી હોતી નથી. અનૌપચારિક પ્રકૃતિ, બેન્કો દ્વારા આવશ્યક માહિતી અથવા દસ્તાવેજોના અભાવના કારણે આ સેગમેન્ટ નાણાકીય ઇન્ક્લુઝનના પડકારનો સામનો કરે છે.

લઘુ (સ્મોલ) સેગમેન્ટ પ્રમાણમાં વધુ સારી રીતે સંગઠિત હોય છે અને મોટા ભાગે B2B સેગમેન્ટમાં કામ કરે છે. તેમની મુખ્ય સમસ્યા નવો બિઝનેસ શરૂ કરવા માટે રિસ્ક કેપિટલ એકત્ર કરવામાં રહેલી મુશ્કેલી, પૂરતા પ્રમાણમાં જામીનની અછત અને હાઇ વર્કિંગ કેપિટલની જરૂરિયાત છે કારણ કે મોટા ખરીદદારો દ્વારા ચુકવણી મોટા ભાગે વિલંબિત હોય છે.

વૈશ્વિક સ્તરે MSME સેક્ટરમાં મિડિયમ સેગ્મેન્ટ – મિટલસ્ટેન્ડ-ને સૌથી વધારે

મજબુત અને આશાસ્પદ ગણવામાં આવે છે કારણ કે તે ઉચ્ચ સ્કેલ પર કામ કરે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરી શકે છે. કમનસીબે ભારતમાં તે સૌથી નાનું સેગમેન્ટ છે કારણ કે મોટા ભાગના લઘુ સાહસો કદમાં વૃદ્ધિ કરવામાં નિષ્ફળ જાય છે. ૫ કરોડ MSME વચ્ચે ૨૫,૦૦૦ કંપનીઓ પણ એવી નથી જે મિટલસ્ટેન્ડ ક્લબમાં સામેલ થઈ શકે. ઘણી વખત, ભારતમાં તેને મિસિંગ મિડલ તરીકે ઓળખવામાં આવે છે. બેન્ક સહાયની ગુણવત્તાની સમસ્યા ઉપરાંત આ સેગમેન્ટ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોમાં સામેલ છેઃ બેન્કો દ્વારા વધારાની જામીન સિક્યોરિટીની માંગ, ઈક્વિટી / મેઝેનાઈન કેપિટલની ઉપલબ્ધિ, એક્સટર્નલ કમર્શિયલ બોરોઇંગ (ઇસીબી) સહિત ફોરેન કરન્સી લોન અને સ્પર્ધાત્મક ભાવે નોન-ફંડ આધારિત બેન્ક સુવિધાઓ (જેમ કે બેન્ક ગેરંટી, પરફોર્મન્સ ગેરંટી)

**નીતિ વિષયક પ્રતિભાવ**

નીતિ નિર્ધારકોએ આ પૈકીના મોટા ભાગના પડકારોને ધ્યાનમાં લીધા છે અને તેનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યા છે. છેલ્લા બે-ત્રણ વર્ષમાં પ્રધાન મંત્રી જનધન યોજના (PMJDY) જેવા જંગી ફાઈનાન્શિયલ ઇનક્લુઝન પ્રોગ્રામ શરૂ થયા છે. ઉપરથી નીચે સુધીના દબાણના કારણે બેન્કિંગ સેક્ટર અને બેન્કો અનૌપચારિક સેક્ટર અને બેન્ક સુવિધારહિત સેક્ટર સુધી પહોંચી રહી છે.

બેન્કર્સને વધારે રાહત આપવા માટે ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ ફોર એમએસઇ (CGTMSE)ની સ્થાપના કરવામાં આવી છે જેથી MSEs જામીન સિક્યોરિટી આપ્યા વગર લોન મેળવી શકે. આ ફંડ હેઠળ બેન્કોને ડિફોલ્ટ થયેલી લોનની સામે ૭૫ ટકા રકમ સુધી વીમા છત્ર મળે છે. CGTMSEએ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ના અંત સુધીમાં કુલ ૨૩,૨૩,૬૭૩ લોન ગેરંટી નોંધાવી છે જેનું સંયુક્ત મૂલ્ય રૂ. ૧,૦૮,૯૯૧ કરોડ થાય છે. ચાર ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યૂરો – સિબિલ, ઇક્વિફેક્સ, એક્સપેરિયન અને હાઇમાર્ક ભારતમાં MSME ક્ષેત્રે વધારે પડતા ડ્યુ ડિલિજન્સમાં પ્રવર્તતી માહિતીને લગતી વિસંગતતા ઉકેલવા પર ધ્યાન આપ્યું છે.

MSMEને મુવેબલ એસેટનો નાણાકીય ઉપયોગ કરવામાં મદદ કરવા સેન્ટ્રલ રજિસ્ટ્રી ઓફ સિક્યોરિટાઇઝેશન એસેટ રિકન્સ્ટ્રક્શન એન્ડ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (CERSAI)એ એક મુવેબલ એસેટ રજિસ્ટ્રીની રચના કરી છે જેને ગીરવે મૂકીને બેન્ક ફાઇનાન્સિંગ લઇ શકાય છે.

MSMEને ગ્રીન ફિલ્ડ માટે ઇક્વિટી પ્રાપ્ત થઈ શકે તથા હાલના પ્રોજેક્ટનું વિસ્તરણ થઇ શકે તે માટે બીએસઇ અને એનએસઇને ખાસ MSME એક્સ્ચેન્જ સ્થાપવાની મંજૂરી અપાઈ છે.

આ ઉપરાંત MSMEને વિલંબીત ચુકવણીની સમસ્યા ઉકેલવા માટે આરબીઆઇએ ત્રણ એન્ટીટીને ટ્રેડ રિસિવેબલ્સ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ (TReDS)નું સંચાલન કરવા લાઇસન્સ આપ્યા છે. આ પ્લેટફોર્મ ઇલેક્ટ્રોનિક બિલ ફેક્ટરિંગ એક્સ્ચેન્જ તરીકે કામ કરે છે જ્યાં MSMEના ઇનવોઇસ/ બિલને ઇલેક્ટ્રોનિકલી ટ્રેડ કરી શકાય.

અંતમાં, ઇન્ડિયન બેન્કરપ્સી એન્ડ ઇનસોલ્વેન્સી કોડ, ૨૦૧૬ની સ્થાપના એ સૌથી વધારે મહત્ત્વનો સંસ્થાકીય સુધારો છે. આ કોડ હેઠળ બોર્ડે કામગીરી શરૂ કરી દીધી છે. કોર્પોરેટ એન્ટીટી માટે નિયમો અને નિયમન (કંપનીઝ એક્ટ હેઠળ) નોટીફાઇ કરવામાં આવ્યા છે અને બિઝનેસ ધરાવતી વ્યક્તિઓ (ખાસ કરીને MSME) માટે નિયમો ઘડવામાં આવ્યા છે. IBICથી ઉદ્યોગોની માંદગીમાં ક્રાંતિ આવશે. સ્ટ્રેસ્ડ એસેટને ઝડપથી પુનઃપ્રોસેસ કરી શકાય અને ફાઇનાન્સર દ્વારા પુનઃ અમલમાં મૂકી શકાય છે તેથી નાણાકીય શિસ્ત સર્જાશે અને નાણાકીય સિસ્ટમમાં વિશ્વાસ બેસશે. તેનાથી એનપીએ ઉકેલવામાં મદદ મળશે.

**ભવિષ્યનો માર્ગ**

આ સંસ્થાઓની રચના આધુનિક નાણાકીય સિસ્ટમમાં મહત્ત્વની જરૂરિયાતો પૂર્ણ કરે છે. જોકે, તે આવશ્યક છે પરંતુ પૂરતા પગલાં નથી. કેન્સરથી પીડાતા દર્દી માટે વિટામીન, તંદુરસ્ત આહાર અને કસરત જરૂરી હોઈ શકે પરંતુ કેન્સરના કોષને લક્ષ્ય બનાવીને તેને ખતમ કરવામાં ન આવે ત્યાં સુધી દર્દીને બચાવી શકાય નહી. આપણે દર વર્ષે એક કરોડ લોકોને રોજગારી આપવાના પડકારનો સામનો કરીએ છીએ ત્યારે ભારતીય બેન્કિંગ અને નાણાકીય સિસ્ટમમાં સુધારાને વિસ્તારવાની ખાસ જરૂર છે. ટેલિકોમમાં જે ક્રાંતિ આવી તેવી જ ક્રાંતિ બેન્કિંગમાં લાવવી પડશે જેમાં સર્વિસ પ્રોવાઇડર્સ ક્લાયન્ટની પાછળ દોડે. સરકારે બેન્કિંગમાંથી નીકળી જઇને ખાનગી સેક્ટરને જગ્યા આપવી પડશે જેથી ભારે સ્પર્ધા પેદા થાય. બીજું, બેન્કો દ્વારા ઇન્ટરમિડિયેશનની પરંપરાગત ભૂમિકાને નવી એન્ટીટીઝ જેવી કે ટેલિકોમ કંપનીઓ અને ડિજિટલ ફાઇનાન્શિયલ પ્લેટફોર્મ તથા ફિનટેક કંપનીઓ દ્વારા પડકારવામાં આવી છે. આપણે આ ઉભરતી ટૅક્નોલૉજી અંગે ઝડપી પ્રતિભાવ આપવાની જરૂર છે (આપણે છેલ્લા પાંચ વર્ષથી P2P પ્લેટફોર્મની વાત કરીએ છીએ છતાં કોઇ પ્રગતિ થઇ નથી.) અંતમાં, નોટબંધી અને જીએસટી પછી ડિજિટાઇઝેશન પર ભાર મૂકવાથી બિઝનેસની પ્રક્રિયામાં મૂળભૂત પરિવર્તન આવશે કારણ કે તમામ કમર્શિયલ ટ્રાન્ઝેક્શનનું મૂળ જાણી શકાય છે. જીએસટીએન દ્વારા જંગી પ્રમાણમાં માહિતી પેદા થશે જે માહિતી આધારિત કોલેટરલને એસેટ આધારિત કોલેટરલ કરતા વધારે આકર્ષક બનાવશે અને પરંપરાગત બેન્કિંગમાં ધરમૂળથી પરિવર્તન લાવશે.

લેખક ફેડરેશન ઓફ ઈન્ડિયન માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીઝ (FISME) નવી દિલ્હીના છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી સેક્રેટરી જનરલ છે. તેમણે ઔદ્યોગિક અને વેપારીઓ તથા MSMEs ને પ્રોત્સાહન અને તેના નિયંત્રણકારી તંત્ર સંબંધિ મુદ્દાઓ ઉપર કામ કર્યું છે. કેન્દ્ર સરકારે ઘડેલી SMEs ને પ્રોત્સાહન માટે ઘડાયેલી સંખ્યાબંધ હાઈ પ્રોફાઈલ કમિટિઓમાં કામ કર્યું છે. તે વિશ્વ બેંક અને GTZના સહયોગથી ચાલતા MSME ડેવલપમેન્ટ પ્રોજેક્ટસના સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે.

**E-mail: sg@fisme.rog.in**

# ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમોનું ટૅક્નોલૉજી અપગ્રેડેશનઃ ઉદેશો, સાધનો અને ઈચ્છીત પરિણામો માટેનાં માર્ગ

બાલા સુબ્રમણ્ય મુંગીલા હિલેમને




*વૈશ્વિક અર્થતંત્રમાં ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારથી MSMEs ને પ્રોત્સાહન આપવામાં ભારતની લાંબા ગાળાની નીતિ એક અનોખો દરજ્જો ધરાવે છે. આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં એમાં સામાન્ય લાયકાતની સાથે સાથે અવરોધો પણ જોવા મળ્યા છે. આ બાબતો આંતરરાષ્ટ્રિય સંદર્ભની સાથે સાથે ભારતના MSMEs ને પણ લાગુ પડે છે. MSMEs ભારતના અર્થતંત્રમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ ક્ષેત્રના ૫૧ મિલિયનથી વધુ એકમો હતા અને ૧૧૭ મિલિયનથી વધુ લોકોને રોજગારી આપવામાં આવતી હતી તથા (વર્તમાન કિંમતે) રૂ.૮૪૯૨ અબજથી વધુ નિકાસ કરી હતી તથા (૨૦૧૨-૧૩ની વર્તમાન કિંમતે) રૂ.૧૮૧૦૦ અબજથી વધુ ઉત્પાદન કર્યું હતું (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, ૨૦૧૭). વર્ષ ૨૦૧૪-૧૫માં MSMEs નો એકંદર ઘરઘથ્થુ ઉત્પાદન (જીડીપી) માં ૩૦.૭૪ ટકાનું યોગદાન હતું, જેમાંથી MSMEs ક્ષેત્રના મેન્યુફેક્ચરિંગ એકમોએ જીડીપીમાં ૬.૧૧ ટકાનું યોગદાન આપ્યું હતું અને સર્વિસ સેક્ટરના MSMEs એ જીડીપીના ૨૪.૬૩ ટકા જેટલુ યોગદાન આપ્યું હતું (MSMEs મંત્રાલય, ૨૦૧૭). આ રીતે MSME ક્ષેત્ર ભારતના અર્થતંત્રનો એક મહત્ત્વનો સ્થંભ બની ચૂક્યા છે.*

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો (જેને હવે પછી MSMEs, તરીકે ઓળખવામાં આવશે) તેમના વ્યાપની દ્રષ્ટિએ, તેમજ તેમની સંખ્યાની વિપુલતાની દ્રષ્ટિએ તથા રોજગારી, ઉત્પાદન અને નિકાસ તથા અન્ય મુદ્દાઓને કારણે દુનિયાભરમાં નીતિ ઘડનાર સમુદાય માટે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. આવા એકમોને સાતત્યપૂર્ણ આર્થિક વિકાસ, રોજગાર નિર્માણ, પર્યાવરણલક્ષી ઔદ્યોગિકીકરણ, ઈનોવેશન અને સંવર્ધન તથા આવકોની અસમાનતા ઘટાડવા (OECD, ૨૦૧૭) માટે પ્રોત્સાહિત કરવાનું સમાવેશિતાની દ્રષ્ટિએ મહત્ત્વનું બની રહે છે. વર્તમાન સમયની વૈશ્વિક દુનિયામાં, MSMEs વધુ મુક્ત વાતાવરણ અપનાવે અને ડિજિટલ પરિવર્તનમાં વધુ સક્રિય બનીને સામેલ થાય, જેથી આર્થિક વિકાસને ગતિ આપીને તથા વધુ સમાવેશી વૈશ્વિકીકરણ હાંસલ કરી શકાય તે માટે આવશ્યક બની રહે છે. (OECD, ૨૦૧૭)

વિવિધ કદના MSMEs ને પોતાની વૃદ્ધિ માટે ટૅક્નોલૉજીનો વિકાસ હાંસલ કરવા માટે અનોખા અવરોધો હોય છે. MSME ઉદ્યોગસાહસિકો વ્યૂહાત્મક સાધન તરીકે ટૅક્નોલૉજીના વ્યવસ્થાપન માટે પ્રમાણમાં અપૂરતી ક્ષમતા ધરાવે છે. તેની સાથે સાથે તેમની પાસે મર્યાદિત માનવબળ અને નબળી આર્થિક સ્થિતિ હોય છે. MSMEs માટે ટૅક્નોલૉજી વિકાસ હાંસલ કરવામાં આ બધા અવરોધો નડતા હોય છે (Buratti and Penco, ૨૦૦૧). આથી MSMEs ઘણીવાર પોતાની ટૅક્નોલૉજી વિકાસની વ્યૂહરચના માટે બહારની ટૅક્નોલૉજી ઉપર આધાર રાખતા હોય છે. ઔદ્યોગિકીકરણ માટે અને તેની સાથે સાથે દેશનું ઔદ્યોગિકીકરણ કરવામાં આ વ્યૂહરચના સારી પૂરવાર થાય છે.

વૈશ્વિક અર્થતંત્રમાં ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારથી MSMEs ને પ્રોત્સાહન આપવામાં ભારતની લાંબા ગાળાની નીતિ એક અનોખો દરજ્જો ધરાવે છે. આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં એમાં સામાન્ય લાયકાતની સાથે સાથે અવરોધો પણ જોવા મળ્યા છે. આ બાબતો આંતરરાષ્ટ્રિય સંદર્ભની સાથે સાથે ભારતના MSMEs ને પણ લાગુ પડે છે. MSMEs ભારતના અર્થતંત્રમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ ક્ષેત્રના ૫૧ મિલિયનથી વધુ એકમો હતા અને ૧૧૭ મિલિયનથી વધુ લોકોને રોજગારી આપવામાં આવતી હતી તથા (વર્તમાન કિંમતે) રૂ.૮૪૯૨ અબજથી વધુ નિકાસ કરી હતી તથા (૨૦૧૨-૧૩ની વર્તમાન કિંમતે)

રૂ.૧૮૧૦૦ અબજથી વધુ ઉત્પાદન કર્યું હતું (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, ૨૦૧૭). વર્ષ ૨૦૧૪-૧૫માં MSMEs નો એકંદર ઘરઘથ્થુ ઉત્પાદન (જીડીપી) માં ૩૦.૭૪ ટકાનું યોગદાન હતું, જેમાંથી MSMEs ક્ષેત્રના મેન્યુફેક્ચરિંગ એકમોએ જીડીપીમાં ૬.૧૧ ટકાનું યોગદાન આપ્યું હતું અને સર્વિસ સેક્ટરના MSMEs એ જીડીપીના ૨૪.૬૩ ટકા જેટલુ યોગદાન આપ્યું હતું (MSMEs મંત્રાલય, ૨૦૧૭). આ રીતે MSME ક્ષેત્ર ભારતના અર્થતંત્રનો એક મહત્ત્વનો સ્થંભ બની ચૂક્યા છે.

આમ છતાં, વિવિધ ગુણો અને સાતત્યપૂર્ણ યોગદાન આપવા છતાં, MSMEs એ ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રમાં ટૅક્નોલૉજી વિકાસ અને ઈનોવેશનની દ્રષ્ટિએ નબળાઈ દર્શાવતા હતા (નેશનલ કમિશન ફોર એન્ટર પ્રાઈઝીઝ ઈન અનઓર્ગેનાઈઝ સેક્ટર ૨૦૦૯). આ સ્થિતિને કારણે સાતત્યપૂર્ણ ટૅક્નોલૉજીના વિકાસ માટે જાહેર દરમ્યાનગિરી માટેની તક, ખાસ કરીને ટૅક્નોલૉજી ટ્રાન્સફરની પ્રક્રિયા દ્વારા આવશ્યક બની રહી છે. MSME સેક્ટર ભારતમાં, કેટલાક અપવાદોને બાદ કરતાં ટૅક્નોલૉજીના નીચા સ્તરની લાક્ષણિકતા ધરાવે છે, જે ઉભરતા વૈશ્વિક બજારોમાં એક અવરોધ બની રહે છે (બાલા સુબ્રમણ્યમ ૨૦૧૪). હકીકતમા લાંબા ગાળાની સફળતા અને વૃધ્ધિ માટે કંપનીમાં આધુનિક મેન્યુફેક્ચરિંગ ટૅક્નોલૉજી મહત્ત્વની બની રહે છે (Scannell, et.al., ૨૦૧૨). પરંતુ સંચાલનના વ્યાપને ધ્યાનમા લેતાં ભારતના MSMEs માટે સંશોધન અને વિકાસ (R&D) પ્રવૃત્તિઓમાં રોકાણ કરવાનું મુશ્કેલ તો છે જ, પણ સાથે સાથે અતિ આધુનિક મેન્યુફેક્ચરિંગ ટૅક્નોલૉજીસ ઊંચા ખર્ચને કારણે પોતાની જાતે મેળવવાની પણ મુશ્કેલી રહે છે (Government of India, ૨૦૧૦)

ઉપર દર્શાવેલી ચર્ચાના સંદર્ભમાં MSMEs માટે ટૅક્નોલૉજી અપગ્રેડેશનના વિવિધ વિકલ્પો તપાસવાનું યોગ્ય લેખાશે. MSMEs માટે ટૅક્નોલૉજી ટ્રાન્સફરનો વિકલ્પ શા માટે ? તેના ઉદ્દેશો, સાધનો, માર્ગો અને સિદ્ધિઓ કેવા MSMEs ને ટૅક્નોલૉજી ટ્રાન્સફર માટે પ્રેરણા આપી શકે ? જૂની પુરાણી ટૅક્નોલૉજીની સ્થિતિમાંથી બહાર નિકળવા માટે MSMEs ને કેવા પ્રકારનો સહયોગ આવશ્યક છે ? આ લેખમાં આ બધા મુદ્દાઓ ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

**૨. ટૅક્નોલૉજી ટ્રાન્સફરઃ અર્થ અને મહત્ત્વ**

ટૅક્નોલૉજીની ટૂંકામાં ટૂંકી વ્યાખ્યા કરીએ તો તેમાં પેટન્ટ પાત્ર રૂપરેખા, આયોજનો, મિકેનિઝમ, ફોર્મ્યુલા અને એવી બાબતોનો સમાવેશ થાય (Enos, ૧૯૮૯) છે અને ટ્રાન્સફર કોઈ ચોક્કસ કંપનીની અંદર અથવા તો યજમાન દેશની કંપનીમાં કરારલક્ષી વિનિમય પછી વિદેશની કંપની અથવા તો સંસ્થામાં આવી ટૅક્નોલૉજીના નવા ઉપયોગનો સમાવેશ થાય છે. ટૅક્નોલૉજીને બહેતર વ્યાખ્યા આપવા માટે એવું કહી શકાય કે તે એવું જ્ઞાન છે કે જેના દ્વારા આર્થિક ક્ષમતા સુધારી શકાય છે. તેમાં માત્ર 'સખત' શક્ય હોય તો તેમાં ઉત્પાદનના પેટન્ટપાત્ર પાસાંને ધ્યાનમાં લેવામાં આવે છે, જેમાં માલસામાનના સ્પેસીફિકેશન્સ અને ઉત્પાદનની મિકેનિસ્ટીક ડિટેઈલ ઉપરાંત બિઝનેસની પ્રક્રિયાઓના સંગઠન, માર્કેટિંગ અને અન્ય પ્રકારનાં વ્યવસ્થાપનલક્ષી જ્ઞાન અને કૌશલ્ય જેવા 'નરમ' પાસાંઓનો સમાવેશ થાય છે. (Stewart ૧૯૭૭)

ટૅક્નોલૉજી ટ્રાન્સફર એ આંતરિક ટૅક્નોલૉજી વિકાસનો વિકલ્પ છે. આથી ટૅક્નોલૉજી વિકાસ અને ઈનોવેટિવ ક્ષમતા આંતરિક ધોરણે અથવા તો બહારના સાધનો દ્વારા હસ્તગત કરવાનો મધ્યસ્થ હિસ્સો કોઈપણ ટૅક્નોલૉજી વ્યૂહરચનાનો ભાગ બની રહે છે (Zahra, et al, ૧૯૯૪). તે MSMEs ની સાથે સાથે કોર્પોરેટ સાહસોને પણ લાગુ પડે છે (Zahra, ૧૯૯૬). Koc and Ceylan (૨૦૦૭) માં ભારપૂર્વક જણાવાયું છે કે વિકસતા દેશોના મોટા ભાગના એકમો બહારથી ટૅક્નોલૉજી મેળવવાનું પસંદ કરે છે, કારણ કે આ બાબત તેમના સાધનોની ક્ષમતાની બહાર હોય છે. મર્યાદિત સાધનો, નિપુણતા અને સમય એ એવા પરિબળો છે કે જે ઈન-હાઉસ વિકાસ કરવાને બદલે બહારના સ્રોતમાંથી ઘણી કંપનીઓને ટૅક્નોલૉજી મેળવવા માટે ફરજ પાડે છે (Stock and Tatikonda, ૨૦૦૪). બહારના સ્રોતોમાંથી ટૅક્નોલૉજી મેળવવાની પ્રક્રિયાને સામાન્યપણે 'ટૅક્નોલૉજી ટ્રાન્સફર' તરીકે ઓળખવામાં આવે છે. તેના અત્યંત સામાન્ય અર્થમાં 'ટૅક્નોલૉજી ટ્રાન્સફર' ને દાતા તરીકે યુનિવર્સિટી, સંશોધન કેન્દ્ર અથવા તો કંપનીના સંશોધન અને વિકાસ વિભાગ દ્વારા મેળવનારને આપવામાં આવે છે, જેનો કાં તો સીધો ઉપયોગ કરાય છે, અથવા તો ટૅક્નોલૉજીનો સહ-વિકાસ કરવામાં આવે છે (Kim, ૧૯૯૦).

ઉપર દર્શાવેલી પરિસ્થિતિમાં 'ટૅક્નોલૉજી' ને એવી વ્યાખ્યા આપી શકાય કે તેમા જ્ઞાન અથવા તો વિચારોની સાથે સાથે ભૌતિક પ્રોડક્ટસ અને ટ્રાન્સફર દ્વારા કોઈ

પ્રકારની ચેનલઃ વ્યક્તિ/ સંસ્થા/ કંપની મારફતે MSMEs ને ટૅક્નોલૉજી તબદીલ કરવામાં આવે છે. મૂળભૂત રીતે ટૅક્નોલૉજી ટ્રાન્સફર એ જ્ઞાન સાથે સંકળાયેલી ઉપયોગિતા છે, જેમાં MSME દ્વારા ભૌતિક હાર્ડવેરનો પ્રોડક્ટ/ સર્વિસના નિર્માણ માટે મશીનરી સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે છે, જે અગાઉ ઉત્પાદન થતું હતું તેની તુલનામાં જથ્થાલક્ષી અથવા તો ગુણવત્તાલક્ષી બહેતર સ્થિતિ ધરાવનાર હોઈ શકે છે.

**૩. ટૅક્નોલૉજી અપગ્રેડેશન અને ટૅક્નોલૉજી ટ્રાન્સફરની ભૂમિકાઃ** ઉદ્દેશો, સ્રોતો, ચેનલો અને સિધ્ધિઓ મોટાભાગની સ્વતંત્ર કંપનીઓની લાંબાગાળાની સ્પર્ધાત્મક સ્થિતિનો આધાર તે પોતાની ટૅક્નોલૉજીકલ એસેટના પાયાનું કઈ રીતે સંચાલન કરીને વધારો કરે છે તેની ઉપર આધાર રાખે છે) Lanctot and Swan (૨૦૦૦). ટૅક્નોલૉજી વ્યૂહરચનાનો ઉદ્દેશ કંપનીને સ્પર્ધાત્મક લાભ માટે ટૅક્નોલૉજી મેળવવા, વિકસાવવા અને અમલમાં મુકવા આવી કંપનીઓ પાસે જે વિકલ્પો હોય છે તેમાં 'ઉંચા ટૅક્નોલૉજીકલ જોખમ ધરાવતા નિર્ણયો' થી માંડીને જરૂરિયાત મુજબની ટૅક્નોલૉજી આંતરિક સ્તરે જ વિકસાવવાના 'નિમ્ન ટૅક્નોલૉજીનું જોખમ ધરાવતા નિર્ણય' નો તેમજ સંપૂર્ણ કાર્યરત ટૅક્નોલૉજી અન્ય કંપની પાસેથી હસ્તગત કરવાનો સમાવેશ થાય છે. આંતરિક ધોરણે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવામાં ઊંચો ખર્ચ થતો હોવાના કારણે કેટલાક અન્ય સાધનો મારફતે નવી ટૅક્નોલૉજીસ હસ્તગત કરવાની તરાહ વધતી જાય છે (Noroi, ૧૯૯૦). સામાન્યપણે એવી દલીલ કરવામાં આવે છે કે સંપૂર્ણ કાર્યરત ટૅક્નોલૉજી હસ્તગત કરવાનો નિર્ણય તથા વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી પ્રોડક્ટ ટૅક્નોલૉજી અન્ય કંપની પાસેથી મેળવવાથી વધુ બહેતર પ્રોડક્ટ ક્વોલિટીનુ પરિણામ પ્રાપ્ત થાય છે (Lanctot and Swan, ૨૦૦૦).

MSMEs, ખાસ કરીને ઔદ્યોગીકીકરણ થયેલા દેશોમાં તેમની લુપ્ત થતી જતી ટૅક્નોલૉજીકલ સ્થિતિમાંથી પાર ઉતરવા માટે બહારથી ટૅક્નોલૉજી મેળવવાનું પસંદ કરતી હોય છે. આવું એટલા માટે કરવું પડે છે, કારણ કે તે વિદેશના બજારોમાં થયેલા ટૅક્નોલૉજીકલ ફેરફારોની સાથે કદમ મિલાવી શકતી નથી. આ હાલત ટૅક્નોલૉજી વિકસાવવા તરફ અથવા તો સંશોધન અને વિકાસ તરફ તથા ટૅક્નોલૉજીના ક્ષેત્રે જે પણ નાના -મોટા ઈનોવેશન થાય તે સહેજ પણ ધ્યાન આપ્યુ ન હોય નહીવત ધ્યાન આપ્યું હોય ત્યારે સર્જાય છે. આ સ્થિતિમાં સમય જતાં ટૅક્નોલૉજીકલ જ્ઞાન, નિપુણતા, કૌશલ્યો અને ફાયનાન્સ માટે સાધનોની તંગી ઉભી થવાની સમસ્યા સર્જે છે. આથી અચૂકપણે MSMEs નાં વિવિધ સ્વરૂપોમાં ટૅક્નોલૉજીકલ અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે નીતિ વિષયક સહયોગ જરૂરી બની રહે છે. (Romijn, ૨૦૦૧).

એવા વિવિધ સ્ત્રોતો છે કે જ્યાંથી MSMEs બહારથી ટૅક્નોલૉજી મેળવી શકે છે. અમાંના કેટલાક સ્ત્રોતો નીચે મુજબ છે. (Daim and Kocaogh, ૨૦૦૮):

- યુનિવર્સિટીમાં સંશોધનને સ્પોન્સર કરીને
- કર્મચારીઓનને શિક્ષણમાં સહયોગ આપીને અને એ દ્વારા કેન્ડીડેટ ટૅક્નોલૉજીસ મેળવીને
- બહારના સંશોધન અને વિકાસ કેન્દ્રનો ઉપયોગ કરીને
- બજારમાં ઉપલબ્ધ નવી ટૅક્નોલૉજીના આકલનમાં સહાય માટે કન્સલ્ટન્ટસની નિમણુંક કરીને
- ટૅક્નોલૉજી મેળવવા માટે જેનો ખૂબ જ વ્યાપક રીતે ઉપયોગ થાય છે તે લાયસન્સીગ પ્રથા અપનાવીને.
- વૈકલ્પિક ટૅક્નોલૉજીના આકલન માટે ટેકનિકલ બેઠકો, ટેકનિકલ જર્નલ્સ, અને ટ્રેડ શો નો ઉપયોગ કરીને.
- વેન્ડર /સપ્લાયર મારફતે અથવા તો કોમર્શિયલ ચેનલ દ્વારા વર્તમાન ટૅક્નોલૉજી ખરીદીને.

ટૅક્નોલૉજી ટ્રાન્સફરનાં વિવિધ સ્વરૂપોને વ્યાપક રીતે નીચે મુજબના સમૂહોમાં વહેંચી શકાય (૧) વર્ટીકલ ટૅક્નોલૉજી ટ્રાન્સફર (૨) હોરિઝોન્ટલ ટૅક્નોલૉજી ટ્રાન્સફર. વર્ટીકલ ટૅક્નોલૉજી ટ્રાન્સફર એવી સ્થિતિમાં ઉદભવે છે ત્યારે જ્યારે માહિતીનું બેઝિક રિસર્ચમાંથી એપ્લાઈડ રિસર્ચ તરફ વહન થાય છે. એપ્લાઈડ રિસર્ચમાંથી વિકાસ તરફ અને વિકાસ તરફથી ઉત્પાદન તરફ વહન થાય છે. આ પ્રકારનું વહન બંને દિશામાં થતું હોય છે અને જેમ જેમ આ પરિમાણ (dimension) તબદીલ થાય તેમ માહિતીનું સ્વરૂપ બદલાય છે. પરંતુ હોરિઝોનન્ટલ ટૅક્નોલૉજી ટ્રાન્સફર એવી સ્થિતિમાં ઉદભવે છે જ્યારે એક સ્થળ, સંસ્થા અથવા સંદર્ભમાં વપરાતી ટેકનેલોજી બીજા સ્થળ, સંસ્થા કે સંદર્ભમાં ઉપયોગમાં લેવામાં આવે છે. (Enos, ૧૯૮૯). સામાન્યપણે MSMEs ક્ષેત્રે હોરિઝોન્ટલ ટૅક્નોલૉજી

ટ્રાન્સફર જોવા મળતું હોય છે.

પ્રથમ કદમ તરીકે મશીનરી અને ઉપકરણોની તબદીલી મોટાભાગના કિસ્સાઓમાં જોવા મળે છે. વધુ મહત્ત્વની તબદીલી ટૅક્નોલૉજી મેળવતી કંપનીના કર્મચારીઓના કૌશલ્યો અંગેની હોય છે, જેમાં બીજા કદમનો સમાવેશ થાય છે. બીજું કદમ વધુ મહત્ત્વનું છે, કારણ કે ટૅક્નોલૉજી મેળવનાર કંપનીએ, તબદીલી થયેલી ટૅક્નોલૉજીનો ઉપયોગ અસરકારક રીતે કરવાનો હોય છે. આથી નવી ટૅક્નોલૉજી અંગે જરૂરી માહિતી અને કૌશલ્યો હસ્તગત કરીને તેનો ઉપયોગ કરવાનું આવશ્યક અને મહત્ત્વનું બની રહે છે. ટૅક્નોલૉજી ટ્રાન્સફરમાં સ્થળની તુલનાએ તેનું વ્યક્તિગત પાસુ, ટૅક્નોલૉજી સંબંધિ વિશિષ્ટ કૌશલ્યો અને જાણકારી સંચાલન કરનારના સાયન્ટીસ્ટ અને એન્જીનિયર્સ કર્મચારીઓ સહિત એક્સક્લુઝિવ ટેકનિકલ કર્મચારીઓ સુધી નીચેનામાંથી પણ નીચેના સ્તરે પહોંચે તે જરૂરી હોય છે, પરંતુ આ બીજા કદમની મહત્ત્વની પૂર્વ શરત ટૅક્નોલૉજી મેળવનાર કંપનીના કર્મચારીઓની ગ્રહણ શક્તિ કેટલી બહેતર છે તેની ઉપર આધાર રાખે છે. (Bischoff, ૨૦૦૧). આથી બહેતર ગ્રહણ ક્ષમતા ધરાવતા MSMEs બહારથી પ્રાપ્ત કરેલી ટૅક્નોલૉજીનું કાર્યક્ષમતાપૂર્વક અને સફળતાપૂર્વક અપનાવી શકે છે.

કંપની કેવા સ્રોતમાંથી ટૅક્નોલૉજી પસંદ કરે છે તેની ઉપર ટૅક્નોલૉજીની ચેનલો અને સિધ્ધિઓ નિર્ધારિત બનતી હોય છે. બિન વાણિજયીક એકમમાંથી ખાનગી ક્ષેત્રમાં ટૅક્નોલૉજીની ટ્રાન્સફરને વધુને વધુ પ્રમાણમાં ટેક સ્ટાર્ટઅપ્સમાં, વર્તમાન બિઝનેસની વૃધ્ધિમાં અને નવા રોજગાર નિર્માણમાં નોંધપાત્ર ભૂમિકા ભજવતી જોવા મળે છે. (Parker and Zilberman, ૧૯૯૩; Proctro, ૧૯૯૩). મોટા ભાગના અનુભવમૂલક સાહિત્યમાં ટૅક્નોલૉજી ટ્રાન્સફરની પ્રક્રિયાને નીચે મુજબ વર્ણવવામાં આવી છે:

(૧) યુનિવર્સિટીઓમાંથી ખાનગી એકમોમાં ટ્રાન્સફર (Parker and Zilberman, ૧૯૯૩; Proctro, ૧૯૯૩),

(૨) સરકાર દ્વારા સંચાલિત લેબ / સપોર્ટ એજન્સીમાંથી પ્રાઈવેટ કંપનીમાં તબદિલી (Cole, ૧૯૯૨), અને

(૩) ખાનગી એકમોની વચ્ચે તથા અરસપરસ ટૅક્નોલૉજીની તબદિલી (Chakrabarti, et al, 1993; Palaniswami and Bishop, 1993).

વૈશ્વિક સંદર્ભમાં જોઈએ તો કરારને આધારે થયેલા ટૅક્નોલૉજી ટ્રાન્સફર MSMEs ક્ષેત્રે સુસંગત અને પ્રભાવી જણાય છે.(Venanzi, ૧૯૯૬). આમ છતાં ટૅક્નોલૉજી ટ્રાન્સફર કેટલી અસરકારક છે તેનો આધાર વિવિધ પરિબળો ઉપર રહેતો હોય છે. આ તમામ પરિબળોમાં સૌથી મહત્ત્વનું પરિબળ સહયોગીની સામેલગીરી હોય છે. MSMEsમાં સામાન્યપણે ટૅક્નોલૉજી ટ્રાન્સફરના મૂલ્ય અંગે તથા ટૅક્નોલૉજીના સ્રોત અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. બંને ભાગીદારો વચ્ચે સામેલગીરીની પ્રેરણામાં જે ઊણપ વર્તાય છે તે તેમના કરારની શક્તિ અને તબદિલીના પર્ફોર્મન્સ ઉપર નોંધપાત્ર અસર કરે છે. બીજું જે પાસુ ટૅક્નોલૉજી ટ્રાન્સફર કરનાર કંપનીની પ્રેરણાત્મક સામેલગીરી અંગે તથા ટ્રાન્સફર થયેલી ટૅક્નોલૉજીની સંપૂર્ણતાના સ્તર અંગેનું, જ્ઞાનની ગુણવત્તા અને તબદિલ કરાયેલા અનુભવ અંગેનું છે.

મર્યાદિત ઈન-હાઉસ સાધનો અને અનુભવ ધરાવતા MSMEs માટે નવી ટૅક્નોલૉજીનો લાભ ઉઠાવવાનું ટૅક્નોલૉજી ટ્રાન્સફરની ચેનલો માટે ખાસ મહત્ત્વનું છે (Brychan, ૨૦૦૧). MSMEs માં સામાન્યપણે ટૅક્નોલૉજી ટ્રાન્સફરના મૂલ્ય, ટૅક્નોલૉજીનો સ્રોત અને તે દ્વારા પ્રાપ્ત થતી સર્વિસીસમાં આત્મવિશ્વાસમાં અભાવને કારણે ટૅક્નોલૉજી ટ્રાન્સફરના મૂલ્ય અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. MSMEs ક્ષેત્રમાં ટૅક્નોલૉજીની તબદિલી અંગે પાયાની બે વ્યવસ્થાઓ જોવા મળે છે (એક MSME માંથી બીજી MSME માં તબદિલી) અને ટૅક્નોલૉજીના વપરાશ (બહારના સ્રોતમાંથી MSMEને ટ્રાન્સફર કરાયેલી ટૅક્નોલૉજી) નો સમાવેશ થાય છે. જેમાં MSMEs ટૅક્નોલૉજી ટ્રાન્સફરના નેટવર્ક્સની મહત્ત્વની વ્યવસ્થામાં માહિતીની તબદિલીના મહત્ત્વના મિકેનિઝમ (ન્યૂઝ લેટર અને ડેટા બેઝ), ટૅક્નોલૉજી ટ્રાન્સફર (સંશોધન અને વિકાસ ઓડિટ), કૌશલ્યની તબદિલી (તાલીમ) અને સ્પેશ્યાલિસ્ટ સપોર્ટ (નાણાકીય માર્ગદર્શન) સંકળાયેલા હોય છે.

MSMEs માં ટૅક્નોલૉજી ટ્રાન્સફરનો દેખાવ વિવિધ સંસ્થાકીય પરિબળો ઉપર આધાર રાખે છે, જેમાં ઈન-હાઉસ ટેકનિકલ કર્મચારીઓ, જ્ઞાનના બાહ્ય સ્રોતો (કંપનીઓ અને સંશોધન સંસ્થાઓ) નો સંપર્ક, રાજકીય, કાનૂની અને વહીવટી વાતાવરણ તથા જ્ઞાનની તબદિલી માટેની સંસ્થાનો સમાવેશ થાય છે. આમ છતાં ટૅક્નોલૉજીના ક્ષેત્રે બિઝનેસ કરનાર કંપનીની આસપાસના સંસ્થાકીય વ્યવસ્થાના તમામ પાસાઓ દેખાવની બાબતમાં સમાન મહત્ત્વ ધરાવે છે.

સામાન્યપણે વિવિધ દેશોમાં અને ઉદ્યોગોમાં આ બાબતે નોંધપાત્ર પ્રમાણમાં ફેરફારો જોવા મળતા હોય છે.

જ્યાં સુધી ટૅક્નોલૉજી ટ્રાન્સફરની સિધ્ધિઓને સંબંધ છે ત્યાં સુધી (૧) નવી પ્રોડક્ટસની સંખ્યામાં વધારો (૨) પ્રોડક્ટ વિકસાવવા અંગેની સાયકલના સમયમાં ઘટાડો (૩) ખર્ચમાં ઘટાડાને કારણે ઉત્પાદકતામાં વૃધ્ધિ અને (૪) વેચાણમાં વધારો. આ બધા ટૅક્નોલૉજીની તબદિલીના સામાન્યપણે જોવા મળતા પરિણામો છે (Daim and Kacaoglu, 2008). અનુભવલક્ષી અભ્યાસોમાં જોવા મળ્યું છે કે બહારથી મેળવાયેલી ટૅક્નોલૉજી અને કંપનીના પર્ફોર્મન્સમાં આંતરિક સંશોધન- વિકાસના પ્રયાસોના કારણે નોંધપાત્ર અને હકારાત્મક સંબંધો જોવા મળ્યા છે (Tasi and Wang, 2008). નજીકના ભૂતકાળની વાત કરીએ તો બેંગાલુરુ સ્થિત એન્જીનિયરિંગ ક્ષેત્રના MSMEs ભારતીય સંદર્ભમાં નોંધપાત્ર રીતે આ બાબતનું સમર્થન કરે છેઃ ટૅક્નોલૉજી ટ્રાન્સફરની સાથે સાથે કંપનીના સ્તરે આવશ્યક ઈનોવેશન અને કંપનીના સ્તરે સ્પર્ધાત્મકતાના નિર્માણથી આર્થિક દેખાવમાં નોંધપાત્ર પ્રદાન થયેલું જોવા મળે છે. આથી સફળતાપૂર્વક ટૅક્નોલૉજીની તબદિલી અને ઉચ્ચ આર્થિક દેખાવ માટે MSMEsમાં આંતરિક “ટેકનો-ઈકોનોમિક” તાકાત એક પૂર્વ શરત બની રહે છે (Bala Subrahmanya, 2015).

ઉપર કરેલી ચર્ચાના સંદર્ભમાં MSMEs ને ટૅક્નોલૉજી અપગ્રેડેશન માટે મળેલો નીતિ વિષયક સહયોગ તથા સ્રોતો, ચેનલો અને હકારાત્મક સિધ્ધિઓ માટે ચોક્કસ અભિગમનું માળખું જરૂરી બને છે (આકૃતિ-૧ માં દર્શાવ્યા મુજબ)

**૪. ટૅક્નોલૉજી ટ્રાન્સફર અને MSMEs: અભિગમલક્ષી માળખુ:**

સ્થાનિક બજારમાં સ્પર્ધાત્મક બની રહેવું હોય અને આંતરરાષ્ટ્રિય બજારમાં ધીમે ધીમે પગ પેસારો કરવો હોય તો ભારતના MSMEs ચેપ્ટરમાં ટૅક્નોલૉજી જૂની-પુરાણી થઈ જવાની બાબત એ ખૂબ જ કપરી સમસ્યા તરીકે ઉપસી આવી છે. આથી જ ટૅક્નોલૉજી ડેવલપમેન્ટને ભારતના SME સેક્ટરમાં વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટેનું અત્યંત મહત્ત્વનું પરિબળ ગણવામાં આવે છે. (Ministry of MSMEs, 2011; TIFAC, 2017).

**૪.૧ ટૅક્નોલૉજી ટ્રાન્સફરના ઉદ્દેશોઃ**

ટૅક્નોલૉજી ટ્રાન્સફર MSMEs ક્ષેત્રને વિવિધ લાભ પૂરાં પાડે છે. સામાન્ય રીતે ભારતના MSMEs માં આંતરિક સ્તરે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિ મારફતે જરૂરી ટેકનિકલ કુશળતાનો અભાવ વર્તાય છે, તેમનામાં ખર્ચ કરવાની નાણાકીય મજબૂતીનો અભાવ તથા ટૅક્નોલૉજી વિકાસ માટે સંશોધન અને વિકાસ પ્રવૃત્તિનાં જોખમની અનિશ્ચિતતાઓનો સામનો કરવાનો પણ અભાવ વર્તાય છે. આંતરિક ધોરણે ટૅક્નોલૉજી વિકસાવવામાં ઘણો લાંબો સમય લાગે છે અને કેટલીકવાર તેમાં અમર્યાદિત વિલંબ થાય છે. આથી MSMEs ટૅક્નોલૉજી ટ્રાન્સફર બાબતે સમય અને નાણાં બચાવવાનું પસંદ કરે છે તથા આંતરિક સ્તરે પૂરતી ટેકનિકલ નિપુણતાને અભાવને પાર કરવા ટૅક્નોલૉજીકલ અપગ્રેડેશન હાંસલ કરવાનું પસંદ કરે છે. ઘણાં કિસ્સાઓમાં તો MSMEs કે જે આર્થિક પ્રવૃત્તિનો વ્યાપ વિસ્તારવા ઈચ્છતા હોય અથવા તો આર્થિક પ્રવૃત્તિની ક્ષમતા ચકાસવા માંગતા હોય અથવા તો આંતરરાષ્ટ્રિય બજારમાં પ્રવેશવા માંગતા હોય તો તેમણે ટૅક્નોલૉજી ટ્રાન્સફરનો માર્ગ પસંદ કરવો પડે છે.

**૪.૨. ટૅક્નોલૉજી ટ્રાન્સફરના સ્રોતો અને માર્ગો:**

MSMEs માટે ટૅક્નોલૉજી ટ્રાન્સફર દ્વારા ટૅક્નોલૉજીનું અપગ્રેડેશન કરવાના વિવિધ સ્રોતો હોય છે, જેવા કેઃ

(i) ભારત સરકારના ડેવલપમેન્ટ કમિશન, MSMEs મંત્રાલય, માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ દ્વારા ટૅક્નોલૉજી બેંકની જાળવણી કરીને ટૅક્નોલૉજીની માહિતી અને ટૅક્નોલૉજી સહાય પૂરી પાડવામાં આવે છે. (DCMSMEs, 2017).

(ii) યુનિવર્સિટી અથવા તો એન્જીનિયરિંગ સંસ્થા (જેવી કે IITs/NITs/IISc અથવા તો અન્ય એન્જીનિયરિંગ કોલેજો) પ્રયોગશાળામાં વિકસાવાયેલી ટૅક્નોલૉજી MSMEs ને કોન્ટ્રાક્ટ રિસર્ચ મારફતે અથવા તો પાયાના સંશોધન દ્વારા પ્રાપ્ત કરીને પૂરી પાડે છે. TIFAC-MSME પ્રોગ્રામ આ અંગેની સુગમતા પૂરી પાડે છે. (TIFAC, 2017).

(iii) સરકાર દ્વારા પ્રાયોજીત ટૅક્નોલૉજી રિસર્ચ સેન્ટર જેવી સંશોધન વિકાસ સંસ્થા કે જે સ્થાનિક ધોરણે અથવા તો વિદેશમાંથી MSMEs ને ટૅક્નોલૉજી શોધવામાં અને હસ્તગત કરવામાં સહાય કરે છે.

(iv) નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NRDC) જે વ્યાપારી ધોરણે ટૅક્નોલૉજી વિકસાવે છે, કાઉન્સિલ ફોર સાયન્ટિફીક એન્ડ

ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) ની દેશભરમાં આવેલી પ્રયોગશાળાઓ મુખ્યત્વે MSMEs ને ટૅક્નોલૉજી ટ્રાન્સફરમાં સહાયક બને છે.

(v) નેશનલ મેન્યુફેક્ચરિંગ કોમ્પિટીવનેસ પ્રોગ્રામનો ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (NMCP) (DCMSMEs, 2014).

(vi) જેમની સાથે સબ-કોન્ટ્રાક્ટીગના સંબંધો હોય તેવા મોટા એકમો (તે સ્થાનિક ખાનગી એકમો, જાહેરક્ષેત્રનાં એકમો અથવા તો બહુરાષ્ટ્રીય કોર્પોરેશન હોઈ શકે છે). MSMEs ને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પાર્ટ્સ અને કોમ્પોનન્ટસના ઉત્પાદનમાં સુગમતા થાય તે માટે આ સંસ્થાઓ ટેકનિકલ માહિતી, સહાય અને મહત્ત્વની ટૅક્નોલૉજી પૂરી પાડે છે.

(vii) પ્રોફેશનલ ટેકનિકલ કન્સલ્ટન્ટ કે જે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (DSIR) માં નોંધાયેલા હોય, તે દેશમાંથી અથવા તો પરદેશથી યોગ્ય ટૅક્નોલૉજી નક્કી કરવામાં અને પ્રાપ્ત કરીને હસ્તગત કરવામાં સહાયરૂપ બને છે.

(viii) દેશની અંદર ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓમાં ટેકનિકલ શિક્ષણ સ્પોન્સર કરો અને કર્મચારીઓને તાલીમ આપો તથા તે દ્વારા ઈન-હાઉસ ટેકનિકલ નિપુણતા વિકસાવો અને તેના દ્વારા બહારની યોગ્ય ટૅક્નોલૉજીસનું આકલન કરીને પ્રાપ્ત કરો.

(ix) ટૅક્નોલૉજી એક્ઝિબિશન, ટૅક્નોલૉજી કોન્ફરન્સીસમાં સામેલગિરી તથા ટેકનિકલ જર્નલ્સનું વાંચન કરીને અને ટૅક્નોલૉજીના સ્રોતો ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ત કરીને તથા બહારની ટૅક્નોલૉજીની ઉપલબ્ધ ચેનલો મારફતે ટૅક્નોલૉજી પ્રાપ્ત કરી શકાય છે.

(x) ટૅક્નોલૉજી લાયસન્સીસઃ આ એક કોન્ટ્રાક્ટ પ્રકારનો કરાર છે, કે જેમા લાયસન્સ આપનાર પેટન્ટસ, ટ્રેડમાર્કસ, સર્વિસ માર્કસ, કોપી રાઈટસ, ટ્રેડ સિક્રેટ્સ અથવા તો અન્ય બૌધ્ધિક સંપત્તિનું વેચાણ કરે છે અથવા તો વળતર મેળવીને લાયસન્સ લેનારને ઉપલબ્ધ કરે છે. આ માટે અગાઉથી પક્ષકારો વચ્ચે વાટાઘાટો કરવામાં આવે છે. આ વળતર અથવા તો ઉચ્ચક રોયલ્ટી અથવા તો રનીંગ રોયલ્ટી (એવી રોયલ્ટી કે જે ઉત્પાદનના કદ ઉપર આધારિત હોય) તરીકે આપવામાં આવે છે અથવા તો તે બંનેનો સમન્વય પણ હોઈ શકે છે. (i) to (x) માં દર્શાવેલી બાબતો ટૅક્નોલૉજીના લાયસન્સીગ માટે સુગમતા ઉભી કરી શકે છે.

(xi) હયાત ટૅક્નોલૉજીની વેન્ડર/સપ્લાયર અથવા તો કોમર્શિયલ ચેનલ પાસેથી સીધે સીધી ખરીદી. APCTT (કે જે યુનોની નવી દિલ્હી સ્થિત સંસ્થા છે). તે ચોક્કસ સમયના અંતરે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં MSMEs ને ટૅક્નોલૉજીની તબદિલીમાં સહાયક બને છે તથા તે માટેની વ્યવસ્થા ગોઠવી આપે છે અને ક્ષમતા નિર્માણનાં કાર્યક્રમો હાથ ધરે છે (APCTT, 2017).

(xii) ઈન્ડિયા એસએમઈ ટૅક્નોલૉજી સર્વિસીસ લિમિટેડ એક એવો મંચ પૂરો પાડે છે કે જે દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો MSMEs વૈશ્વિક સ્તરેથી નવી અને ઉભરતી ટૅક્નોલૉજી પ્રાપ્ત કરી શકે છે અથવા તો બિઝનેસ માટે સહયોગ કરી શકે છે (ISTSL, 2017).

૪.૩ ટૅક્નોલૉજી ટ્રાન્સફરની સિધ્ધિઓઃ

સામાન્ય રીતે MSMEs ટૅક્નોલૉજી ટ્રાન્સફરના પરિણામો હાંસલ કરવા માટે સક્ષમ છે તેમાંના કેટલાક નીચે મુજબ છેઃ

- ઉત્પાદકતામાં વધારો
- ખર્ચમાં ઘટાડો
- ઉત્પાદનના વ્યાપનું વિસ્તરણ (Scale economies)
- પ્રોડક્ટસની રેન્જનું વિવિધિકરણ (Scope economies)
- નવી ડિઝાઈન કરેલી પ્રોડક્ટસ
- પ્રોડક્ટસની બહેતર ગુણવત્તા
- આંતરરાષ્ટ્રિય બજારોમાં પ્રવેશ
- વેચાણો અને બજાર હિસ્સામાં વૃધ્ધિ

અંતમાં એવું કહી શકાય કે ટૅક્નોલૉજી અપગ્રેડેશન (ટૅક્નોલૉજીની ટ્રાન્સફર માટેની વિવિધ સ્રોતો અને ચેનલો મારફતે) હાંસલ કરવા માટે MSMEs એ વિવિધ ઉદ્દેશો હાંસલ કરવાના રહે છે, જેમાં જરી-પુરાણી ટૅક્નોલૉજીમાંથી બહાર નિકળવું, વ્યાપ અથવા તો ક્ષમતાનું વિસ્તરણ કરવું અને/અથવા આંતરરાષ્ટ્રિય બજારમાં પ્રવેશ કરવાનો સમાવેશ થાય છે. ટૅક્નોલૉજી અપગ્રેડેશન હાંસલ કરવા માટે MSMEs વૈકલ્પિક સ્રોતોમાંથી ટૅક્નોલૉજી શોધતા રહે છે. એક વખત ચોક્કસ સ્રોતની ઓળખ થાય એટલે ટૅક્નોલૉજી ટ્રાન્સફરની ચેનલ નક્કી કરવામાં આવે છે અને તેને અનુસરવામાં આવે છે. ટૅક્નોલૉજી ટ્રાન્સફરની સિધ્ધિ પ્રાપ્ત કરવાથી MSME આ બધા અથવા તો આમાંથી કેટલાંક ઉદ્દેશો હાંસલ કરી શકે છે અને આર્થિક દેખાવમાં અને સ્પર્ધાત્મકતામાં

| ઉદ્દેશો | | | |
|---|---|---|---|
| • સમયની બચત<br>• ખર્ચમાં બચત<br>• ઈન-હાઉસ ટેકનિકલ નિપુણતાની ઊણપમાંથી પાર ઉતરવું.<br>• આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ<br>• ઉત્પાદનનો વ્યાપ વિસ્તારવો અથવા તો ઉત્પાદનના વ્યાપમાં વિવિધિકરણ કરવું | • યુનિવર્સિટી અથવા તો ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ<br>• TRCs જેવી સંશોધન અને વિકાસ સંસ્થાઓ<br>• NRDC/TIFAC<br>• MNCs સહિતના મોટા એકમો<br>• પ્રોફેશનલ ટેકનિકલ કન્સલટન્ટ્<br>• પ્રદર્શનોમાં ભાગ લેવો અને /અથવા ટેકનિકલ જર્નલ્સનું વાંચન કરવું અથવા તો ઈન્ટરનેટ દ્વારા મેળવવું | • ટેકનિકલ માહિતી<br>• ટેકનિકલ સહાય<br>• હાર્ડવેર અને સોફ્ટવેરની તબદિલી તથા લાયસન્સીગ દ્વારા તાલીમ<br>• આડ પેદાશ<br>• સંયુક્ત સાહસ<br>• સબ કોન્ટ્રાક્ટીંગનો | • ખર્ચમાં ઘટાડો<br>• ગુણવત્તામાં સુધારો<br>• સુધારેલી અથવા તો નવી પ્રક્રિયાઓ<br>• ઉત્પાદકતામાં વધારો<br>• વેચાણમાં વૃધ્ધિ<br>• આંતરરાષ્ટ્રિય બજારમાં પ્રવેશ |

એકંદર સુધારો હાંસલ કરી શકે છે. વર્તમાન સમયમાં વધુને વધુ સંખ્યામાં MSMEs ટેક્નોલૉજી તબદીલ કરીને આ ક્ષેત્રના લાભ માટે તથા સાથે સાથે ભારતીય અર્થતંત્રના લાભ માટે ટેક્નોલૉજીનું અપગ્રેડેશન હાંસલ કરી રહ્યા છે.

**References:**


APCTT (2017): Website: http://www.apctt.org/technology-transfer, (accessed on 2nd October 2017).

Bala Subrahmanya, M H (2015): "External technology Acquisition and Economic Performance of SMEs in Bangalore: An Empirical Analysis", *Technology Transfer and Entrepreneurship*, 2(2), pp.101-111.

Bala Subrahmanya, M H (2014): "External technology acquisition of MSMEs in the engineering industry of Bangalore: What prompts them to move faster for acquisition?" *Journal of Manufacturing Technology Management*, 25(8), pp. 1174-1194.

Bischoff, J (2001): "Technology Transfer", *Technology for Small Scale Industries: Current Status and Emerging Needs,* Small Industries Development Bank of India, Lucknow, pp. 109-133.

Brychan. T (2001):"SMEs and Technology Transfer Networks in Industrial South Wales", *International Journal of Applied Management*, 2, June, pp 87-101.

Buratti, N and L Penco (2001): "Assisted Technology Transfer to SMEs: Lessons from an Exemplary Case", *Technovation*, 21, pp 35-43.

Chakrabarti, A, Dror, I and Eakabuse, N (1993): "Inter-organizational Transfer of Knowledge: An Analysis of Patent Citations of a Defense Firm", *IEEE Transactions on Engineering Management*, 40, pp 91-94.

Cole, B (1992): "Conversion: DOE Labs: Models for Technology Transfer", *IEEE Spectrum*, 29, pp 53-57.

Daim, T U and Kacaoglu, D F (2008): "Exploring Technology Acquisition in Oregon, Turkey and in the US Electronics Manufacturing Companies", *Journal of High Technology Management Research*, 19, pp 45-58.

DCMSMEs (2017): website: http://dcmsme.gov.in/publications/traderep/tbank.html, Government of India, New Delhi (accessed on 30th September 2017).

DCMSMEs (2014): *Compendium of National Manufacturing Competitiveness Program and Other Major Schemes*, Government of India, New Delhi.

Enos, J (1989): "Technology Transfer", *Asia Pacific Economic Literature*, 3, pp 3-36.

Government of India (2010), *Report of the Prime Minister's Task Force on Micro, Small and Medium Enterprises*, Prime Minister's Office, Government of

India, New Delhi.

ISTSL (2017): *Technology Bank for MSME*, website: http://techsmall.com/ , (accessed on 2nd October 2017).

Kim, E Y (1990): "Multinational: preparation for international technology transfer", in Gibson, D V and F Williams (Eds): *Technology Transfer: A Communication Perspective*, Sage, London.

Koc, T and C Ceylan (2007): "Factors Impacting the Innovative Capacity in Large-scale Companies", *Technovation*, 27, pp 105-114.

Lanctot, K and Swan, K C (2000): "Technology Acquisition Strategy in an Internationally Competitive Environment", *Journal of International Management*, 6, pp. 187-215.

Ministry of MSMEs (2017): *Annual Report 2016/17*, Government of India, New Delhi.

Ministry of MSMEs (2011): *Initiatives of the Ministry of Micro, Small & Medium Enterprises in Recent Years*, Government of India, New Delhi.

National Commission for Enterprises in the Unorganized Sector (2009): *A Report on Technology Upgradation for Enterprises in the Unorganized Sector: Status, Constraints and Recommendations*, Government of India, New Delhi.

Noori, H (1990): *Managing the Dynamics of New Technology*, Prentice Hall, New Jersey.

OECD (2017): *Enhancing the Contributions of MSMEs in a Global and Digitalized Economy*, Meeting of the OECD Council at Ministerial Level, 7-8 June 2017, Paris.

NRDC website (2017): www.nrdcindia.com(accessed on 2nd October 2017).

Palaniswami, S H and Bishop, R (1993): "Operational Technology Transfer: Can We Calculate the Behaviour Costs?", *International Journal of Production Economics*, 30, pp. 323-330.

Parker, D D and Zilberman, D (1993): "University Technology Transfers: Impacts on Local and US Economies", *Contemporary Policy Issues*, 11, pp. 87-99.

Proctor, P (1993): "Universities Seek Role as Technology Transfer Catalysts", *Aviation Week and Space Technology*,139, pp 55-56.

RBI (2017): *Handbook of Statistics on Indian Economy*, Reserve Bank of India, Mumbai.

Romijn, H (2001): "Technology Support for Small-Scale Industry in Developing Countries: A Review of Concepts and Project Practices", *Oxford Development Studies,* 29, pp. 57-76.

Scannell, V., Calantone, R.J. and Melnyk, S.A. (2012), "Shop floor manufacturing technology adoption decisions", *Journal of Manufacturing Technology Management*, 23(4), pp. 464-483.

Smith, C H (1980): *Japanese Technology Transfer to Brazil*, Ann Arbor, UMI Research Press, Mich.

Stewart, F (1977): *Technology and Underdevelopment*, Macmillan, London.

Stock, G N and M V Tatikonda (2004): "External Technology Integration in Product and Process Development", *International Journal of Operations & Production Management*, 24, pp 642-665.

TIFAC (2017): MSME - Technology Upgradation Programme, website: http://tifac.org.in/index.php?option=com_content&view=article&id=69 (accessed on 30th September 2017).

Tsai, K.H. and Wang, J.C. (2008), "External technology acquisition and firm performance:a longitudinal study", *Journal of Business Venturing*, 23(1), pp. 91-112.

Venanzi, D (1996): "A New Approach to the Identification and Selection of International Technology Transfer Modes: Logical Framework and Empirical Evidence", *Technovation*, 16, pp. 287-300.

Zahra, S A, Sisodia, R, and Das, S (1994): "Domestic and international competitive focus, technology strategy and company performance: an empirical analysis", *International Journal of Technology Management*, 9, pp 172-195.

લેખક ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc), બેંગ્લોરના ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે. તેમને ૧૦૦ થી વધુ પુસ્તકોના પ્રકાશનનું બહુમાન પ્રાપ્ત થયું છે. હાલમાં તે એશિયન જર્નલ ઓફ ઈનોવેશન એન્ડ પોલિસી (AJIP), દક્ષિણ કોરિયા અને કરંટ સાયન્સ, બેંગ્લોર અને એમિટી જર્નલ ઓફ ઈકોનોમિક્સ, નવી દિલ્હીના એડિટોરિયલ એડવાઈઝરી બોર્ડમાં સ્થાન ધરાવે છે. તેમના સ્પેશ્યાલાઈઝેશનનું ક્ષેત્ર ઈન્ડસ્ટ્રીયલ ઈકોનોમિક્સ છે, જેમાં તે SMEs, ઈનોવેશન અને આંત્રપ્રિનિયોર્શીપ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

**E-mail: bala@iisc.ac.in**

# ખાદી અને ગ્રામીણ ઉદ્યોગનો પુનરોદ્ધાર: ખાદી પંચની નવી પહેલો

વી કે સક્સેના

*ખાદી રાષ્ટ્રીય પ્રતીક છે અને ગ્રામીણ ઉદ્યોગ આપણો સાંસ્કૃતિક વારસો છે. આપણને આપણા વારસા પર ગર્વ છે કે ખાદી મૂળે રાષ્ટ્રવાદનું પ્રતીક છે, જેને આપણાં રાષ્ટ્રપિતાએ અપનાવી હતી. સ્વતંત્રતા મળ્યાં પછી આપણાં રાષ્ટ્રીય નાયકોએ ખાદીનાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક મૂલ્યનું મહત્ત્વ સ્વીકાર્યું હતું તથા ખાદી અને અન્ય ઉત્પાદન મારફતે ગ્રામીણ સમુદાયોની સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય સ્તરે સંસ્થાઓ સ્થાપિત કરી હતી. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ પંચ (કેવીઆઈસી) આ પ્રકારનાં રાષ્ટ્રીય સંદર્ભમાં અસ્તિત્વમાં આવ્યું હતું અને તે સ્વનિર્ભરતાનાં સિદ્ધાંત પર અનેક પહેલો શરૂ કરવામાં મદદરૂપ થયું હતું. જોકે ભૂરાજકીય વાસ્તવિકતાઓમાં ફેરફાર થવાથી આ પ્રકારની ઘણી સંસ્થાઓ અને પહેલો વ્યવસ્થિત રીતે બંધ થઈ રહી હતી.*

*કેવીઆઈસીએ સંકુલમાં આ પ્રકારની બંધ થયેલી સંસ્થાઓ અને પહેલોને ફરી શરૂ કરવાની કામગીરી શરૂ કરી છે, જેથી (૧) એક સમયે સમાજની સેવા કરનાર એ રાષ્ટ્રીય પ્રતીકો હંમેશા માટે સચવાયેલા રહે અને (૨) તેઓ હજુ પણ એ જ ઉદ્દેશ સાથે સમાજની સેવા કરી શકે, જે માટે તેમની સ્થાપના થઈ હતી. તેનો ઉદ્દેશ આસપાસનાં વિસ્તારનાં લોકોનાં જીવનને ટેકો આપવાનો અને તેમનાં જીવનને સમૃદ્ધ બનાવવાનો છે.*

## ૧ સોનેરી ભૂતકાળનો પુનરોદ્ધાર

ખાદી રાષ્ટ્રીય પ્રતીક છે અને ગ્રામીણ ઉદ્યોગ આપણો સાંસ્કૃતિક વારસો છે. આપણને આપણા વારસા પર ગર્વ છે કે ખાદી મૂળે રાષ્ટ્રવાદનું પ્રતીક છે, જેને આપણાં રાષ્ટ્રપિતાએ અપનાવી હતી. સ્વતંત્રતા મળ્યાં પછી આપણાં રાષ્ટ્રીય નાયકોએ ખાદીનાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક મૂલ્યનું મહત્ત્વ સ્વીકાર્યું હતું તથા ખાદી અને અન્ય ઉત્પાદન મારફતે ગ્રામીણ સમુદાયોની સ્વનિર્ભરતાને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય સ્તરે સંસ્થાઓ સ્થાપિત કરી હતી. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ પંચ (કેવીઆઈસી) આ પ્રકારનાં રાષ્ટ્રીય સંદર્ભમાં અસ્તિત્વમાં આવ્યું હતું અને તે સ્વનિર્ભરતાનાં સિદ્ધાંત પર અનેક પહેલો શરૂ કરવામાં મદદરૂપ થયું હતું. જોકે ભૂરાજકીય વાસ્તવિકતાઓમાં ફેરફાર થવાથી આ પ્રકારની ઘણી સંસ્થાઓ અને પહેલો વ્યવસ્થિત રીતે બંધ થઈ રહી હતી.

કેવીઆઈસીએ સંકુલમાં આ પ્રકારની બંધ થયેલી સંસ્થાઓ અને પહેલોને ફરી શરૂ કરવાની કામગીરી શરૂ કરી છે, જેથી (૧) એક સમયે સમાજની સેવા કરનાર એ રાષ્ટ્રીય પ્રતીકો હંમેશા માટે સચવાયેલા રહે અને (૨) તેઓ હજુ પણ એ જ ઉદ્દેશ સાથે સમાજની સેવા કરી શકે, જે માટે તેમની સ્થાપના થઈ હતી. તેનો ઉદ્દેશ આસપાસનાં વિસ્તારનાં લોકોનાં જીવનને ટેકો આપવાનો અને તેમનાં જીવનને સમૃદ્ધ બનાવવાનો છે.

**૨૬ વર્ષ પછી સેવાપુરી (વારાણસી)માં ખાદી આશ્રમનો પુનરોદ્ધાર**

વારાણસીમાં સેવાપુરીમાં ગાંધી આશ્રમની સ્થાપના ગાંધીજીનાં માર્ગદર્શન હેઠળ ખાદીને પ્રોત્સાહન આપવા અને રોજગારી પ્રદાન કરવા વર્ષ ૧૯૪૬માં થઈ હતી. ત્યારબાદ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેનું ઔપચારિક ઉદ્‌ઘાટન કર્યું હતું અને અહીં ગાંધીજી થોડો સમય રોકાયા હતાં. આ સંસ્થા ૧૨ એકરથી વધારે વિસ્તારમાં ફેલાયેલ છે અને તેમાં ૫૦૦થી વધારે લોકો કામ કરે છે તથા તે દેશમાં શ્રેષ્ઠ ખાદી કેન્દ્રોમાંનું એક હતું. પણ નાણાકીય ભીડ અને યોગ્ય વ્યવસ્થાપનનાં અભાવે આ કેન્દ્ર ૧૯૯૦માં બંધ થઈ ગયું હતું અને સોનેરી ભૂતકાળનું સ્મારક બની ગયું હતું.

કેવીઆઈસીએ ૧૭ સપ્ટેમ્બરે સેવા કેન્દ્રની કામગીરી ફરી શરૂ કરી હતી. કેવીઆઈસીએ ખાદી સંબંધિત કામગીરી શરૂ કરવા સીએસઆર ફંડનો ઉપયોગ કરવા ગ્રામીણ વીજળીકરણ નિગમ (આરઈસી)ને રોકી હતી. આરઈસીએ આ પ્રોજેક્ટ માટે રૂ. ૫.૫૦ કરોડ મંજૂર કર્યા હતાં. ખાદીની પ્રવૃત્તિ માટે સીએસઆર ફંડનો સૌપ્રથમ ઉપયોગ થયો છે, જેમાં ૫૦૦ સૌર ચરખા અને ૧૦૦ સોલર લૂમનું વિતરણ કરવામાં આવ્યું છે.

સૌર ચરખા અને લૂમ પર તાલીમ આપવા કેવીઆઈસીએ વારાણસી જિલ્લામાં જયાપુર અને કાકરહિયામાં બે તાલીમ કેન્દ્રો સ્થાપિત કર્યા છે તથા આ બંને ગામમાં ૨૫-૨૫ સૌર ચરખા અને ૫-૫ સોલર લૂમ સ્થાપિત કરી છે, જેમાં અત્યાર સુધી ૫૦૦ સ્થાનિક

મહિલાઓએ તાલીમ લીધી હતી.

**જમ્મુ-કાશ્મીરમાં પેમ્પોરમાં ઐતિહાસિક તાલીમ કેન્દ્રની પુનઃશરૂઆત**

કેવીઆઇસીએ ૨૨ ઑગસ્ટ, ૨૦૧૭નાં રોજ પેમ્પોરમાં બંધ પડેલ તાલીમ કેન્દ્રને પુનઃ શરૂ કર્યું છે. પેમ્પોર ઐતિહાસક શહેર છે, જે જમ્મુ-કાશ્મીરમાં ઝેલમ નદીનાં પૂર્વ કિનારે સ્થિત છે. તે પોતાનાં કેસર માટે પ્રસિદ્ધ છે અને એટલે ''કાશ્મીરનાં કેસર નગર'' તરીકે પ્રસિદ્ધ છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૯૯૦માં બળવામાં આ કેન્દ્રને મોટા પાયે નુકસાન થયું હતું. વર્ષ ૧૯૪૭માં ગાંધીજીએ પણ કેવીઆઇસી સેન્ટરની મુલાકાત લીધી હતી.

પેમ્પોરમાં ઐતિહાસિક કેન્દ્રમાં કાંતણ અને વણાટ, ઇડીપી, મધમાખી ઉછેર અને સૌર ચરખાની તાલીમ માટે અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યાં છે. ખાદી ઇન્ડિયાનાં રિનોવેટ કરેલા આઉટલેટનું ઉદ્‌ઘાટન પણ થયું હતું, જેનો આતંકવાદી બળવામાં નાશ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત ગુજરાતમાં વાણજનાં આદિવાસી-બહુમતી ધરાવતા ગામમાં કેવીઆઇસીએ ૨૫ ચરખા અને ૫ લૂમ પ્રદાન કરી છે. તે ઓછામાં ઓછા ૫૦ આદિવાસી મહિલાઓ માટે સ્થાયી રોજગારીની તકોનું સર્જન પણ કરે છે.

ઉપરાંત ચાલુ વર્ષે એપ્રિલમાં કેવીઆઇસીએ કાઝિરંગા રાષ્ટ્રીય પાર્કમાં સિલિમ્ખોવા ગામમાં નવું તાલીમ-કમ-ઉત્પાદન કેન્દ્ર પણ શરૂ થયું છે, જ્યાંના લોકો શિકાર પર આધારિત હતાં. કેવીઆઇસીએ ગ્રામીણ કલાકારોને ૨૫ ચરખા, પાંચ લૂમ અને અન્ય સાધનસામગ્રી આપી હતી. આ યુનિટ આ વિસ્તારનાં આશરે ૫૦ ગ્રામીણ પરિવારોને રોજગારીની સીધી તક પ્રદાન કરે છે.

**૨. મધમાખી ઉછેરકેન્દ્રની સ્થાપના**

ભારતનાં વિવિધ વિસ્તારોમાં કુદરતી વનસૃષ્ટિ વધારે હોવાથી કુદરતી મધનું ઉત્પાદન કરવાની ઘણી સંભવિતતા છે. દેશનાં વન્ય, અર્ધવન્ય અને કૃષિ વિસ્તારોમાં મધમાખી ઉછેર અતિ લોકપ્રિય ગ્રામીણ ઉદ્યોગ છે. મધ બનાવવાનાં અનેક ફાયદા છે. મધ આપવા ઉપરાંત મધમાખીઓ પરાગરજની શક્યતા વધારવા માટે જાણીતી છે, જેથી કૃષિનું ઉત્પાદન વધે છે. મધમાખીનું મીણ, પરાગ, મધમાખીનું ઝેર અન્ય ઉપયોગી અને કિંમતી આડપેદાશો છે. એટલે કેવીઆઇસીએ દેશમાં 'હની મિશન'ની શરૂઆત કરી છે, જેનો ઉદ્દેશ મધ બનાવવાની પ્રવૃત્તિ માટે ઉચિત સંરક્ષણ પ્રદાન કરવાનો છે. હની મિશન હેઠળ કેવીઆઇસી ચાલુ વર્ષે ખેડૂતોને એક લાખ બી બૉક્ષનું વિતરણ કરશે.

કેવીઆઇસીએ રાષ્ટ્રપતિ ભવનમાં હની મિશનની શરૂઆત કરી હતી. આદરણીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનની અંદર કેવીઆઇસીએ સ્થાપિત કરેલા મધમાખી ઉછેરકેન્દ્રની મુલાકાત લીધી હતી. કેવીઆઇસીએ રાષ્ટ્રપતિ ભવનમાં ૧૫૦ બી બૉક્સનું મધમાખી ઉછેરકેન્દ્ર સ્થાપિત કર્યું છે અને આગામી થોડાં મહિનામાં આ પ્રકારનાં બોક્સની સંખ્યા વધીને ૫૦૦ થઈ જશે, જેથી રાષ્ટ્રપતિ ભવનમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત આશરે ૧૫,૦૦૦ કિલોગ્રામ મધનું ઉત્પાદન થશે.

સેવાપુરી વારાણસી ક્ષેત્ર કૃષિનો પટ્ટો છે, જે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની દૃષ્ટિએ સમૃદ્ધ છે એટલે 'હની મિશન' અંતર્ગત કેમ્પસમાં મધમાખીઓ સાથે ૧૦૦ બોક્ષનું મધમાખી ઉછેર કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે. તેનો ઉપયોગ આસપાસનાં વિસ્તારોનાં ખેડૂતો માટે મધમાખી ઉછેર માટે તાલીમ અને ઉત્પાદન કેન્દ્ર તરીકે થાય છે. તે વારાણસી જિલ્લામાં મધમાખીનાં ઉત્પાદન અને તાલીમ માટે ૧૦૦ બોક્સ સાથે સૌપ્રથમ મધમાખી ઉછેરકેન્દ્ર પણ છે.

જમ્મુ-કાશ્મીરમાં પમ્પોર તાલીમ કેન્દ્રમાં મધમાખીઓ સાથે ૧૦૦ બોક્સ પણ સ્થાપિત કરવામાં આવ્યાં છે, જેનો ઉદ્દેશ મધ ઉછેર પર તાલીમ પ્રદાન કરવાનો છે. મધમાખીનાં ઉછેર માટેનાં બોક્સનું વિતરણ સ્થાનિક ખેડૂતોને થશે અને મધમાખી ઉછેરકર્તાઓને તાલીમ આપવામાં આવશે. કાશ્મીરનું આ કેસર નગર ઉચ્ચ ગુણવત્તાયુક્ત મધનાં ઉત્પાદન માટે અને હની મિશન સાથે જોડવા માટે ઉચિત સ્થાન છે.

**૩. મહિલાઓનો ઉદ્ધાર અને સશક્તિકરણ**

કેવીઆઇસીની તમામ વિકાસલક્ષી કામગીરીઓમાં મહિલાઓનું સશક્તિકરણ કેન્દ્રમાં છે. સેવાપુરી હોય કે પમ્પોર હોય, કેવીઆઇસીએ મહિલા સશક્તિકરણ પર હંમેશા ભાર મૂક્યો છે, કારણ કે અમારું માનવું છે કે સશક્ત મહિલા સ્વસ્થ પરિવારનું નિર્માણ કરી શકે છે, જેથી દેશનાં નિર્માણ આડેનાં અવરોધો દૂર થાય છે.

કેવીઆઇસીએ નર્મદા ઘાટીમાં મહિલા સશક્તિકરણની નવી શરૂઆત કરી

પોતાનાં સહયોગ કાર્યક્રમ મારફતે કેવીઆઇસીએ મધ્યપ્રદેશનાં નર્મદા ઘાટીનાં વિસ્તારોમાં ખાદી સાથે સંબંધિત કામગીરી શરૂ કરવા ઓમકારેશ્વરમાં આદિવાસી મહિલાઓને ૮૦ ચરખા આપ્યાં હતાં. તમામ ૯૦ મહિલા યોગ્ય તાલીમ મળ્યાં પછી અન્ય આદિવાસી મહિલાઓ માટે આદર્શ બની ગઈ હતી. જનભાગીદારી સાથે સહયોગ કાર્યક્રમ હેઠળ હજાર ચરખાનું વિતરણ સમગ્ર દેશમાં ગ્રામીણ સમુદાયોમાં થયું છે.

**૪. બજારમાં ઓળખ ઊભી કરવી**

ગ્રામીણ સમુદાયોની આજીવિકા વધારવાની પ્રક્રિયામાં બજાર કેન્દ્રમાં છે, કારણ કે તે પુરવઠા અને માંગની સંતુલિત સ્થિતિ ઊભી કરે છે. કેવીઆઇસ બજાર પર સતત કેન્દ્રિત છે, કારણ કે બજારમાં વોલ્યુમ ગ્રામીણ સમુદાય માટે રોજગારીની તક ઊભી કરી શકે છે. કેવીઆઇસીએ આ દિશામાં પ્રયાસો વધાર્યા છે.

ખાદી ડેનિમનાં માર્કેટિંગ જેવી કેટલીક પહેલો કોર્પોરેટ ગૃહો સાથે જોડાણમાં શરૂ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ ખાદી ઉત્પાદનોનાં બજારને મજબૂત કરવાનો છે, જેનાથી ખાદીનું વેચાણ વધીને વાર્ષિક રૂ. ૪૦ કરોડ થવાની સાથે ૭.૫ લાખની વધારે માનવીય દિવસોની રોજગારી પેદા થઈ છે. વળી ખાદી પીટર ઇંગ્લેન્ડ તરીકે ઓળખાતી પ્રોડક્ટ લાઇન વિકસાવવામાં આવી છે અને પસંદગીનાં વસ્ત્ર તરીકે ખાદીનું સ્થાન મજબૂત થયું છે.

**આરોગ્ય મંત્રાલય તેની ૨૩ હોસ્પિટલોમાં ખાદીનાં ઉત્પાદનોનો જ ઉપયોગ કરશે**

કેવીઆઇસીને સરકારી અને ખાનગી ક્ષેત્રની કેટલીક કંપનીઓ પાસેથી મોટાં ઓર્ડર્સ મળ્યાં છે, જેમ કે ઓએનજીસી (પોતાનાં ૩૫,૦૦૦ કર્મચારીઓ માટે રેડીમેડ ગાર્મેન્ટ અને ગ્રામીણ ઉદ્યોગ પાસેથી રૂ. ૪૫ કરોડની ચીજવસ્તુઓ), રેલવે (ચાદર, ઓશિકાનાં કવર અને ધાબળાં વગેરે માટે રૂ. ૪૨ કરોડની ચીજવસ્તુઓ), એર ઇન્ડિયા (ફર્સ્ટ ક્લાસ અને બિઝનેસ ક્લાસ પેસેન્જર્સ માટે ૩૫,૦૦૦ એમેનિટી કિટ્સનાં પુરવઠા માટે રૂ. ૧૧.૧ કરોડ), એનટીપીસી (૨૩,૦૦૦ સિલ્ક જેકેટ્સનાં સપ્લાય માટે રૂ. ૫ કરોડ) અને જેકે વ્હાઇટ સિમેન્ટ (યુનિફોર્મનાં સપ્લાય માટે રૂ. ૧૭ લાખ).

ઉપરાંત આરોગ્ય મંત્રાલયે હોસ્પિટલ અને સ્ટાફ માટે ખાદી અપનાવી છે, જે નોંધપાત્ર છે, કારણ કે આરોગ્ય મંત્રાલયની રૂ. ૧૫૦ કરોડનાં મૂલ્યની ખરીદી ખાદીનાં વણકરોની આજીવિકામાં સારો એવો વધારો કરશે. આરોગ્ય મંત્રાલય સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર હસ્તકની ૨૩ હોસ્પિટલ અને મેડિકલ સંશોધન સંસ્થાઓ માટે ખાદીનાં ઉત્પાદનો જ ખરીદશે.

કેવીઆઇસીને એર ઇન્ડિયા પાસેથી અંદાજે રૂ. ૧૨ કરોડનાં ઓર્ડર્સ મળ્યાં

કેવીઆઇસીને એર ઇન્ડિયા પાસેથી આશરે રૂ. ૧૨ કરોડનાં ઓર્ડર્સ ફરી મળ્યાં છે. રાષ્ટ્રીય એરલાઇન એર ઇન્ડિયાએ તેની ફ્લાઇટમાં કુદરતી અને પર્યાવરણને અનુકૂળ ખાદી ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો હતો તથા તેનાં પ્રથમ વર્ગ અને બિઝનેસ ક્લાસનાં પેસેન્જર્સ માટે સુવિધાલક્ષી કિટનાં ૬૫,૫૦૦ યુનિટ મેળવવા કેવીઆઇસી સાથે આશરે રૂ. ૭.૯૮ કરોડનાં મૂલ્યનાં ઓર્ડર્સ આપ્યાં હતાં.

આ ઓર્ડર્સ સ્પર્ધાત્મક ટેન્ડરિંગ અને ગુણવત્તાયુક્ત ચકાસણી મારફતે મેળવવામાં આવ્યાં છે, જેથી ખાદી અને ગ્રામીણ ઉદ્યોગનાં ઉત્પાદનોની કિંમતનું મૂલ્ય જળવાઈ રહ્યું છે. જૂન, ૨૦૧૬માં તેણે ૧.૮૫ લાખ યુનિટની સુવિધાલક્ષી કિટ ખરીદવા કેવીઆઇસીને રૂ. ૮ કરોડનો ઓર્ડર આપ્યો હતો. તે જ રીતે ડિસેમ્બર, ૨૦૧૫માં એર ઇન્ડિયાએ સુવિધાલક્ષી કિટનાં ૨૫,૦૦૦ યુનિટનાં પુરવઠા માટે કેવીઆઇસીને રૂ. ૧.૨૧ કરોડનાં ટ્રાયલ ઓર્ડર આપ્યાં હતાં. આ કિટમાં ખાદીનાં હેન્ડ સેનિટાઇઝર, ખાદી મોઇશ્ચરાઇઝર લોશન, ખાદી લેમનગ્રાસ, ખાદી હેન્ડમેડ સોપ, ખાદી લિપ બામ, ખાદી રોઝ ફેસવોશ અને આવશ્યક તેલ સામેલ છે.

**૫. દુનિયાભરમાં પહોંચવું**

કેવીઆઇસીનું માનવું છે કે ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ સંસ્થા માટે દુનિયાભરમાં સ્વદેશી ભારતીય ઉત્પાદનોનો સંદેશ ફેલાવવો મહત્ત્વપૂર્ણ છે. સમગ્ર દુનિયાનાં વિવિધ દેશોનાં કેટલાંક રાજદૂતોએ ખાદી આઉટલેટ્સની મુલાકાત લીધી હતી અને તેમણે ખાદીની પસંદગી કરી હતી.

**અમેરિકાનાં રાજદૂતે સ્વતંત્રતા દિવસ પર ખાદીની સાડી પહેરી**

સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન મહાત્મા ગાંધી જેનો ઉપયોગ કરતાં હતાં અને જે સ્વદેશીનાં પ્રતીક સમાન હતી તે ખાદી માટે ગર્વની બાબત એ છે કે અમેરિકાનાં કાર્યકારી રાજદૂત અને ભારતમાં ચાર્જ સંભાળતા શ્રીમતી મેરી કે લોસ ચાર્લ્સને કનોટ પ્લેસમાં સ્થિત 'ખાદી ઇન્ડિયા' આઉટલેટની મુલાકાત લીધી હતી અને ૧૫ ઓગસ્ટનાં રોજ સ્વતંત્રતા દિવસની પરેડમાં પહેરવા સાડી ખરીદી હતી. તેમણે ભારત માટે આ ઐતિહાસિક દિવસની ઉજવણી કરવા યોગ્ય સાડીની પસંદગી કરવા ભારતીયોની મદદ લીધી હતી અને લાલ કિલ્લા પર ગર્વ સાથે ખાદી ધારણ કરી હતી.

**કેવીઆઇસીએ દિલ્હીનાં હાર્દમાં સ્ટેઇનલેસ સ્ટીલનો ચરખો અને ઐતિહાસિક ચરખા સંગ્રહાલય સ્થાપિત કર્યું**

ઐતિહાસિક ચરખા સંગ્રહાલયની લગોલગ સ્થિત કનોટ પ્લેસમાં ઉચ્ચ-ગુણવત્તાયુક્ત ક્રોમિયમ નિકલ સ્ટેઇનલેસ સ્ટીલમાંથી બનેલ ૨.૫ ટનનો ચરખો સ્થાપિત કરવામાં આવ્યો છે, જે શહેરનાં હાર્દમાં આકર્ષકનું કેન્દ્ર બની ગયો છે. સ્ટેઇનલેસ સ્ટીલનો ચરખો ૧૨ ફીટ ઊંચો અને ૨૫ ફીટ લાંબો છે. આ સફળતા નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એનડીએમસી) સાથે જોડાણમાં પ્રાપ્ત થઈ છે.

**ચેસ ફેડરેશને યુનિફોર્મ, કિટ તરીકે ખાદી અપનાવવાનો નિર્ણય કર્યો**

ભારતની ઓળખ અને સાંસ્કૃતિક વારસા સમાન ખાદીને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા અને યુવા પેઢીને આકર્ષવા ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશન (એઆઇસીએફ)એ નિર્ણય કર્યો છે કે ભારતમાં ચેસનાં તમામ ખેલાડીઓ અને તેમનો સર્પોર્ટિંગ સ્ટાફ તમામ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં તેમનાં યુનિફોર્મ અને કિટ તરીકે ખાદીનો ઉપયોગ કરશે.

**ઉપસંહાર**

ખાદી ક્ષેત્રમાં સુધારા ખાદી સુધારાલક્ષી અને વિકાસલક્ષી પ્રોજેક્ટ (કેઆરડીપી)નાં અમલમાં પ્રતિબિંબિત થાય છે, જેની શરૂઆત ૨૦૧૦-૧૧માં થઈ હતી અને પછી ૨૦૧૩-૧૪ દરમિયાન એડીપીએ રૂ. ૯૬ કરોડનાં ખર્ચની જોગવાઈ કરી હતી. જોકે મે, ૨૦૧૪ સુધી એક પણ ચરખો કે લૂમ સ્થાપિત થઈ નહોતી. છેલ્લાં બે વર્ષમાં ૫૩૨૩ લૂમની મંજૂરી આપવામાં આવી છે અને ૧૩૫૦ લૂમનો પુરવઠો મળી ગયો છે. તે જ રીતે ૨૭,૦૦૦ ચરખા મંજૂર થયા છે અને ૧૬,૦૦૦ ચરખા સપ્લાય કરવામાં આવ્યાં છે.

કેવીઆઇસી ખાદીનાં સોનેરી કાળને ફરી લાવવા કટિબદ્ધ છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, જેથી મહાત્મા ગાંધીનાં એ સ્વપ્નને સાકાર કરી શકાય કે ભારતનાં વિકાસની ચાવી ગ્રામીણ ઉદ્યોગમાં રહેલી છે.

લેખક ભારત સરકારની સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એન્ટરપ્રાઈઝીઝ મંત્રાલયના ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશનના ચેરમેન છે.

**E-mail:**

**chairmankvic2015@gmail.com**

# એમએસએમઈ પ્રોડક્ટસ અને સર્વિસીસ સૌને માટે ઉપલબ્ધ

શિશિર સિંહા




*MSMEs ને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો/ટ્રેડ ફેર, બાયર્સ-સેલર્સ મીટ્સ, ઝુંબેશો/ સેમિનારો તથા કોન્સોર્ટિયમની રચના માટે સહાયરૂપ થવાનો છે. આ યોજનાનો અમલ નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) નામની MSME મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રનાં એકમ દ્વારા કરવામાં આવેલ છે. વર્તમાન સમયની તાકીદની જરૂરિયાત આ એકમો ટકી શકે અને સમગ્ર MSME સેક્ટર (સર્વિસ સેક્ટર સહિત) ને ગ્રામ્ય અને માઈક્રો એકમો ઉપર વિશેષ ઝોક રાખીને, તેમને મજબૂત બનાવવાના યોગ્ય પગલાં ભરીને પડકારોનું તકોમાં રૂપાંતર કરી શકાય અને નવી ઊંચાઈઓ હાંસલ કરી શકવામાં સહયોગ પ્રાપ્ત થાય તે રીતે સહાયક બનવાનો છે. આમાં મધ્યમ કદનાં એકમોને પણ લક્ષિત લાભાર્થીઓ તરીકે યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ગ્રામ્યની સાથે સાથે શહેરી વિસ્તારોમાં માઈક્રો અને નાના એકમોની પ્રોડક્ટ્સ અને સર્વિસીસના માર્કેટિંગ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.*

ઈ પ્રોડક્ટનું ઉત્પાદન કરવું તે મહત્ત્વની બાબત છે અને આ પ્રોડક્ટ વપરાશકાર સુધી પહોંચે છે કે નહીં તેનું ધ્યાન રાખવાની બાબત પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. વ્યક્તિને તેની પ્રોડક્ટને બજાર સુધી પહોંચાડવાની જરૂરિયાત રહેતી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિને બજારનો સંપર્ક હોવો જરૂરી બની રહે છે, પરંતુ શું બજાર સુધી પહોંચવાનું કામ આસાન છે ?

આ સવાલનો જવાબ એટલો આસાન નથી. કોઈપણ મોટી કંપનીને પૂછો તો તે જણાવશે કે તેમણે બજારના બહેતર સંપર્ક માટે લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હોય છે. બજાર સુધી પહોંચવાની રૂપરેખા નક્કી કરવા માટે તેમણે માર્કેટિંગના નિષ્ણાંતોને તૈયાર કરવા પડે છે. આ બધું મોટું કે ઊંડું ખિસ્સુ ધરાવતી વ્યક્તિને આસાન લાગી શકે છે, પરંતુ જેમની પાસે મર્યાદિત સાધનો છે તેવા માઈક્રો, નાના અને મધ્યમ કદના એકમો (MSMEs) નું શું ? ચોક્કસપણે તેમના માટે તેમની પેદાશને બજાર સુધી લઈ જવાનું કાર્ય ઘણું મુશ્કેલ બની રહે છે. આ તબક્કે તેમણે માત્ર સ્થાનિક બજાર જ નહીં, પણ વિદેશી ઉત્પાદકોની સ્પર્ધાનો સામનો પણ કરવો પડે છે. તો પછી, કેવો માર્ગ અપનાવવો તેની ચર્ચા કરતાં પહેલાં વ્યક્તિએ નીચેના સવાલોના જવાબો મેળવવાના રહે છે.

પ્રશ્નઃ૧ આપણે MSMEનો શું અર્થ કરીએ છીએ ?

જવાબઃ૧ કોઠો-૧ જુઓ.

પ્રશ્નઃ૨ રજિસ્ટર્ડ થયેલા કુલ MSMEs ની સંખ્યા કેટલી હશે ?

જવાબઃ૨ દેશમાં રજિસ્ટર્ડ થયેલા કુલ MSMEs ની સંખ્યા, ૧૫,૬૩,૯૭૪ એકમોની લઘુ કદના એકમો તરીકે નોંધણી તથા આંત્રપ્રિન્યોર મેમોરેન્ડમ હેઠળ ૨૧,૯૬,૯૦૨ તથા ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ હેઠળ ૨૮,૩૦,૯૯૪ સહિત કુલ સંખ્યા ૬૫,૯૧,૮૭૦ છે.

પ્રશ્નઃ૩ દેશના અર્થતંત્રમાં MSME ક્ષેત્રનું શું પ્રદાન છે ?

જવાબઃ૩ ભારત સરકારના સ્ટેસ્ટિકલ વેરહાઉસ સેન્ટ્રલ સ્ટેસ્ટિક્સ ઑફિસ (CSO) પાસે ઉપલબ્ધ આંકડા અનુસાર દેશના એકંદર મૂલ્યવર્ધિત ઉત્પાદન (GVA) માં માઈક્રો, નાના અને મધ્યમ કદનાં એકમો (MSME) નું વર્તમાન કિંમતે યોગદાન અનુક્રમે વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં ૩૨.૨૬ ટકા, ૩૧.૮૬ ટકા અને ૩૧.૬૦ ટકા હતું તથા દેશના એકંદર ઘરઘથ્થુ ઉત્પાદન (GDP) માં તેમનું યોગદાન વર્તમાન કિંમતે વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અનુક્રમે ૨૭.૯૬ ટકા, ૨૯.૩૯ ટકા અને ૨૮.૭૭ ટકા હતું.

પ્રશ્નઃ૪ રોજગારીમાં MSMEs નું શું પ્રદાન છે ?

જવાબઃ૪ MSME ના ચોથા અખિલ ભારત સર્વેક્ષણ અનુસાર (વર્ષ ૨૦૦૬-૦૭ને પાયાનું સંદર્ભીત વર્ષ ગણીને આ આંકડાઓ વર્ષ ૨૦૦૯ સુધી એકત્ર કરવામાં આવ્યા છે અને તેનું પરિણામ વર્ષ ૨૦૧૧-૧૨માં પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું) તથા સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઑર્ગેનાઈઝેશન દ્વારા હાથ ધરાયેલા ઈકોનોમિક્સ સેન્સસ ૨૦૦૫માંથી મેળવેલા આંકડાઓ અનુસાર MSMEs ક્ષેત્રમાં કુલ રોજગારી ૮.૦૫ કરોડ હતી. ઔદ્યોગિક સંગઠન કૉન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ના અંદાજ મુજબ MSMEs દ્વારા અંદાજે ૧૨ કરોડ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી હોવાનો અંદાજ છે.

પ્રશ્નઃ૫ કુલ નિકાસમાં MSME નો હિસ્સો કેટલો છે ?

જવાબઃ૫ અંદાજે ૪૫ ટકા.

ઉપર દર્શાવ્યા મુજબની હકીકતોને આધારે એ બાબત ખૂબ જ સ્પષ્ટ બની રહે છે કે MSMEs દેશના અર્થતંત્રમાં ઘણી મહત્ત્વની ભૂમિકા બજાવે છે. આપણે જો કદને ધ્યાનમાં ન લઈએ તો, MSMEs ની હાલત અન્ય ઉદ્યોગ સાહસિકો જેવી જ છે અને તેમને પણ સ્થાનિકની સાથે સાથે આંતરરાષ્ટ્રીય બજારો સર કરવાની જરૂર પડે છે. તેમની પાસે બજારમાં વ્યૂહરચના ગોઠવવા ખૂબ જ મર્યાદિત સાધનો છે. તેમણે તમામ પ્રકારના સહયોગ માટે સરકાર ઉપર ભરોસો રાખવો પડે છે. વર્તમાન સમયમાં MSMEs ની સહાય માટે અને મહદંશે MSMEs (માઈક્રો અને નાના એકમો) માટે સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચવા માટે નીચે મુજબની યોજનાઓ ઉપલબ્ધ છે.

**બજાર સહાય યોજનાઃ (MAS)**

આ યોજનાનો ઉદ્દેશ MSMEs ને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો/ ટ્રેડ ફેર, બાયર્સ-સેલર્સ મીટ્સ, ઝુંબેશો/ સેમિનારો તથા કોન્સોર્ટિયમની રચના માટે સહાયરૂપ થવાનો છે. આ યોજનાનો અમલ નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન (NSIC) નામની MSME મંત્રાલય હેઠળના જાહેર ક્ષેત્રનાં એકમ દ્વારા કરવામાં આવેલ છે. વર્તમાન સમયની તાકીદની જરૂરિયાત આ એકમો ટકી શકે અને સમગ્ર MSME સેક્ટર (સર્વિસ સેક્ટર સહિત) ને ગ્રામ્ય અને માઈક્રો એકમો ઉપર વિશેષ ઝોક રાખીને, તેમને મજબૂત બનાવવાના યોગ્ય પગલાં ભરીને પડકારોનું તકોમાં રૂપાંતર કરી શકાય અને નવી ઊંચાઈઓ હાંસલ કરી શકવામાં સહયોગ પ્રાપ્ત થાય તે રીતે સહાયક બનવાનો છે. આમાં મધ્યમ કદનાં એકમોને પણ લક્ષિત લાભાર્થીઓ તરીકે યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ગ્રામ્યની સાથે સાથે શહેરી વિસ્તારોમાં માઈક્રો અને નાના એકમોની પ્રોડક્ટસ અને સર્વિસીસના માર્કેટિંગ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

**આ યોજનાના ઉદ્દેશો નીચે મુજબ છેઃ**

- MSMEs એકમોની માર્કેટિંગ ક્ષમતા અને સ્પર્ધાત્મકતામાં વધારો કરવો.
- MSMEs ની ક્ષમતા દર્શાવવી.
- MSMEs ને બજારની વર્તમાન પરિસ્થિતિ અને તેમની પ્રવૃત્તિઓની થતી અસરો અંગે અપડેટ કરવા.
- તેમની પ્રોડકટસ અને સર્વિસીસના માર્કેટિંગ માટે MSMEs ને કૉન્સોર્ટિયમ સ્થાપવાની સુવિધા પૂરી પાડવી.
- મોટા સંસ્થાકીય ગ્રાહકો સાથે MSMEs પરામર્શ કરી શકે તે માટે મંચ પૂરો પાડવો.
- સરકારના વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપવી/ પ્રચાર કરવો.
- માઈક્રો, નાના અને મધ્યમ કદનાં એકમોનાં માર્કેટિંગ કૌશલ્યોને સમૃદ્ધ બનાવવાં.

આ યોજનાઓ હેઠળની પ્રવૃત્તિઓમાં NSIC દ્વારા અન્ય દેશોમાં ઈન્ટરનેશનલ ટૅક્નોલૉજી પ્રદર્શનોનું આયોજન કરવું તથા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો/ ટ્રેડ ફેરમાં સામેલ થવાનો સમાવેશ થાય છે. આવી પ્રવૃત્તિઓમાં સામેલ થવાથી ભારતનાં MSMEs ને તેમની વિવિધ ટૅક્નોલૉજીસ, પ્રોડક્ટસ અને તેમના દ્વારા નિર્માણ કરાતી / પૂરી પાડવામાં આવતી સર્વિસીસ પ્રદર્શિત કરીને બિઝનેસની ઉત્તમ તકો હાંસલ કરવાની, સંયુક્ત સાહસો સ્થાપવાની, ટૅક્નોલૉજી ટ્રાન્સફરની, માર્કેટિંગ અંગેના કરારો કરવાની તથા ભારતના MSMEs ને અન્ય દેશોમાં પોતાની ઈમેજનું નિર્માણ કરવાની તક પ્રાપ્ત થાય છે. આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોનું આયોજન કરવા ઉપરાંત NSIC પસંદગીનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો તથા ટ્રેડ ફેરમાં ભાગ લેવા માટેની સગવડ પૂરી પાડે છે. આવા સમારંભોમાં ભાગ લેવાથી MSMEs ને આંતરરાષ્ટ્રીય પ્રણાલિઓ અંગેની જાણકારી મળે છે અને તેમના બિઝનેસની ક્ષમતામાં વધારો થાય છે. આવા સમારંભો MSMEs ને મળવા, ચર્ચા કરવા અને ટેકનિકલ તથા બિઝનેસના સહયોગ માટેના કરારોને આખરી ઓપ આપવા માટેની તક પ્રાપ્ત થાય છે.

સુધારેલી બજાર સહાય અને ટૅક્નોલૉજી અપ-ડેટ ગ્રેડેશન (MATU) યોજના

**સ્થાનિક બજારઃ**

અહીં, રાજ્ય/જિલ્લા સ્તરના સ્થાનિક પ્રદર્શનો/ ટ્રેડ ફેરમાં સામેલ થવા માટે નાણાકીય સહયોગ પૂરો પાડવામાં આવે છે. આ યોજનામાં નીચે મુજબની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છેઃ

- માઈક્રો અને નાના કદનાં મેન્યુફેક્ચરિંગ એકમોના સ્થાનિક/ વિદેશના બજારો વિકસાવવા તથા સર કરવા માટેનાં પ્રયાસોને પ્રોત્સાહિત કરવા.
- માઈક્રો અને નાના કદનાં એકમોને

પ્રોડક્ટસની રાષ્ટ્રિય/ આંતરરાષ્ટ્રિય બજાર પ્રાપ્યતા વધે તે માટે પ્રોડક્ટસનું બારકોડીગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા.

- માઈક્રો અને નાના કદનાં એકમોને ખાસ કરીને જાહેર ખરીદીની નીતિ (Public Procurement Policy) અનુસાર બજારની કડીઓ સાથે જોડાણમાં સહાયરૂપ થવું.

- MSMEs માટે માર્કેટિંગમાં પેકેજીંગનું મહત્ત્વ, અતિ આધુનિક પેકેજીંગ ટૅક્નોલૉજી, આયાત-નિકાસ નીતિ અને પ્રક્રિયાઓ, આંતરરાષ્ટ્રિય વેપારમાં નવી ગતિવિધિઓ વગેરે અંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય વર્કશોપ/સેમિનારનું આયોજન કરીને માર્કેટિંગ/ પેકેજીંગ/ સંબંધિત વિષયો અંગે સભાનતા અને જાણકારી વધારવી.

આ યોજના હેઠળ માઈક્રો અને લઘુ કદનાં એકમોએ નાણાકીય સહયોગ મેળવવા માટે સરકારમાં નોંધણી કરાવવી જરૂરી બને છે. MSME ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (MSME-DI) આ યોજનાના અમલ માટેની જવાબદારી ધરાવે છે. એક સમિતિ માઈક્રો અને નાના કદના એકમો સ્થાનિક ટ્રેડફેર/ પ્રદર્શનમાં સામેલ થવા માટે પસંદગી નક્કી કરે છે. આ કમિટિનું નેતૃત્વ ડાયરેક્ટર, MSME-DI ચેરમેન સંભાળે છે, જ્યારે સંસ્થાના સિનિયર અધિકારીઓ તથા ઔદ્યોગિક સંગઠનોના હોદ્દેદારો તેના સભ્યો છે. એક વખત આ કમિટિ સ્થાનિક ફેર/ પ્રદર્શનો માટેની યાદી તૈયાર કરે એટલે તે ડેવલપમેન્ટ કમિશ્નરની કચેરી (DC-MSME) ને આખરી મંજૂરી માટે મોકલી આપવામાં આવે છે.

MSME-DI મહત્તમ ૧૦ (દસ) માઈક્રો / લઘુ ઉદ્યોગસાહસિકોની મંજૂર થયેલા ટ્રેડ ફેર/પ્રદર્શનમાં ભાગ લેવા માટે ભલામણ કરી શકે છે. ભાગ લેવા માટેની ઓફર વહેલા તે પહેલાંના ધોરણે કરવામાં આવશે. માઈક્રો અને લઘુ એકમની ભાગ લેવા માટેની પસંદગી એક થી વધુ MSME-DI દ્વારા થઈ શકતી હોવાથી માઈક્રો/ લઘુ એકમની આખરી પસંદગી DC-MSME દ્વારા કરવામાં આવશે તથા સમારંભની માઇક્રો અને લઘુ ક્ષેત્રના એકમો માટે ઉપયોગીતાને આધારે મહત્તમ સંખ્યામાં માઇક્રો/ લઘુ એકમની સામેલગીરી નક્કી કરવામાં આવશે.

**માઈક્રો/ લઘુ એકમોને નાણાકીય સહાયઃ**

**જગાનું ભાડુ :** જનરલ કેટેગરી યુનિટ ચાર્જ માટે ચૂકવવામાં આવતા ભાડાના ૮૦ ટકા અને અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / મહિલા / એનઈઆર / પીએચ યુનિટ દ્વારા ચૂકવાયેલુ ભાડું રૂ.૨૦,૦૦૦ની મર્યાદામાં અથવા તો વાસ્તવિક ચૂકવણી બંનેમાંથી જે ઓછુ હોય તે ચૂકવવામાં આવશે.

ઉદ્યોગસાહસિકને વર્ષમાં મહત્તમ ૨ (બે) સમારંભોમાં આ યોજના હેઠળ ચૂકવણી કરવામાં આવશે. નાણાકીય સહાયની રકમ સમારંભ દીઠ મહત્તમ રૂ.૧૦ લાખની મર્યાદામાં રહેશે

**આંતરરાષ્ટ્રિય બજારઃ**

આ યોજનાનો ઉદ્દેશ પણ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના માઈક્રો અને લઘુ એકમો (MSEs) ને વિદેશી બજારો વિકસાવવા અને હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરવા આપવામાં આવશે. અહી પણ MSME ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ યોજનાનો અમલ કરશે. આંતરરાષ્ટ્રીય ટ્રેડ ફેર/ એક્ઝિબિશનની આખરી મંજૂરી DC (MSME) દ્વારા આપવામાં આવશે. માઈક્રો કે લઘુ એકમ ઓનલાઈન/ નિર્ધારિત અરજીપત્રક દ્વારા (અથવા તો જે કોઈ પધ્ધતિ અમલમાં હોય તે દ્વારા) ઓછામાં ઓછા બે મહિના પહેલાં આગોતરી અરજી કરી શકશે. ભાગ લેવા માટેની ઓફર વહેલાં તે પહેલાંના ધોરણે કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ટ્રેડ ફેર/ એક્ઝિબિશનમાં પ્રોડક્ટની ગુણવત્તા નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સામેલ થનાર એકમ ISO ૯૦૦૦/૧૪૦૦૦ સર્ટિફિકેશન ધરાવતો હોય તેવો આગ્રહ રાખવામાં આવશે. એક પેનલ દ્વારા એકમોને શોર્ટલીસ્ટ કરવામાં આવશે અને ત્યાર બાદ DC (MSME) ની કચેરી દ્વારા મંજૂરી આપવામાં આવશે. પસંદગીના માઈક્રો અને લઘુ એકમોને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

**જગાનું ભાડુઃ** જનરલ કેટેગરીના એકમો માટે જગાના ભાડાના ૮૦ ટકા તથા અનુસૂચિત જનજાતિ /અનુસૂચિત જનજાતિ IVVomen/ NER યુનિટસને મહત્તમ રૂ.૧.૦૦ લાખની મર્યાદામાં અથવા તો વાસ્તવિક ભાડુ, બંનેમાંથી જે ઓછુ હોય તે ચૂકવવામાં આવશે.

**વિમાન પ્રવાસનું ભાડુઃ** તમામ કેટેગરીના એકમોને મહત્તમ રૂ.૧.૨૫ લાખ અથવા તો ઈકોનોમી ક્લાસનું ૧૦૦ ટકા ભાડુ અથવા તો વાસ્તવિક વિમાન ભાડુ, જેમાંથી જે ઓછુ હશે તે (ભાગ લેનાર દરેક એકમ દીઠ એક પ્રતિનિધિને) ચૂકવવામાં આવશે.

માઈક્રો અને લઘુ કદનાં એકમોને આંતરરાષ્ટ્રિય વેપાર મેળા/ પ્રદર્શનોમાં ભાગ લેવા માટે આ યોજનાનો લાભ આપવામાં આવશે અને તે ગમે તેટલા એકમો ધરાવતા હોય તો પણ નાણાકીય વર્ષમાં એક વખત તેમના દાવાની ચૂકવણી કરવામાં આવશે. આ ઉપરાંત નાણાકીય વર્ષમાં એક વ્યક્તિ એક થી વધુ વખત માઈક્રો કે લઘુ એકમનું પ્રતિનિધિત્વ કરી શકશે નહી. દરેક સમારંભ દીઠ મહત્તમ નાણાકીય સહાયની રકમ રૂ.૨૫ લાખ સુધી મર્યાદિત રહેશે.

**માર્કેટિંગ/ જાહેર ખરીદી / પેકેજીંગ અંગેની વર્કશોપ્સ/ સેમિનારો**

આવા સમારંભો કેન્દ્રનાં મંત્રાલયો/ વિભાગો/ કેન્દ્ર સરકારના જાહેર ક્ષેત્રનાં એકમો (CPSUs) ની સમીક્ષા અને માઈક્રો, લઘુ તથા મધ્યમ કદનાં એકમો સાથે સુસંગત વિષયો પર વિવિધ પ્રોડક્ટસ અને સર્વિસીસના

વર્ટિકલ્સમાં નવી માર્કેટિંગ ટેકનિક્સ ઉભરતા વૈશ્વિક માર્કેટિંગ/ પ્રોડક્ટ ઈનોવેશનના પ્રવાહો તેમજ પેકેજીંગના વિકાસ હેતુ માટે યોજવામાં આવે છે. MSMEs ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટને આ પ્રકારના સમારંભો યોજવાની જવાબદારી સોંપવામાં આવી છે.

બારકોડ મેળવવા માટેના ખર્ચની ફેર ચુકવણી

બારકોડ એ "નંબર સ્વરૂપનો મશીન દ્વારા વાંચી શકાય તેવો કોડ છે અને તે વિવિધ જાડાઈની સમાંતર રેખાઓ વડે દર્શાવવામાં આવે છે અને તે પ્રોડક્ટની ઓળખ માટે છાપવામાં આવે છે." આ પ્રકારની પદ્ધતિથી વિવિધ બિઝનેસ અને સંસ્થાઓને પ્રોડક્ટસ, કિંમતો અને સ્ટોકના લેવલનું કોમ્પ્યૂટર સોફ્ટવેર સિસ્ટમ દ્વારા સેન્ટ્રલાઈઝ મેનેજમેન્ટ કરવામાં આવે છે. તેનાથી ઉત્પાદકતા અને કાર્યક્ષમતામાં વધારો થાય છે. બારકોડના મહત્ત્વને સમજીને સરકારે MSME ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ મારફતે માઈક્રો અને લઘુ એકમો (MSEs) ને માર્કેટિંગ તેમજ સ્પર્ધાત્મકતામાં વધારા માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ એક વખત થતા રજીસ્ટ્રેશન ફીના ૭૫ ટકા અને વાર્ષિક ધોરણે ચૂકવવાની થતી ફી (પ્રથમ ૩ વર્ષ માટે) ચૂકવ્યા પછી માઈક્રો અને લઘુ એકમોને પુનઃચૂકવણી કરાય છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ કામ કરતી GS1 ઈન્ડિયા કે જે અગાઉ EAN ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી, તે સ્વાયત્ત સંસ્થાને બારકોડના ઉપયોગનું રજીસ્ટ્રેશન આપવા માટે અધિકૃત કરવામાં આવી છે.

**વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (VDP)**

બિઝનેસને પ્રોત્સાહન માટે બાયર્સ અને સેલર્સને એકઠા કરવા માટેનું આ એક મંચ છે. આવા સમારંભો દેશના દરેક ખૂણે આવેલા MSME ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (MSME-DIs) દ્વારા યોજવામાં આવે છે, જે બિઝનેસની સાથે સાથે વેચાણ કરતાં સંગઠનોને એકબીજા સાથે પરામર્શ કરવા તથા બાયર્સની ઉભરતી માંગની ઓળખ માટે અને સમાંતરપણે નાના કદના ઉદ્યોગસાહસિકોને તેમના ઔદ્યોગિક સાહસોની ક્ષમતા દર્શાવવાની તક પૂરી પાડવા માટે યોજવામાં આવે છે. આ પ્રકારનાં કાર્યક્રમો જાહેરક્ષેત્રના સાહસો, સંરક્ષણ ક્ષેત્રની વિવિધ પાંખો, રેલ્વેઝ અને અન્ય તંત્રોને વિવિધ પ્રોડક્ટ, કે જે અત્યાર સુધી ખૂબ ઊંચી કિંમતે આયાત કરવામાં આવતી હતી તે સ્થાનિક ધોરણે મેળવવા માટે યોગ્ય ઉદ્યોગસાહસિકની પસંદગી કરવામાં ઉપયોગી નિવડ્યા છે.

MSME-DIs દ્વારા બે પ્રકારનાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવે છે, જેમાં રાષ્ટ્રીય સ્તર તથા રાજ્યના સ્તરનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્તરે યોજાતા વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ ૩ દિવસનો સમય ધરાવે છે અને મોટી કંપનીઓ અને ખાસ કરીને કેન્દ્ર સરકારના જાહેર સાહસો સાથે પરામર્શની તક પૂરી પાડે છે. આ પ્રકારના પરામર્શથી માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમોને મોટી કંપનીઓના વેન્ડર બનવામાં સહાયતા થાય છે. રાજ્ય સ્તરના વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ માત્ર એક કે બે દિવસ માટે જ યોજવામાં આવે છે અને રાજ્યમાં કાર્યરત મોટા કદનાં એકમો આવા કાર્યક્રમમાં સામેલ થાય છે તથા માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમો (સેલર્સ) સાથે બાયર- સેલર મીટમાં પરામર્શ કરે છે.

વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં તમામ માઈક્રો અને નાના, મધ્યમ તેમજ મોટા કદનાં એકમો ભાગ લઈ શકે છે.

**માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય (MDA)**

આ યોજનાનો ઉદ્દેશ નાના અને માઈક્રો કદના નિકાસકારોને વિદેશના બજારો વિકસાવવા અને હાંસલ કરવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસ તરીકે યોજવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમનો ઉદ્દેશ લઘુ /માઈક્રો ઉત્પાદન એકમોને આંતરરાષ્ટ્રીય ટ્રેડ ફેર/ પ્રદર્શનમાં MSME ઈન્ડીયા હેઠળ સ્ટોલ ઉભો કરવા તથા લઘુ / માઈક્રો ઉત્પાદન એકમોની નિકાસમાં વધારો કરવા માટે યોજવામાં આવે છે. આ યોજના દ્વારા મોટા પાયે બારકોડીગ અપનાવવાના પ્રયાસોને લોકપ્રિય બનાવવામાં સુગમતા માટે હાથ ધરાય છે.

**આ યોજના હેઠળ નીચેની બાબતો માટે ભંડોળ પૂરું પાડવામાં આવે છેઃ**

- આ યોજના MSME ઈન્ડીયા હેઠળ લઘુ અને માઈક્રો કદના મેન્યુફેક્ચરિંગ એકમોને આંતરરાષ્ટ્રીય વેપાર મેળા/ પ્રદર્શનોમાં સામેલ થવા માટે છે.
- ઔદ્યોગિક સંગઠનો/ નિકાસ પ્રોત્સાહન કાઉન્સિલો/ ફેડરેશન ઓફ ઈન્ડીયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચોક્કસ ક્ષેત્રના બજાર અભ્યાસ માટે.
- સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનને એન્ટિ ડમ્પીગના કેસ હાથ ધરવા/ લડવા માટે અને
- બારકોડીગ માટે ખર્ચેલી રકમની ફેર ચૂકવણી માટે.

આ યોજનાનો ઉદ્દેશ લઘુ અને માઈક્રો કદના નિકાસકારોને વિદેશના બજારો વિકસાવવા તથા હાંસલ કરવા માટેના પ્રયાસોમાં પ્રોત્સાહિત કરવાનો છે. આ ઉપરાંત આ યોજનાનો ઉદ્દેશ લઘુ/ માઈક્રો ઉત્પાદન એકમોને આંતરરાષ્ટ્રિય વ્યાપાર મેળાઓ/ પ્રદર્શનોમાં MSME ઈન્ડીયા સ્ટોલ યોજના હેઠળ લઘુ અને માઈક્રો કદના મેન્યૂફેક્ચરિંગ એકમોનું પ્રતિનિધિત્વ વધારવા માટે આપવામાં આવે છે. આ યોજનાનો ઉદ્દેશ બારકોડીગને મોટાપાયે લોકપ્રિય બનાવવાના પ્રયાસોને સુગમતા માટે આપવામાં આવે છે.

અગ્રતાના ધોરણે ખરીદી મારફતે બજાર પૂરું પાડવું

ભારત સરકારે માઈક્રો અને લઘુ એકમો (MSEs) ઓર્ડર ૨૦૧૨ હેઠળ જાહેર ખરીદીની નીતિ બહાર પાડી છે, જે તમામ મંત્રાલયો /વિભાગો / કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રના એકમો (CPSEs) ને લાગુ પડે છે અને તે તા.૧ એપ્રિલ, ૨૦૧૨ થી અમલમાં આવેલ છે. આ નીતિ હેઠળ કેન્દ્ર સરકારના દરેક મંત્રાલય, વિભાગ અને જાહેરક્ષેત્રનાં એકમોએ તેમની કુલ માલ-સામાન અને સર્વિસીસની ખરીદીના કુલ વાર્ષિક મૂલ્યનો ઓછામાં ઓછા ૨૦ ટકાની ખરીદી માઈક્રો અને લઘુ એકમો (MSEs) પાસેથી કરવાની રહેશે. આ ૨૦ ટકામાંથી ૪ ટકા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિના ઉદ્યોગસાહસિકોની માલિકીના માઈક્રો અને લઘુ એકમો પાસેથી ખરીદવાની રહેશે. (CPSEs દ્વારા કરાતી ખરીદી માટે કોઠો-૨ જુઓ)

**બહેતર બજાર હાંસલ કરવા માટે ગુણવત્તાની ખાત્રી**

હવે મહત્ત્વનો સવાલ એ છે કે શું MSME દ્વારા ઉત્પાદિત પ્રોડકટ અને સર્વિસીસ શું પાયાની ગુણવત્તાની ચકાસણીમાંથી પસાર થઈ શકશે ? એ બાબતે કોઈ શંકા નથી કે MSME પાસે મોટાં ઉદ્યોગ ગૃહોની સમકક્ષ ગુણવત્તા માટેની વ્યવસ્થા ગોઠવાયેલી હોતી નથી. આમ છતાં પણ તેમણે તેમની સાથે સ્પર્ધા કરવી પડે છે. આ ઉપરાંત તેમણે નિકાસ બજારમાં મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓની સ્પર્ધા કરવી પડે છે. તો એમના માટે વ્યવસ્થા શું છે ? અહી ની 'ZED' ની ભૂમિકા આવે છે.

ખુદ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના સ્વાતંત્ર્ય દિનના પ્રવચનમાં 'ZED'ની વ્યાખ્યા કરી હતી.

"આપણે માલ સામાનનું એ પ્રકારે ઉત્પાદન કરવું જોઈએ કે તેમાં ઝીરો ડીફેકટ (ખામી) હોય અને આપણા દ્વારા નિકાસ કરાયેલો માલ સામાન ઝીરો ડીફેકટ સાથે જાય કે જેથી તેની પર્યાવરણ ઉપર કોઈ વિપરિત અસર પડે નહી."

'ZED' અથવા તો ઝીરો ડીફેકટ હાંસલ કરવા માટે ઉત્પાદન સાથે સંકળાયેલાં MSMEs માટે સરકાર પાસે એક યોજના છે, જેના દ્વારા તેમને નાણાકીય સહયોગ મળી રહે છે. આ યોજનાના ઉદ્દેશ નીચે મુજબ છે. :

- MSME એવી વ્યવસ્થા વિકસાવો કે જેના દ્વારા ઝીરો ડીફેકટ ઉત્પાદન પ્રાપ્ત થાય
- ક્વોલિટી ટુલ્સ/ પધ્ધતિઓને તથા ક્વોલિટી પ્રોડકટસના ઉત્પાદનને પ્રોત્સાહન આપો
- MSMEને તેમના ઉત્પાદનો અને પ્રક્રિયાઓમાં ગુણવત્તાનાં ધોરણો સતત અપ ગ્રેડ કરવા પ્રોત્સાહિત કરો
- વાતાવરણને અસર થાય નહી તે રીતે ઝીરો ડીફેકટ ઉત્પાદન પ્રક્રિયાઓ અપનાવવા માટેની ઝૂંબેશ ચલાવો
- "મેક ઈન ઈન્ડીયા" ઝુંબેશને સહયોગ આપો.
- ઝીરો ડીફેકટ ઉત્પાદન અને સર્ટિફિકેશનના ક્ષેત્રે પ્રોફેશનલ્સ વિકસાવો.

'ZED' રેટીંગ માટે ૫૦ માપદંડ છે અને ZED મેચ્યૉરિટી એસેસમેન્ટ મોડલ હેઠળ ZED ડિફેન્સ રેટીંગના વધુ ૨૫ માપદંડ છે. MSME ને ZED સર્ટિફિકેશન મેળવવા માટે હાથ ધરાતી પ્રવૃત્તિઓ એટલે કે એસેસમેન્ટ/ રેટીંગ, સંરક્ષણના દ્રષ્ટિકોણથી વધારાનું રેટીંગ, ગેપ એનાલિસીસ, હેન્ડ હોલ્ડિંગ, MSMEs દ્વારા કન્સલ્ટન્ટ અને રિ-એસેસમેન્ટ/ રિ-રેટીંગના માધ્યમથી હાથ ધરાતી પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

આ યોજના માટે ૨૨,૨૨૨ MSMEs ને ZED મેચ્યોરિટી એસેસમેન્ટ મોડલ હેઠળ રેટીંગ દ્વારા સર્ટિફાય કરવામાં આવશે. ૫,૦૦૦ MSMEs ને ZED ડિફેન્સ મોડલ હેઠળ રેટીંગ દ્વારા સર્ટિફાય કરવામાં આવશે. ૭,૩૬૮ MSMEs ને ગેપ એનાલિસીસ, હેન્ડ હોલ્ડિંગ, રેટીંગ સુધારવા કન્સલ્ટન્સી વગેરે માટે સહયોગ પૂરો પાડવામાં આવશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ.૪૯૧.૦૦ કરોડ છે (સરકારનું યોગદાન રૂ.૩૬૫.૦૦ કરોડ છે MSMEsનું યોગદાન રૂ.૧૨૬.૦૦ કરોડ છે) ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) એ ZED માટેનું એ નેશનલ મોનિટરિંગ અને અમલીકરણ એકમ છે. અત્યાર સુધીમાં ૩૨૦૦ થી વધુ MSMEs ને ZED સર્ટિફિકેશન મળ્યા છે.

આ યોજનાઓનો ઉત્તમ હિસ્સો એ છે કે તેમાં અલગ અલગ લક્ષિત ક્ષેત્રોને ફાળવણી કરાઈ હોય છે, જેનાથી પ્રોડક્ટસ અને સર્વિસીસ વેચવામાં તો સહાય થાય છે જ, પણ સાથે સાથે નોંધપાત્ર પ્રમાણમાં રોજગાર નિર્માણ પણ થાય છે. દા.ત. ખાદી, ગ્રામ અને ઉદ્યોગ કમિશનમાં માર્કેટિંગ ડેવલપમેન્ટ યોજના હેઠળ રૂ.૩૪૧ કરોડ પૂરાં પાડવામાં આવ્યા હતા. આના પરિણામે રૂ.૧૩૦૦ કરોડ જેટલું ખાદીનું ઉત્પાદન વધવાની અપેક્ષા છે અને નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન રૂ.૧૮૦૦ કરોડથી વધુ વેચાણ થવાની અપેક્ષા છે. આ બધાંને પરિણામે ૧૯.૫ લાખથી વધુ વ્યક્તિઓને રોજગારી મળવાનો અંદાજ છે.

બજાર સુધી પહોંચવાનું ખૂબ જ મહત્ત્વ છે એમાં કોઈ શંકા નથી. આમ છતાં MSMEs ની નવેસરથી વ્યાખ્યા કરવી પણ આવશ્યક છે, જેથી તેમની પાસે ઝડપથી બદલાતા બિઝનેસના વાતાવરણના સંદર્ભમાં પુનઃવ્યૂહરચના ઘડવા માટે પૂરતી મૂડી હોય. વર્ષ ૨૦૧૫માં મોદી સરકારે સંસદમાં એક વિધેયક મૂક્યું હતું, જેનો ઉદ્દેશ માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમોના વિકાસ માટેનો (MSMED) કાયદો સુધારવાનો હતો. MSMED અંગેના વર્તમાન કાયદાની મર્યાદા લગભગ ૧૧ વર્ષ પહેલાં નક્કી કરવામાં

**કોઠો-૧ માઈક્રો, લઘુ અને મધ્યમ કદનાં એકમોની વ્યાખ્યાઓ:**

| માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીઝ ડેવલપમેન્ટ એક્ટ 2006ની જોગવાઈઓ મુજબ MSMEs ને બે જૂથોમાં વહેંચવામાં આવેલ છે | |
|---|---|
| ઉત્પાદન એકમો | સર્વિસ એકમો |
| મેન્યુ ફેક્ચરીંગ અથવા તો માલ સામાનના ઉત્પાદનમાં સંકળાયેલા એકમો અથવા તો આખરી પ્રોડક્ટસની મૂલ્યવૃધ્ધિ માટે પ્લાન્ટ અને મશીનરીમાં અલગ નામથી અથવા તો અલગ લાક્ષણિકતાનો ઉપયોગ કરીને સ્થપાયેલા મેન્યુ ફેક્ચરીંગ એકમોને પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણને આધારે નીચે મુજબ વ્યાખ્યાયીત કરવામાં આવ્યા છે. | સર્વિસ પૂરી પાડવામાં અથવા તો મેળવવામાં સંકળાયેલા એકમોને સાધનોમાં મૂડી રોકાણની દ્રષ્ટિએ નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે |

| એકમ | પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ |
|---|---|
| માઈક્રો | રૂ. ૨૫ લાખ સુધી |
| લઘુ | રૂ. ૨૫ લાખથી રૂ. ૫ કરોડ સુધી |
| મધ્યમ | રૂ. ૫ કરોડથી રૂ. ૧૦ કરોડ સુધી |

| એકમ | સાધનોમાં મૂડી રોકાણ |
|---|---|
| માઈક્રો | રૂ. ૧૦ લાખ સુધી |
| લઘુ | રૂ. ૧૦ લાખથી રૂ. ૨ કરોડ સુધી |
| મધ્ય | રૂ. ૨ કરોડથી રૂ. ૫ કરોડ સુધી |

**કોઠો-૨ માઈક્રો અને લઘુ એકમો પાસેથી એકત્રીકરણ**
**(CPSEs ના અહેવાલમાં દર્શાવ્યા પ્રમાણે રૂ./કરોડમાં)**

| વર્ષ | કુલ એકત્રીકરણ | માઈક્રો અને લઘુ એકમો SC/ST ની માલિકી ધરાવતા માઈક્રો અને લઘુ એકમો સહિત |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ (૧૩૩ CPSUs) | ૧૩૧૭૬૬.૮૬ | ૧૫૩૦૦.૫૭ |
| ૨૦૧૫-૧૬ (૧૧૬ CPSUs) | ૧૩૪૮૪૮.૧૪ | ૧૮૨૪૬.૧૫ |
| ૨૦૧૬-૧૭ (૬૦ CPSUs) | ૫૫૨૯૧.૬૪ | ૧૩૨૮૮.૯૬ |

આવી હતી. ત્યાર પછી પ્રાઈસ ઈન્ડેક્સ અને માલ-સામાનના ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. બિઝનેસના વાતાવરણમાં પણ પરિવર્તનો આવ્યા છે. ઘણાં MSMEs સ્થાનિક અને વૈશ્વિક વેલ્યુ ચેઈનનો હિસ્સો બન્યા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને માઈક્રો યુનિટસની રોકાણ મર્યાદા રૂ.૨૫ લાખથી વધારીને રૂ.૫૦ લાખ, લઘુ એકમોની મર્યાદા હાલની રૂ.૨૫ લાખથી રૂ.૫ કરોડની મર્યાદાને વધારીને રૂ.૫૦ લાખથી રૂ.૧૦ કરોડ કરવાની દરખાસ્ત છે, જ્યારે મધ્યમ કદનાં એકમોની રેન્જ જે રૂ.૧૦ કરોડથી રૂ.૩૦ કરોડ કરવાની દરખાસ્ત છે (વર્તમાન રેન્જ રૂ.૫ કરોડથી, રૂ.૧૦ કરોડ સુધીની છે). આ બધુ ઉત્પાદનની પ્રવૃત્તિમાં સંકળાયેલા MSMEs માટે કરવામાં આવનાર છે.

સમાન પ્રકારે જો MSMEs સર્વિસ સેક્ટરમાં હોય તો સાધનોમાં મૂડીરોકાણ માટેની નવી મર્યાદા માઈક્રો એકમો માટે રૂ.૨૦ લાખની થશે (વર્તમાન મર્યાદા રૂ.૧૦ લાખ છે). લઘુ એકમો માટે મર્યાદા રૂ.૨૫ લાખથી રૂ.૫ કરોડ સુધી થશે (વર્તમાન મર્યાદા રૂ.૧૦ લાખથી રૂ.૨ કરોડ છે). મધ્યમ કદનાં એકમો માટેની રોકાણ મર્યાદા ૫ કરોડથી રૂ.૧૫ કરોડ કરવાની દરખાસ્ત છે (વર્તમાન મર્યાદા રૂ.૨ કરોડથી રૂ.૫ કરોડ છે).

આ વિધેયક સંસદમાં પડતર છે. MSMEs ને તાકાત મળે તે હેતુથી આ વિધેયકને વહેલું મંજૂર કરવાની જરૂર છે. આ સુધારો તેમજ માર્કેટિંગની વિવિધ યોજનાઓ MSMEs ને નવી ઊંચાઈએ લઈ જશે.

લેખક છેલ્લા ૨૧ વર્ષથી ઈકોનોમિક અને બિઝનેસ જર્નાલિસ્ટ છે. હાલમાં તે એબીપી ન્યૂઝમા બિઝનેસ એડિટર તરીકે કામ કરે છે. આ અગાઉ તે હિંદુ બિઝનેસ લાઈન, સીએનબીસી આવાજ, આજતક અને અમર ઉજાલા વગેરેમાં કામ કરી ચૂક્યા છે.
**E-mail: hblshishir@gmail.com**

# નાના ઉદ્યોગો : હકારાત્મક અને પ્રોત્સાહક વાતાવરણ માટે આવશ્યક

ડૉ. અશ્વનિ મહાજન



*નાના ઉદ્યોગો પર ૪૦થી વધુ કાયદાઓ લાગુ પડે છે અને ૫૦થી વધુ ઈન્સ્પેક્ટર્સ તેમની ફેક્ટરીઓની મુલાકાત લઈ શકે છે અને તેમાંથી અનેક નાના ઉદ્યોગોને દંડ કરવાની વ્યાપક સત્તા પણ ધરાવે છે. આ જોખમો હેઠળ જીવતા નાના ઉદ્યોગો માટે ઉત્પાદન, માર્કેટિંગ અને ટેક્નોલોજી અપગ્રેડેશન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ધ્યાન કેન્દ્રીત કરવું ખૂબ જ મુશ્કેલ હતું. નાના ઉદ્યોગો પર લાગુ અનેક કાયદાઓ એવા છે, જેમણે આધુનિક સમયમાં તેમની ઉપયોગીતા ગુમાવી દીધી છે અને અનેક કાયદા એવા છે જે સામાન્ય તથા ખાસ કરીને ઉદ્યોગોમાં અર્થતંત્રના સ્વસ્થ સંચાલનમાં અવરોધરૂપ છે. આવા જરીપુરાણા અને અર્થહિન કાયદાઓનો અંત લાવવાની તાતી જરૂર છે. આ પરિપ્રેક્ષ્યમાં અર્થતંત્રના સરળ સંચાલન માટે વર્તમાન સરકાર હેઠળ કેટલાક અનાવશ્યક કાયદાઓને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વર્તમાન સરકારે આ પ્રક્રિયા હેઠળ ૧૨૦૦ કાયદાઓને રદ કરી નાંખ્યા છે અને એવા બીજા ૧૮૨૪થી વધુ કાયદાઓ ઓળખી કાઢ્યા છે, જેને રદ કરી શકાય છે. નવા આંત્રપ્રિન્યોર્સને દરેક પ્રકારની મંજૂરીઓ એક જ બારી દ્વારા આપવાની સુવિધા પૂરી પાડવાની જરૂર છે. કેટલાક રાજ્યોએ આ દિશામાં પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વધુ ને વધુ રાજ્ય સરકારો ઓનલાઈન જઈ રહી હોવાથી આ પ્રક્રિયાને વધુ બળ મળી રહેશે. સ્ટાર્ટ-અપ્સ માટે નવી પહેલો હેઠળ ઓનલાઈન મંજૂરીઓ આપવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.*

ભારતીય અર્થતંત્રમાં આઉટપુટ હોય, રોજગારી હોય કે નિકાસ નાના ઉદ્યોગોનું હંમેશા મહત્ત્વનું સ્થાન રહ્યું છે. આ ઉપરાંત તેઓ ઈક્વિટી અને વિકેન્દ્રીકરણ સાથે અર્થતંત્રમાં વૃદ્ધિના વાહક છે. તેથી દેશની આર્થિક નીતિઓ નાના ઉદ્યોગોને પ્રોત્સાહન અને રક્ષણ આપવા માટેની હોવી જોઈએ. જોકે, બે દાયકાથી વધુ સમયથી આ સેક્ટર ખૂબ જ ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. દેશમાં મોટી સંખ્યામાં નાના ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે. તેનાથી માત્ર રોજગારીના સર્જનમાં અવરોધો ઊભા નથી થયા પરંતુ દેશના અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસને પણ ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે.

**લિબરલાઈઝેશન અને વૈશ્વિકીરણની અસર**

દેશ સ્વતંત્રત થયા બાદના સમયમાં સરકારે અપનાવેલી ઔદ્યોગિક નીતિ હેઠળ મોટા સ્તર પર ખાનગી ઉદ્યોગો પર અનેક પ્રકારના પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા અને તે સમયની ઔદ્યોગિક નીતિ ‘લાઈસન્સ અને ક્વોટા રાજ’ના સમાનાર્થી બની ગઈ. વર્તમાન ઉદ્યોગો સરકારની આ નીતિ સાથે ટકી રહેવાની કળા શિખ્યા તેવા સમયે આ જ પોલિસીએ નવા ઉદ્યોગોના વિકાસ માટે અવરોધો ઊભા કરી દીધા.

દેશમાં નાના ઉદ્યોગોને સંબંધ છે ત્યાં સુધી આ પોલિસી કન્ઝ્યુમર ગૂડ્સ સેક્ટરમાં સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ (એસએસઆઈસ – નાના ઉદ્યોગો)ને કામ કરવાની મંજૂરી આપે છે અને તેણે નાના ઉદ્યોગો માટે અનેક વસ્તુઓ અનામત પણ રાખી હતી. વર્ષ ૧૯૯૧માં ડૉ. મનમોહનસિંહના નેતૃત્વમાં નવી આર્થિક નીતિની શરૂઆત પહેલાં નાના ઉદ્યોગોના સેક્ટરમાં ઉત્પાદન માટે ૮૧૨ વસ્તુઓને અનામત રાખવામાં આવી હતી. નવી આર્થિક નીતિ (એનઈપી)એ અનામતની આ નીતિની નિર્દયતાથી હત્યા કરી નાંખી. એ જ રીતે નાના ઉદ્યોગો ભાવ અને ખરીદી બંને દૃષ્ટિએ સરકારી ખરીદીને અગ્રતા આપવા લાગ્યા હતા. ધીમે ધીમે સ્પર્ધાને પ્રોત્સાહન આપવાના નામે આ છૂટછાટે નાના ઉદ્યોગોનો સફાયો કરી નાંખ્યો. એમ કહેવાતું હતું કે એસએસઆઈ માટેની અનામત નીતિ ટેક્નોલોજીના વિકાસમાં અવરોધરૂપ બનશે અને સ્પર્ધાને ખતમ કરી નાંખશે. સંરક્ષણ બિનકાર્યક્ષમતાનું કારણ બનશે અને દેશ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઊભો નહીં રહી શકે તેમ કહેવાતું. એવી દલીલ પણ અપાતી કે આપણે નાના ઉદ્યોગો સહિત સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરવાનું ચાલુ રાખીશું તો વિદેશી રોકાણકારોને દેશમાં રોકાણ કરવા પ્રોત્સાહન નહીં મળે અને ગ્રાહકોની પસંદગીઓ પણ મર્યાદિત થઈ જશે. નાના ઉદ્યોગોને છૂટછાટની તરફેણ, રોજગારી અને વિકેન્દ્રીકરણની દલીલો સામે એનઈપીની દલીલોને અગ્રતા અપાઈ.

વૈશ્વિકીરણના યુગમાં મુક્ત આયાતોની નીતિએ આપણને અનેક ગૂડ્સ અને કેટલીક વખત ટેક્નોલોજી મેળવવામાં મદદ કરી છે, પરંતુ આ નીતિએ બાકીના

વિશ્વની સ્પર્ધાનો સામનો નહીં કરી શકનારા નાના ઉદ્યોગોનો ભોગ લીધો છે. ઓટોમોબાઈલ જેવા કેટલાક સેક્ટર્સમાં એન્સિલરીના નાના એકમોમાં આપણને વૃદ્ધિ જોવા મળી. જોકે, સામાન્ય સેક્ટર્સના નાના ઉદ્યોગોએ ખાસ કરીને ચીનમાંથી આયાતના પૂરના કારણે વિનાશનો સામનો કરવો પડ્યો. ચીનમાંથી રમકડાં, વીજ ઉપકરણો, મોબાઈલ, કમ્પ્યુટર અને અન્ય ઈલેક્ટ્રોનિક એસેસરીઝ, પ્રોજેક્ટ ગૂડ્સ, વીજ એકમો વગેરે જેવી વસ્તુઓની મોટાપાયે થતી આયાતોને કારણે દેશ પર વિદેશી હૂંડિયામણની ચૂકવણીનો બોજ પડવાની સાથે આપણા ઉદ્યોગો અને બિઝનેસીસ બંધ થતા મોટાપાયે બેરોજગારી ફેલાઈ હતી.

**મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન કેવી રીતે ?**

ચીન દ્વારા માલના ડમ્પિંગ અને ભારતના નાના ઉદ્યોગો પર તેની નકારાત્મક અસર અંગે ભાગ્યે જ કોઈ શંકા હોવા છતાં એ સમજવાનું પણ ઘણું મહત્ત્વનું છે કે ચીનની સરકારે ચીનમાં ઉદ્યોગો અને આંત્રપ્રિન્યોરશિપના વિકાસ માટે સકારાત્મક વાતાવરણ પૂરું પાડ્યું છે અને ચીનને વિશ્વના ઉત્પાદન હબમાં ફેરવી નાંખ્યું છે.

ભારતમાં મોંઘી વીજળી, જરીપૂરાણા શ્રમ કાયદા, જટિલ કર વ્યવસ્થા, કરોના ઊંચા દર, નાંણાં મેળવવામાં સમસ્યા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઊણપ, ઉદ્યોગ શરૂ કરવામાં અવરોધરૂપ કાયદાઓ, ઈન્સ્પેક્ટર રાજ અને પર્યાવરણ અંગેના વિપરિત કાયદા જેવી કેટલીક સમસ્યાઓ છે, જે નાના ઉદ્યોગોના સ્વસ્થ વિકાસમાં અવરોધરૂપ બને છે. આમ, આપણે કહી શકીએ કે સમસ્યા માત્ર આયાતોમાંથી ઊભી થતી અસમાન સ્પર્ધાની નથી, પરંતુ એક ઉદ્યોગની શરૂઆતથી લઈને માર્કેટિંગ અને અંતિમ પેદાશ સુધી ઉદ્યોગકારે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

**અલગ શ્રમકાયદા જરૂરી**

કામદારોના સંરક્ષણ અને કલ્યાણના મહત્ત્વનો કોઈ ઈનકાર કરી રહ્યું નથી. જોકે, 'હાયર અને ફાયર'ની અન્યાયી નીતિ સારી નથી અને આપણે કામદારોના 'હિતો'નું પણ રક્ષણ કરવું જરૂરી છે. જોકે, મોટા અને નાના ઉદ્યોગો માટે સમાન કાયદાને કોઈ વ્યાજબી ઠેરવી શકે નહીં. હવે પરિસ્થિતિ બદલાઈ છે અને જટિલ શ્રમિક કાયદાઓના કારણે નાના ઉદ્યોગો નિયમિત કામદારની ભરતી કરવાના બદલે કોન્ટ્રાક્ટ કામદાર તરફ વળ્યા છે. વચેટીયાઓ દ્વારા કોન્ટ્રાક્ટ કામદારોનું શોષણ થાય છે અને ઉદ્યોગપતિઓ તથા કામદાર વચ્ચેના અંતર્ગત સંબંધો અદશ્ય થઈ ગયા છે. પરિણામે ઉદ્યોગો અને કામદારો બંનેના કલ્યાણ પર અસર પડી છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને બીજા કામદાર કમિશને નાના ઉદ્યોગો માટે અલગ કાયદો બનાવવાની એક મહત્ત્વપૂર્ણ ભલામણ કરી છે. કામદાર સંગઠનોએ પણ આ પહેલની તરફેણ કરી છે. થોડા સમય પહેલા 'માઈક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ બીલ' નામનું એક બિલ બનાવવામાં આવ્યું હતું. જોકે, નાના ઉદ્યોગો માટે અલગ કામદાર કાયદાની જરૂરિયાત તો હજી ઊભી જ છે.

**ધિરાણ**

બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓનું માનવું છે કે નાના ઉદ્યોગોને ધિરાણ કરવું જોખમી અને અગવડભર્યું છે. આ વિચારસરણીમાં કોઈ સત્ય નથી. બેન્કો હાલ જે એનપીએ કટોકટીનો સામનો કરે છે તેનું કારણ મોટી લોન્સ છે. બેન્કોના આ અગાઉથી ધારી લીધેલી માન્યતાઓને કારણે નાના ઉદ્યોગોને ધિરાણની અગ્રતા તેમના માટે કાયદાકીય રીતે બંધનકારક હોવા છતાં તેઓ નાના ઉદ્યોગોને ધિરાણ આપવાનું ટાળે છે. વધુમાં નાના ઉદ્યોગોને ઊંચા દરો પર લોન મળે છે જ્યારે મોટા ઉદ્યોગો કોઈપણ અવરોધ વિના ઘણાં સસ્તા દરે અને સરળ શરતોએ લોન મેળવે છે.

વર્તમાન સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ તેણે માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ એન્ડ રિફાઈનાન્સ એજન્સી (મુદ્રા), સ્ટાર્ટ અપ યોજનાઓ વગેરે મારફત નાના અને માઈક્રો ઉદ્યોગોને સુવિધા આપવાનું શરૂ કર્યું છે. એકમાત્ર મુદ્રા યોજના હેઠળ વર્તમાન સરકારે ૩.૯ લાખ કરોડ રૂપિયાની કુલ લોનનું વિતરણ કર્યું છે અને મુદ્રા લોનના ૯.૩ કરોડ લાભાર્થીઓએ માત્ર પોતાને જ રોજગારી નથી આપી, પરંતુ તેમણે વધુ પ્રમાણમાં રોજગારીનું પણ સર્જન કર્યું છે.

**આયાતોના પૂર અને ડમ્પિંગ પર નિયંત્રણ**

આધુનિક દિવસોમાં વિદેશ વેપાર એક સામાન્ય ઘટના હોવા છતાં નાના ઉદ્યોગોના વિનાશ માટેનું તે એક મહત્ત્વપૂર્ણ કારણ છે. તેનું એક મહત્ત્વપૂર્ણ કારણ ખાસ કરીને ચીન જેવા દેશો દ્વારા માલનું ડમ્પિંગ છે. કેન્દ્ર સરકારે હવે મોટા પાયા પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવાનું શરૂ કર્યું છે. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં તત્કાલીન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી નિર્મલા સિતારામને જણાવ્યું હતું કે ચીનમાંથી આયાત તથા ૯૩ ઉત્પાદનો પર એન્ટી-ડમ્પિંગ ડ્યુટી લગાવવામાં આવી છે.

**લોન વિતરણ : મુદ્રા યોજના હેઠળ**

| વર્ષ | લોન મંજુર | રૂપિયાની ફાળવણી (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૪૮૮૦૯૨૪ | ૧૩૨૯૫૪.૭૩ |
| ૨૦૧૬-૧૭ | ૩૯૭૦૧૦૪૭ | ૧૭૫૩૧૨.૧૩ |
| ૨૦૧૭-૧૮ | ૧૮૩૪૦૦૫૩ | ૮૪૪૧૩.૨૮ |
| કુલ | ૯૨૯૨૨૦૨૪ | ૩૯૨૬૮૦.૧ |

વધારામાં એન્ટી-ડમ્પિંગ એન્ડ અલાઈડ ડ્યુટીસના ડિરેક્ટોરેટ જનરલ દ્વારા ચીનમાંથી આયાતના સંબમાં ૪૦ કેસીસ શરૂ કરાયા છે.

અમારું માનવું છે કે વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલીક વસ્તુઓ પર એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવાથી ઈચ્છિત પરિણામો મળ્યા છે. હવે ચીનમાંથી આયાત થતી અન્ય વસ્તુઓ પર પણ એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવશે. આથી, ચાલુ વર્ષે ચીનમાંથી આયાતનું પ્રમાણ વધુ ઘટશે તેવી અપેક્ષા સેવાય છે. ચીનની વસ્તુઓ પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદવાના સરકારના પગલાથી માત્ર સ્થાનિક ઉદ્યોગોને જ રાહત નહી મળે પરંતુ ચીન સાથેની વેપાર ખાધમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

**સરકારી ખરીદીમાં અગ્રતા**

નાના ઉદ્યોગોના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે સરકાર નાના ઉદ્યોગો પાસેથી ભાવ પસંદગી અથવા ખરીદી પસંદગી સ્વરૂપે પ્રેફરેન્શિયલ ખરીદીની સ્પષ્ટ અને સમાવેશક નીતિ અપનાવી શકે છે. જોકે, સમય પસાર થવાની સાથે વધુ અથવા ઓછી કરતાં આ પસંદગીઓ છોડી શકાય છે.

તાજેતરમાં સરકારે એક નવી પ્રેફરેન્શિયલ પ્રોકરમેન્ટ પોલિસી બનાવી છે, જેને સરકારે જનરલ ફાઈનાન્સિયલ રૂલ્સ તરીકે અમલમાં લાવી છે. જીએફઆરનો નિયમ ૧૫૩ કહે છે કે :

'રૂ. ૫૦ લાખ અને તેનાથી ઓછા માલની ખરીદીમાં તથા નોડલ મંત્રાલય પર્યાપ્ત પ્રમાણમાં સ્થાનિક ક્ષમતા અને સ્થાનિક સ્પર્ધા હોવાનું નક્કી કરે તેવા કિસ્સામાં માત્ર સ્થાનિક સપ્લાયર્સ જ પાત્ર રહેશે.

રૂ. ૫૦ લાખથી વધુ (અથવા પર્યાપ્ત પ્રમાણમાં સ્થાનિક ક્ષમતા અને સ્થાનિક સ્પર્ધા હોય ત્યાં)ના મૂલ્યની ખરીદી માટે જો સૌથી નીચી બીડ સ્થાનિક સપ્લાયરની ન હોય તો સૌથી ઓછી બીડના ૨૦ ટકાના માર્જિનમાં સૌથી નીચી બીડ ધરાવતા લોકલ સપ્લાયરને સૌથી ઓછી બીડ માટે તક અપાશે. (http://pib.nic.in/newsite/PrintRelease.aspx?relid=162107) એક અંદાજ મુજબ સ્થાનિક માલની પસંદગીની ખરીદી સામાન્ય સેક્ટરમાં સ્થાનિક ઉદ્યોગો ખાસ કરીને નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં લાંબી મજલ કાપશે.

**ઈન્સ્પેક્ટર રાજનો અંત**

નાના ઉદ્યોગો પર ૪૦થી વધુ કાયદાઓ લાગુ પડે છે અને ૫૦થી વધુ ઈન્સ્પેક્ટર્સ તેમની ફેક્ટરીઓની મુલાકાત લઈ શકે છે અને તેમાંથી અનેક નાના ઉદ્યોગોને દંડ કરવાની વ્યાપક સત્તા પણ ધરાવે છે. આ જોખમો હેઠળ જીવતા નાના ઉદ્યોગો માટે ઉત્પાદન, માર્કેટિંગ અને ટેક્નોલોજી અપગ્રેડેશન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ધ્યાન કેન્દ્રીત કરવું ખૂબ જ મુશ્કેલ હતું. નાના ઉદ્યોગો પર લાગુ અનેક કાયદાઓ એવા છે, જેમણે આધુનિક સમયમાં તેમની ઉપયોગીતા ગુમાવી દીધી છે અને અનેક કાયદા એવા છે જે સામાન્ય તથા ખાસ કરીને ઉદ્યોગોમાં અર્થતંત્રના સ્વસ્થ સંચાલનમાં અવરોધરૂપ છે. આવા જરીપુરાણા અને અર્થહિન કાયદાઓનો અંત લાવવાની તાતી જરૂર છે. આ પરિપ્રેક્ષ્યમાં અર્થતંત્રના સરળ સંચાલન માટે વર્તમાન સરકાર હેઠળ કેટલાક અનાવશ્યક કાયદાઓને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વર્તમાન સરકારે આ પ્રક્રિયા હેઠળ ૧૨૦૦ કાયદાઓને રદ કરી નાંખ્યા છે અને એવા બીજા ૧૮૨૪થી વધુ કાયદાઓ ઓળખી કાઢ્યા છે, જેને રદ કરી શકાય છે. નવા આંત્રપ્રિન્યોર્સને દરેક પ્રકારની મંજૂરીઓ એક જ બારી દ્વારા આપવાની સુવિધા પૂરી પાડવાની જરૂર છે. કેટલાક રાજ્યોએ આ દિશામાં પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વધુ ને વધુ રાજ્ય સરકારો ઓનલાઈન જઈ રહી હોવાથી આ પ્રક્રિયાને વધુ બળ મળી રહેશે. સ્ટાર્ટ-અપ્સ માટે નવી પહેલો હેઠળ ઓનલાઈન મંજૂરીઓ આપવાની કામગીરી શરૂ થઈ ગઈ છે.

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું**

દેશના અંતરિયાળ વિસ્તારોમાં નાના ઉદ્યોગો શરૂ કરવા અને ચલાવવા લગભગ અશક્ય છે. આ વિસ્તારો રેલ માર્ગે અથવા રોડ માર્ગે દેશના અન્ય ભાગો સાથે સંકળાયેલા નથી કે તેમની પાસે વીજળીનો પર્યાપ્ત સ્રોત પણ નથી. એટલું જ નહીં, દેશના મોટા અને વિકસિત સ્થળો પર પણ નિશ્ચિતપણે વીજળીનો પુરવઠો મેળવવો એક મોટી સમસ્યા છે. અનેક સ્થળો પર વ્યાપક પ્રમાણમાં જનરેટર્સનો ઉપયોગ થાય છે. તેનાથી માત્ર ખર્ચ જ નથી વધતો, પરંતુ પ્રદૂષણ વધે છે અને જનરેટર્સથી ચાલતા એકમો સંબંધિત વિભાગોના ઈન્સ્પેક્ટરોના શોષણનો ભોગ પણ બને છે. આપણે દેશમાં રેલવે, રોડ, વીજળી, સ્કીલ ડેવલપમેન્ટ, બજારો (ઈ-પોર્ટલ્સ સહિત) વગેરે સહિત વિવિધ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની જરૂર છે. ગામડાઓના યુનિવર્સલ ઈલેક્ટ્રિફિકેશન માટે સૌર ઊર્જાનો વિકલ્પ અપનાવાઈ રહ્યો છે તેમજ વર્તમાન સરકાર દ્વારા માર્ગોના બાંધકામનું કામ પણ ઝડપથી થઈ રહ્યું છે. આ કામોના પરિણામે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પણ નાના અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં મદદ મળી રહી છે. વિવિધ રાજ્ય સરકારો દ્વારા ઈ-પ્રોકર્મેન્ટ્સની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

આપણે એ ક્યારેય ન ભૂલવું જોઈએ કે સ્વભાવગત ભારતીયો ઉદ્યોગ સાહસિક, સખત મહેનતુ અને ઉત્સાહી છે. જોકે, તેમનામાં ઉદ્યોગ સાહસિક્તા વિકસાવવા માટે સાનુકૂળ વાતાવરણ ખૂબ જ જરૂરી છે. આ મુખ્યત્વે સરકારોનું કામ છે. સરકારે સારા કાયદા બનાવવા જોઈએ અને સાનુકૂળ વાતાવરણ ઊભું કરવું જોઈએ. આ સંદર્ભમાં જોઈએ તો આ કામગીરી માટે સરકારને કોઈ મોટા બજેટની પણ જરૂર નથી. સરકારે માત્ર પ્રત્યક્ષરૂપે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે મોટા ભંડોળની જરૂર પડે છે અને તે પણ જાહેર ખાનગી ભાગીદારી મારફત ઊભું કરી શકાય છે. તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર સુધારા છતાં 'ઈઝી ઓફ ડુઇંગ બિઝનેસ' એટલે કે વેપાર કરવાની સરળતાના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આપણે ૧૩૦મો રેન્ક ધરાવીએ છીએ. આ રેન્ક સુધારવા માટે સરકારે ઘણું કામ કરવાની જરૂર છે અને તેની પાસેથી ઘણા સારા કામની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

લેખક સ્વદેશી જાગરણ મંચના નેશનલ કો-કન્વીર અને PGDAV કોલેજ, નવી દિલ્હીમાં વ્યાખ્યાતા છે. તેઓ ઘણાં પુસ્તકો અને ૪૦૦ થી વધુ લેખ વિવિધ રાષ્ટ્રીય દૈનિકો અને સામાયિકોમાં લખી ચૂક્યા છે. તે જર્નલ ઓફ કોન્ટેમ્પરરી ઈન્ડિયન પોલિટી એન્ડ ઈકોનોમીના ચીફ એડિટર છે.

**E-mail:**
**ashwanimahajan@rediffmail.com**

# ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો : તાજા પડકારો, તકો અને સૂચિતાર્થો

પી. એમ મેથ્યુ

*ભારત સરકાર પણ રાષ્ટ્રીય અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ તથા રોજગારીના સર્જનમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના ક્ષેત્રના મહત્ત્વ અને ક્ષમતાનો સ્વીકાર કરે છે. ભારત સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના વિકાસ અને પ્રોત્સાહન માટે નીતિઓનો અમલ કરવા અને તે માટે અસરકારક પગલાઓ લેવા માટે સમગ્ર ભારતવ્યાપી માળખાની જરૂરિયાત અનુભવી છે અને જુદી-જુદી પદ્ધતિ અપનાવીને રાજ્ય સરકારો દ્વારા હાથ ધરાતાં પ્રયત્નોને સહાયરૂપ થવા માટે ખૂબ જ સક્રીય રસ દાખવ્યો છે. ભારત સરકાર દ્વારા અમલ કરાયેલો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો વિકાસ (એમએસએમઈડી) કાયદો, ૨૦૦૬ આ પ્રયાસોનું જ પરિણામ છે. આ કાયદો અમલમાં આવ્યા બાદ નાના પાયાના ઉદ્યોગો (સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી - એસએસઆઈ) અને કૃષિ ગ્રામીણ ઉદ્યોગો (એગ્રો રૂરલ ઈન્ડસ્ટ્રીઝ - એઆરઆઈ)નું જોડાણ કરીને ૯.૫.૨૦૦૭ના રોજ અલગ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોના મંત્રાલયની રચના કરવામાં આવી હતી. આ ક્ષેત્ર ૪૫૩ લાખ એકમો ધરાવે છે (ઈન્ડ્રા આર્થિક સર્વેક્ષણ, ૨૦૧૩ અનુસાર) અને દેશમાં ૧૧.૭ કરોડથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. તે કુલ ઉત્પાદન પેદાશના ૪૫% ભાગનું ઉત્પાદન કરે છે અને દેશમાંથી થતી કુલ નિકાસમાં ૪૦% હિસ્સો ધરાવે છે.*

પ્રજાસત્તાક ભારતની સ્થાપના કરનારા આપણા વડવાઓએ દેશના નાનાં એકમો પાસેથી ઘનિષ્ઠ રાષ્ટ્ર નિર્માણની કલ્પના કરી હતી. સમય જતાં આ ક્ષેત્રનો વિકાસ થતાં ભારે વૈવિધ્ય ધરાવતી દેશની મેન્યુફેક્ચરિંગ સિસ્ટમમાં તેનું રૂપાંતર થયું. વિશ્વનું અર્થતંત્ર જયારે ઝડપી ગતિથી પરિવર્તન તરફ આગળ વધી રહ્યું છે અને અવરોધક ટેકનોલોજીનું વર્ચસ્વ વધી રહ્યું છે ત્યારે ભારતને એક વધુ વિસ્તૃત પાયાની તથા સમજની જરૂર છે. આવું એટલા માટે થયું કે MSMEs ઉદ્યોગસાહસિકતાનું મૂળભૂત સ્વરૂપ ધરાવે છે. ઉદ્યોગસાહસિકતા મહદ્ અંશે લોકોની રોજગારીની મહેચ્છા પૂરી કરવા પાયાના સ્તરે પાંગરે છે. આવી મહેચ્છાઓ અને પાયાના સ્તરે રહેલી આવી લાગણીઓના આવેશને સમજવો તે ખૂબ જ મહત્વની બાબત છે. આથી વૈજ્ઞાનિક રીતે MSMEs અંગેની ચર્ચા સામાન્યપણે આર્થિક વિકાસના હિસ્સાનો અને ખાસ કરીને રોજગાર નિર્માણને પ્રોત્સાહન આપવાનો એક ભાગ હોવો જોઈએ.

### વૈશ્વિક મૂડીરોકાણ અને વર્તમાન સમયમાં સાહસિકતા

કોઈ પણ દેશની જાહેર નીતિ હંમેશાં વિશ્વમાં થતી ગતિવિધીઓ ઉપર આધાર રાખતી હોય છે અને આવું જ જાહેર પ્રોગ્રામોનું હોય છે. આથી જે ચિત્ર ઉભરી રહ્યું છે તે વર્તમાન સમયમાં ભારતના નીતિ ઘડતર માટે મહત્વનું બની રહે છે. આંતર-પ્રાદેશિક વેપાર અને હબના શાસ્ત્ર (Hubanomics) નું એક ગતિશીલ મિશ્રણ આજે બિઝનેસ મોડેલની એક ઉભરતી જરૂરીયાત બની રહ્યું છે. ગૂગલ, એપલ, ફેસબુક અને એમોઝોન જેવી મોટી નોલેજ કંપનીઓએ એક ટેકનોલોજી વેવ અને સ્પર્ધાત્મક ચિત્રનું નિર્માણ કર્યું છે, જે ઔદ્યોગિક ક્રાંતિના હવે પછીના ઉભરતા સ્વરૂપને નક્કી કરે છે.

આપણને વર્ષ ૨૦૧૭માં જે અનુભવ થાય છે, તે એક બાબત છે. દરેક બિઝનેસે હબને આધારે કામ કરવાનુ વલણ હોય છે, જેને આધારે 'Hubanomics' નો એક નવો અભિગમ ઉભરી આવેલો છે.


આઝાદી કાળથી ભારતના ઔદ્યોગિકરણનો દ્રષ્ટિકોણ દ્વિપાંખીયા અભિગમ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતો રહ્યો છે : (૧) રોજગારીની તકો પૂરી પાડવી અને (૨) પ્રાદેશિક વિકાસના એક સાધન તરીકે આવી તકોને શક્ય તેટલી ગ્રામ વિસ્તારો સુધી લઈ જવી. આ પ્રકારના અભિગમને કારણે મોટી સંખ્યામાં અર્ધ -શહેરી કેન્દ્રોનું નિર્માણ થયું છે, જે દેશમાં MSMEs ને નોંધપાત્ર અવકાશ પૂરો પાડે છે. શહેરી વિસ્તારોમાં અમીર અને

ગરીબ એમ બંને પ્રકારના લોકો વસે છે. આવકની તકો અંગે તેમના ચોક્કસ અભિગમ અને દ્રષ્ટિકોણને કારણે સ્વરોજગારી કરતા લોકોને સ્થાનિક અર્થતંત્રને વધુને વધુ યોગદાન આપવાની તક હોય છે. જાહેર નીતિમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોને જોડવાની ક્ષમતા હોય તે આવશ્યક છે.

'મેક ઈન ઈન્ડિયા' એ અત્યંત નજરે પડતી જાહેર ઝૂંબેશ છે. આ એક એવી પહેલ છે કે જેને બે સ્તરે કાર્યમાં રૂપાંતરિત કરવાની જરૂર છે. પ્રથમ, મોટા વિદેશી અને સ્થાનિક મૂડીરોકાણોને આકર્ષવાની જરૂર છે. બીજું, આ બધા મોટા એકમોને પણ સબ-કોન્ટ્રાક્ટની કડી તરીકે અને સર્વિસ ડિલીવરી માટે MSMEs ની જરૂર છે. આથી આવી કડીઓને જોડવા માટે MSMEs અંગે આગોતરી જાણકારી અને તેની ક્ષમતા અંગે જ્ઞાન જરૂરી છે.

**પડકારો અને તકો**

આઝાદી પછીના કાળમાં, આયોજનના યુગમાં, ઉપર દર્શાવ્યા મુજબ વ્યૂહરચના ઘડવાના ઘટકોને જોડીને પહેલ હાથ ધરવાના પ્રયાસો થયા હતા. આમ છતાં આયોજનો હેઠળ મધ્યસ્થ સંસ્થાગત માળખા અને નીતિ વિષયક સાધનો સ્થાપવાની જરૂરિયાત હતી અને એવા વિસ્તારો કે જ્યાં સ્થાનિક અર્થતંત્રને અસર થઈ શકે તેવા નિર્ણયો લેવાની જરૂર હતી. આવા જ તર્કથી એક તરફ આધુનિક લઘુ કદના એકમોને સેવાઓ આપે તેવા વિવિધ વિભાગોનું સહઅસ્તિત્વ શરૂ થયું, તો બીજી તરફ (MSMEs અને ટેક્સટાઈલ ક્ષેત્રના વિવિધ વિભાગોને ધ્યાનમાં લઈને) ગ્રામ્ય વિસ્તારોના એકમો માટે પણ આવી વ્યવસ્થા ગોઠવાઈ. આ બંનેને સહઅસ્તિત્વ વચ્ચે એકરૂપતા જળવાઈ રહે તે માટે સતત પ્રયાસો પણ થયા, પરંતુ આ પ્રકારના પ્રયાસોને અવારનવાર ધાર્યા પરિણામો મળતા ન હતા. આને કારણે સ્થાનિક લોકો અને તેમની રોજગારી ઉપર



વિવિધ કાર્યક્રમો બાબતે એક તાજા દ્રષ્ટિકોણની જરૂરિયાત ઉભી થઈ.

હોરિઝોન્ટલ અને વર્ટિકલ બંને પ્રકારની સમસ્યાઓ હતી. એક તરફ સ્થાનિક સ્તરે લોકોની મહેચ્છાઓ સંઘર્ષ અને સહયોગના મિશ્રણ સમાન હતી, જ્યારે સ્થાનિક માળખાગત સુવિધાઓ જેવી કેટલીક મહેચ્છાઓ માટે સંઘર્ષની ઓછી સંભાવના હતી. જે કોઈ માલ-સામાન કે સર્વિસીસનું ઉત્પાદન થતું તેમાં વિવિધ પ્રકારના હિતો ટકરાતા હતા. આથી 'વિકાસ' ની પરિભાષા સ્થાનિક સંદર્ભમાં 'લાખ દુઃખો કી એક દવા' બની શકી નહી. 'વિકાસ' ને વ્યવહારમાં મૂકવા અને તેની નવી વ્યાખ્યાના અભિગમની માંગ શરૂ થઈ. 'વિકાસ' નો ઉદ્દેશ મહત્તમ લોકોના કલ્યાણની ખાત્રી રાખવાનો હતો. જો કે 'કલ્યાણ' નો અભિગમ પણ એક સરખુ સ્વરૂપ ધરાવતો ન હતો. આથી નીચે દર્શાવેલી રૂપરેખા અનુસાર નક્કર પગલાં ભરવાની જરૂરિયાત ઉભી થઈઃ (૧) માણસને 'વિકાસ' ના કેન્દ્રમાં મૂકવો અને (૨) કેટલાક બોટમ લાઈન માપદંડોના સંબંધમાં 'કલ્યાણ' ની વ્યાખ્યા બાંધવાની જરૂર ઉભી થઈ.

માનવ કલ્યાણનાં ૩ ઘટકો છે. (અ) આર્થિક, (૨) સામાજિક અને (૩) પર્યાવરણલક્ષી. એક સ્થાનિક વિકાસ નીતિમાં આ ૩ ઘટકો સહભાગી બનીને રૂપાંતરિત થયાં હોય તે આવશ્યક છે. એ મહત્વનું છે કે આવી કોઈ પણ નીતિ ઘડવામાં આવી હોય ત્યારે તેમાં લોકોના બહુમતિ હિસ્સાને સંતોષ આપી શકે તેવી આર્થિક બોટમ લાઈનની ખાત્રી રહેવી જોઈએ. એ બાબતની પણ ખાત્રી રાખવી જરૂરી બની રહે છે કે આ પ્રકારની બોટમ લાઈન દ્વારા કોઈ સ્વીકૃત સામાજિક માપદંડો સાથે સંઘર્ષ થવો જોઈએ નહી. આ ઉપરાંત પર્યાવરણ પર પણ ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ, અને તે પણ એવી રીતે કે સ્થાનિક આર્થિક વિકાસની પહેલ લાંબાગાળા સુધી ટકી શકે તવી બની રહે અને તે ભાવી પેઢીને પણ સ્વીકૃત બની રહેવી જોઈએ. આમ છતાં વિકાસના વ્યુહરચનાકારો અને સરકારો ઘણી વાર એવો ટૂંકો માર્ગ પસંદ કરે છે કે જે માનવ વ્યવસ્થાતંત્રને ગ્રામ્ય અને શહેરી, સ્ત્રી-પુરૂષ, યુવાન અને પુખ્ત વગેરે જેવા સ્વછંદી માપદંડો અને ઘટકોમાં વહેંચી નાંખે છે.

જ્યારે ઉપર મુજબના રાષ્ટ્રીય હિતો અને ધ્યેયો હોય ત્યારે વૈશ્વિક સ્તરે મૂડીના વર્ટિકલ હિતો હોય છે. આથી પ્રાદેશિક સ્તરે વિકાસના એજન્ડાને આકાર આપવો તે એક કપરી પસંદગી બની રહે છે. યોગ્ય, પૂરાવાના આધાર વગર ભારત તેના વર્તમાન સમયના MSMEs વિકાસના પ્રોગ્રામો આગળ ધપાવી શકે તેમ નથી.

### વિકાસના સુસંકલિત અભિગમની જરૂર

અર્થતંત્રની જે જટિલતાઓ ઉભરી રહી છે, તેને ધ્યાનમાં લેતાં MSMEs ક્ષેત્ર માટે એક સુસંકલિત વિકાસ અભિગમની જરૂર છે. વિવિધ તકો અને મહત્વના અવરોધો પણ સુનિશ્ચિત કરવાની જરૂર છે. હયાત નીતિઓ અંગેના નવા સંશોધનો અને પૂરાવાઓ આપણને સમીક્ષા અને પુનઃ નિવેદન તરફ દોરી જવા જોઈએ અને તેમાં નીચેની બાબતો તરફી ઝોક હોવો જોઈએ :

**રાજકીય અને વીહવટી સત્તાઓ :** બંધારણના ૫૬માં સુધારા હેઠળ ગ્રામ્ય અને લઘુ કદના ઉદ્યોગો એ સ્થાનિક સરકારોનો વિષય છે. ભારતના બોટમ-હેવી ઔદ્યોગિક માળખામાં મોટી સંખ્યામાં લઘુ અને ટાઈની એકમો મહદ અંશે નાનાં નગર અને ગામડાંમાં સ્થાન ધરાવતાં હોય છે અને દેશના લઘુ એકમોના ઉત્પાદનમાં યોગદાન આપે છે. આનો અર્થ એ થાય કે ઉદ્યોગસાહસિકતાનો જન્મ અને ઉદ્યોગસાહસિકતાના સાધનોને મળતો આકાર એ સ્થાનિક બાબત છે. આમ છતાં વિરોધાભાસી બાબત એ છે કે લોકલ ગવર્મેન્ટસ કાં તો આ બાબતે અજાણ હોય છે કે પછી પોતાની સત્તાનો ઉપયોગ કરવામાં નામરજી દર્શાવતાં હોય છે અને આ સત્તાઓ સરકારના ઉપરના સ્તર દ્વારા છીનવી લેવામાં આવે છે. કેટલાંક રાજ્યોમાં તો, ચોકકસ પંચાયતોને 'સકસેસ સ્ટોરીઝ' જાહેર કરવામાં આવી છે ત્યાં સફળતાનાં પરિબળોનું વિશ્લેષણ કરવું જરૂરી બને છે. ઘણી વાર 'સફળતા' ને લોકપ્રિય અને રાજકીય દૃષ્ટિએ સંવેદનશીલ હોય એવા સ્વચ્છતા, પાણી પુરવઠા, પ્રાથમિક આરોગ્ય સેવાઓ, પ્રાથમિક શિક્ષણ વગેરે જેવા રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના પ્રોગ્રામો સાથે જોડીને તુલના કરવામાં આવે છે. કાર્યક્રમની ડિઝાઈન નક્કી કરવામાં લોકોની સામેલગીરી ઘણી વાર ખૂબ જ નજીવી હોય છે.

**ક્ષમતાઓ :** એ બાબત સમજવી જરૂરી બને છે કે સરકારનો આ નીચલો સ્તર અને તેમની વહીવટી મશીનરી, તટસ્થ રીતે ધ્યાનમાં લઈએ તો આવી સત્તાનો ઉપયોગ કરવા માટે સક્ષમ છે ખરી? આવા કિસ્સાઓમાં સ્થાનિક આર્થિક વિકાસના કાર્યક્રમો અને ખાસ કરીને એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટના પ્રોગ્રામો બાબતે વર્તમાન ક્ષમતાને તપાસવી જરૂરી બની રહે છે. જે ઘટકની ઘણીવાર ગેરહાજરી વર્તાય છે તે છે ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓના આયોજનના સ્તરે માર્ગદર્શક સર્વિસીસનો અભાવ (કે જેનો અભાવ આજે સ્થાનિક તેમજ લોકલ સેલ્ફ ગવર્મેન્ટના સ્તરે વર્તાઈ રહ્યો છે). ક્ષમતા ની પરિભાષાની વાત કરીએ ત્યારે વિવિધ સ્તરોને (tires) ધ્યાનમાં લેવાને બદલે એવી સર્વિસીસને અગ્રતા મળવી જોઈએ કે જે જિલ્લા સ્તરેથી નીચે પંચાયતના સ્તર સુધી

પહોંચતી હોય. હકિકતમાં લોકલ ગવર્મેન્ટના સ્તરે સંકલનકારી અને હાથ પકડીને આગળ લઈ જાય તેવી તંત્ર વ્યવસ્થા હોવી જરૂરી છે. આમ છતાં કહેવાતા 'વહીવટ' થી આગળ વધીને ધ્યાન નીચે મુજબનાં ચોકક્સ ક્ષેત્રો તરફ આગળ વધવું જોઈએ. આવા પ્રોજેક્ટસના આઈડીયાઝ નીચે મુજબ છે. (અ) બિઝનેસની તકો ઓળખવી (બ) ત્યાર બાદની સપોર્ટ સર્વિસીસ પૂરી પાડવી અને (ક) સામાન્ય માહિતી અને માર્ગદર્શનની જોગવાઈ કરવી. આ બધા કાર્યો સક્ષમ બીડીએસ પ્રોવાઈડર્સ દ્વારા થવા જોઈએ.

સરકારે વધુને વધુ પ્રમાણમાં MSMEsને 'નવા અર્થતંત્ર' ના ઉભરતા લાભ હાંસલ કરવામાં અને સામાજિક મૂડીનો પાયો ઉભો કરીને પરિસ્થિતિ સુધારવામાં ઉદ્દીપક તરીકે ભૂમિકા બજાવીને સહાયરૂપ થવાનું હોય છે. જો જોખમોની વાત કરીએ તો MSMEs ને માટે જ્ઞાન પ્રાપ્ત કરવુ ઘણું જ મુશ્કેલ છે. તેથી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરાય ત્યાં સુધીમાં તો તે જૂની પૂરાણી ટેકનોલોજી બની ગઈ હોય છે અને તે વિઘટનકારી ભૂમિકા ભજવે છે તેમજ અપ્રસ્તુત બની જાય છે.

**સાધનોઃ** લોકલ ગવર્મેન્ટ અને રાજ્ય સરકારો વચ્ચે સાધનોની વહેંચણીની વર્તમાન ફોર્મ્યુલામાં એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટ સંબંધી પાયાની કેટલીક પ્રોત્સાહક પ્રવૃત્તિઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા બજાવવામાં આવતી હતી તે વર્તમાન સમયમાં લોકલ સેલ્ફ ગવર્મેન્ટને સોંપી શકાય તેમ છે. તે માટેનુ ભંડોળ પણ એ દિશામાં વાળવુ જોઈએ અને લોકલ સેલ્ફ ગવર્મેન્ટને સોંપવુ જોઈએ. આવું થશે તો તેમને આવશ્યક નાણાં પૂરાં પાડીને સજજ બનાવવામાં સહાય થઈ શકશે.

**એકરૂપતાનો વિકાસ :** એન્ટરપ્રાઈઝ વિકાસ એ એક એવો વિષય છે કે જ્યાં વર્તમાન સમયમાં એકરૂપતા (synergy) ઘણી મહત્વની બની જાય છે, તો બીજી તરફ મુખ્યત્વે કેન્દ્ર અને રાજય વચ્ચે, રાજ્ય અને વહીવટી તંત્ર વચ્ચે એકરૂપતા જરૂરી બને છે. હકિકતમાં જિલ્લા કલેકટરની ઓફિસ દ્વારા આ પ્રકારની એકરૂપતાની ખાત્રી કરવાની રહેતી હોય છે. જો કે તેમાં જે તે વિભાગની ભૂમિકા મહત્વની બની રહે છે. આનો અર્થ એ થયો કે પ્રોફેશનાલિઝમની પણ એક મર્યાદા હોય છે.

એન્ટરપ્રાઈઝ વિકાસની એકરૂપતા માટે 'એન્ટરપ્રાઈઝ' ની હોરિઝોન્ટલ અને વર્ટિકલ એકરૂપતા જરૂરી બને છે. હોરિઝોન્ટલ એકરૂપતાની વાત કરીએ તો એન્ટરપ્રાઈઝને વિવિધ વિભાગના એક વિશેષ વિષય તરીકે સમજવાની જરૂર છે. આને કારણે એન્ટરપ્રાઈઝ રિસોર્સ પોલિસીની જરૂર ઉભી થાય છે. આ ક્ષેત્રમાં સ્પષ્ટતા અને મજબૂતીકરણ થાય તો તેનો અર્થ એ થાય કે સરકારમાં દરેક સ્તરે આવું મજબૂતીકરણ થવું જોઈએ. એટલે કે કેન્દ્ર સરકારથી માંડીને લોકલ સેલ્ફ ગવર્મેન્ટ સુધી પરસ્પરની સંબંધિત ભૂમિકા અને કાર્ય અંગે સ્પષ્ટતા હોવી જોઈએ. આવા દૃષ્ટિકોણના અભાવમાં સરકારનો દરેક સ્તર (tier) તેમની કલ્પના પ્રમાણે કેટલાક કાર્યક્રમ અને યોજનાઓ નકકી કરશે અને તે સરકારના નીચેના સ્તર ઉપર લાદવાનો પ્રયાસ કરશે. આને કારણે યોજનાઓ અને લોકોની જરૂરિયાતો તથા મહેચ્છાઓ વચ્ચે મોટી ખાઈ ઉભી થશે.

**કેન્દ્ર સરકારે તાજેતરમાં હાથ ધરેલી વિવિધ પ્રકારની કેટલીક નવી પહેલ**

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૪થી કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન જેવાં કદમ સંબંધિત કેટલાંક પાસાં ઉપર કામ શરૂ કર્યું છે. આ સુસંકલિત અભિગમ મહત્વના બે સ્વરૂપે પ્રતિબિંબિત થાય છે. (૧) નીતિ વિષયક માળખાનો વિકાસ (૨) આવા પાસાં ઉપર કામ લઈ શકાય તેવા ખાસ ઘડી કાઢવામાં આવેલા કાર્યક્રમોની રજૂઆત. ભારતનું મેન્યુફેક્ચરિંગના હબમાં રૂપાંતર કરવા માટે 'મેક ઈન ઈન્ડીયા' ની એક ફ્લેગશીપ પ્રોગ્રામ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. આ મહત્વના કાર્યક્રમને અનુરૂપ કેટલાક અન્ય પ્રોગ્રામોની પણ જાહેરાત કરવામાં આવી છે. કૌશલ્યની ઉણપની અછત નિવારવા માટે 'સ્કિલ ઈન્ડીયા' કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી. કૌશલ્યના સવાલની ફરીથી વ્યવસ્થાપનલક્ષી (managerial) અને ટેકનિકલ કૌશલ્ય બંને તરીકેની વ્યાખ્યા કરવામાં આવી. એવી કલ્પના કરવામાં આવી કે કૌશલ્ય પ્રત્યેના આવા સુસંકલિત અભિગમને કારણે એક તરફ કોર્પોરેટ સેકટરની જરૂરિયાત પૂર્ણ થશે અને બીજી તરફ ગામડાંમાંથી શહેરો તરફ થતું સ્થળાંતર અટકશે. આ રીતે કૌશલ્યને ઉદ્યોગસાહસિકતા વિકાસના માટે પોષક પરિબળ તરીકે ગણવામાં આવી.

આ રીતે કૌશલ્ય વિકાસના એજન્ડાનું ઉદ્યોગસાહસિકતા પ્રોત્સાહન સાથે યોગ્ય સંકલન કરવા માટે એક અલાયદા 'સ્ટાર્ટ-અપ ઈન્ડીયા' પ્રોગ્રામની રચના કરવામાં આવી. આ પ્રોગ્રામ દ્વારા ભારતમાં એક 'નવા અર્થતંત્ર' તરીકે પડેલી તકોનો લાભ લેવાનો પ્રયાસ થયો. એ બાબત સ્વાભાવિક છે કે મોટા કાર્યક્રમો તરફ વધુ ઝોક દર્શાવવાને કારણે સંભવિત લાભ જૂજ લાભાર્થીઓમાં કેન્દ્રિત થઈ જાય છે. આ પ્રોગ્રામના બે અભિગમ હતા. એક તરફ કેટલાક લોકોને તકના લાભથી વંચિત રહી ગયા હોય તેને આવરી લેવાનો

હતો અને બીજી તરફ બેંકીગના સ્ત્રોતોને સમાનતાના ધોરણે લાભ લેવાનો હતો.

એક વિશિષ્ટ પ્રકારની બારી તરીકે MUDRA દ્વારા માઈક્રો એકમોને લક્ષિત કરવાનો ધ્યેય હતો. એને ધિરાણ વ્યવસ્થાને વ્યાપક સ્વરૂપ આપવાની મહત્વની દરમ્યાનગીરી તરીકે પણ ઓળખી શકાય. MUDRA ના ધિરાણો પિરામીડના બોટમ તરીકે નોંધપાત્ર પરમાણમાં વ્યાપક નાણાકીય માળખુ ધરાવે છે.

આનુષાંગિક એકમોને પ્રોત્સાહન આપવું તે એક મહત્વની પહેલ છે અને સાથે સાથે એક મહત્વની સિધ્ધિ પણ છે. આ બાબત સંરક્ષણ સાધનોના પેટા સ્તરે ખૂબ જ સ્પષ્ટ બની છે. MSMEs ને મેન્યુફેક્ચરિંગના મહત્વના શક્તિશાળી સાધન તરીકે હજુ ઘણુ બધુ કરવાનું રહે છે.

તાજેતરમાં હાથ ધરાયેલી વિવિધ નીતિ વિષયક પહેલની અસરો

ઉપર કરેલી ચર્ચાની પશ્ચાદ ભૂમિકામાં તાજેતરમાં હાથ ધરાયેલી વિવિધ નીતિ વિષયક પહેલની MSMEs ઉપર થયેલી અસરો અંગે મહત્વની ચકાસણી આવશ્યક બની રહે છે. ભારત સરકારે ઉપર દર્શાવેલા વિવિધ કાર્યક્રમો દ્વારા MSMEs સેકટરને આગળ ધપવાની એક દિશા આપી છે. દેશના MSMEs સેકટર માટે ઔપચારિકતા એક મહત્વની લાક્ષણિકતા છે. આ સંદર્ભમાં હવે પછી લેવાનારાં પગલાં બાબતે મહત્વના નીતિ વિષયક સવાલો ઉભા થાય છે. શું દેશનું MSMEs સેકટર ભૂતકાળની માફક મહદ્ અંશે ઔપચારિક રહેવું જોઈએ કે તેના ઔપચારિકરણ બાબતે આપણે કાળજીપૂર્વકની વ્યૂહરચનાઓ સહિત આગળ ધપવું જોઈએ. ઔપચારિકરણની પરિભાષામાં બહેતર ટેકનલોજી દાખલ કરવી, બહેતર વ્યવસ્થાલક્ષી પ્રણાલીઓ અપનાવવી, બહેતર સંગઠન રચવું અને વધુ આધુનિક વિકાસ કાર્યક્રમો હાથ ધરવા જેવા વિવિધ પગલાંઓનો સમાવેશ થાય છે. ભારત સરકારે MSMEs સેક્ટરમાં ઈનોવેશનને ગતિ આપવાનો માર્ગ પસંદ કર્યો છે.

ઈનોવેશનનો માર્ગ પસંદ કરતી વખતે આવા ફેરફારની ટૂંકાગાળાની અને લાંબા ગાળાની અસરો અંગે ધ્યાન આપવું જરૂરી બની રહે છે. MSMEs બેવડી લાક્ષણિકતા ધરાવે છે. જેમાં એક તરફ દયનીય સ્થિતિ અને બીજી તરફ નોંધપાત્ર આર્થિક તાકાતનો સમાવેશ થાય છે, જેને ક્રાંતિકારી પરિવર્તનની પીડાઓ ઘટાડવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ છે. નોટબંધી વગેરે મહત્વનાં નીતિ વિષયક પગલાં અંગે વ્યાપક પ્રમાણમાં ચર્ચા થઈ રહી છે. દુનિયાના મોટા ભાગના દેશોમાં આવાં મહત્વનાં નીતિ વિષયક પગલાંના સમૂહ દ્વારા અર્થતંત્રને ટૂંકાગાળા માટે આંચકો લાગેલો જોવા મળ્યો છે. આપણે ઈચ્છીએ કે લાંબા ગાળાના પરિણામોથી ટૂંકા ગાળામાં લાગેલા આઘાતની અસર સરભર થઈ જશે. જાહેર નીતિ લાંબો સમય ઉદાસીન (passive) બનીને રહી શકે નહી. હાલમાં જે ઔપચારિકરણના પ્રયાસો પ્રગતિમાં છે તેને પૂરક બનાવવા માટે MSMEs સેક્ટર માટે એક વિશેષ પેકેજની જરૂર છે.

જ્યારે સરકારે લીધેલાં તમામ પગલાંની એકંદર અસરને કારણે એન્ટરપ્રાઈઝ સિસ્ટમના ઔપચારિકરણમાં વૃધ્ધિ થઈ છે ત્યારે આવાં પરિણામો ટકાવી રાખવા માટે હવે પછીના કદમમાં પંચમુખી વ્યવહાર અપનાવવો જોઈએઃ (૧) MSMEsનો પ્રભાવ છે તેવાં ક્ષેત્રો અંગે વિગતવાર સમજ (૨) ગ્રામ્ય- શહેરી, પુરૂષ-સ્ત્રી વગેરે જૂના માપદંડોને બદલે કાર્યલક્ષી સ્પષ્ટ માપદંડોને આધારે અર્થતંત્રની કામગીરીનું પુનઃ અર્થઘટન (૩) વિગતવાર અભ્યાસને આધારે નાણાકીય સંસ્થાઓની ભૂમિકાનું તાકીકિકરણ થવું જોઈએ. (૪) ધિરાણ સંસ્થાઓની ભૂમિકા અંગે પુનઃ વ્યાખ્યા કરવાની અને ધિરાણ તથા વાસ્તવિક ક્ષેત્ર વચ્ચેના સંબંધોનું પુનઃગઠન કરવાની જરૂર છે. (૫) એક મહત્વના સ્ત્રોત તરીકે ઉદ્યોગસાહસિકતાનું આયોજન.

આજે પણ સ્થાનિક આર્થિક વિકાસમાં SMEની ભૂમિકા અને સ્થાનિક આર્થિક વિકાસમાં તેની જરૂરિયાત નિર્વિવાદપણે સ્વીકારવામાં આવે છે. આમ છતાં નીતિવિષયક દષ્ટિકોણ વ્યૂહાત્મક અભિગમની બાબતમાં ખૂબ જ સ્પષ્ટતા પ્રવર્તે તે જરૂરી હોય છે. આમ છતાં આ ક્ષેત્રમાં જયારે નવા અભિગમને આકાર આપવામાં આવે ત્યારે તે કોઈ પણ રીતે આંશિક અભિગમ બની શકે તેમ નથી. સામાન્યપણે મેક્રો ઈકોનોમિક પોલિસી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે અને દેશના પ્રાદેશિક વૈવિધ્યને કઈ રીતે હલ કરવું તે અંગેની સમજ એન્ટરપ્રાઈઝ વિકાસના સક્ષમ સેટીંગ માટે જરૂરી છે.

લેખક ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્મોલ એન્ટરપ્રાઈઝીઝ એન્ડ ડેવલપમેન્ટ, કોચીનના ડિરેક્ટર છે. તેમને અર્થશાસ્ત્રમાં બિરલા નેશનલ ફેલોશીપ હાંસલ થયેલી છે અને તેમણે આયોજન પંચમાં લઘુ એકમોના વિકાસ અંગેની ડો. એસ. પી. ગુપ્તા કમિટીના સભ્ય તરીકે પણ કામગીરી સંભાળી છે. તે માઈક્રો, સ્મોલ અને મધ્યમ એન્ટરપ્રાઈઝ રિપોર્ટ સિરિઝના સ્થાપક છે અને તેમણે Small Enterprise Development: The Experience of the North and the South (Oxford) પુસ્તક લખ્યું છે.

# ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો : અપેક્ષાઓ અને સંભાવનાઓ

ડૉ. ઋચા શાહ

MSME
सूक्ष्म लघु एवं मध्यम उद्यम
MICRO, SMALL & MEDIUM ENTERPRISES

*સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમોની સ્પર્ધાત્મકતા વધારવા માટે અને વિકાસ માટે ગુજરાતમાં ક્લસ્ટર આધારિત ખ્યાલ વધુને વધુ સ્વીકારાઈ રહ્યો છે. આવા ક્લસ્ટરોને લીધે પડતર નિયમન અને માળખાગત સુવિધાની પ્રાપ્તિ ખૂબ સરળ બને છે. રોજગારી, પ્રાદેશિક વિકાસ અને નિકાસ સંદર્ભે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોનું મહત્ત્વ સમજીને ગુજરાતે નવી ઔદ્યોગિક નીતિમાં ક્લસ્ટર વિકાસને ઉત્તેજન આપવા માટેની યોજનાઓની જોગવાઈ કરી છે. આવી યોજનાઓ માર્કેટિંગ સહાય, ટેક્નોલૉજી નવીનીકરણ, ગુણવત્તા સુધારો અને કૌશલ્ય વિકાસ જેવા કાર્યોમાં તો મદદરૂપ થશે જ પરંતુ વધુ મહત્ત્વનાં પાસાઓ જેવાં કે જુદાં-જુદાં ક્લસ્ટર માટે જરૂરી માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી કેન્દ્ર માટે પણ સહાયરૂપ થશે. જેનાં કારણે આવાં ક્લસ્ટરોની ક્ષમતામાં વધારો થશે અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો વૈશ્વિક હરિફાઈનો લાભ મેળવી શકશે. રોજગારી સર્જન, સર્વસામાન્ય માળખાગત સુવિધા અને કર્મચારીઓની આવકમાં વધારો જેવાં ધ્યેયો પણ હાંસલ કરી શકાશે. જેનાં કારણે સામાન્ય લોકો પબ્લીક-પ્રાયવેટ-પાર્ટનરશિપમાં વધુ ફાળો આપીને આ ક્ષેત્રને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે અને વિશ્વ કક્ષાએ સ્પર્ધાત્મકતામાં વધારો થશે.*

ભારત સમગ્ર વિશ્વની સરખામણીએ ગરીબી અને અપૂરતા ઔદ્યોગિક વિકાસ સામે લડતો રહેલો દેશ છે. ઓછી માથાદીઠ આવક અને આવકની અસમાનતાને લીધે ભારતની કુલ રાષ્ટ્રીય આવકનો મોટા ભાગનો હિસ્સો કેટલાક ગણતરીના લોકો વચ્ચે જ વહેંચાયેલો છે અને તેથી મોટા પાયાનાં રોકાણો અને ઉત્પાદન માટે ભારતનાં લોકો હંમેશા અક્ષમ રહ્યા છે. કદાચ આ જ કારણ છે કે ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોએ જ અર્થતંત્રને મજબૂત બનાવ્યું છે. ભારતીય અર્થતંત્રમાં અનેક બહુમુખી પ્રતિભા ધરાવતાં ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા પહેલેથી જ મહત્ત્વની રહી છે. આવા ઉદ્યોગવીરો લઘુ કે મધ્યમ કદનાં છે પણ અર્થતંત્રમાં તેમનું યોગદાન ખૂબ મોટું છે. આવા ઉદ્યોગો ઓછી પડતરથી વિવિધ પેદાશોનું ઉત્પાદન કરે છે અને સમયની જરૂરિયાત પ્રમાણે ફેરફાર ક્ષમતા ધરાવતાં હોય છે. આવા ઉદ્યોગોની વિશેષતા એ છે કે તેમના નાનાં-મોટાં અનેક ક્લસ્ટર જોવા મળે છે. ભારતનાં આર્થિક વિકાસની વ્યૂહરચનામાં લઘુ તેમજ મધ્યમ કદનાં ઉદ્યોગોને ઉતેજન આપવાનું કામ પહેલેથી જ થતું આવ્યું છે. આઝાદી પહેલાથી જ તેની શરૂઆત થઈ ચૂકી હતી અને પ્રથમ પંચવર્ષીય યોજનામાં પણ આ વાત પર ભાર મુકાયો હતો.

નાના કદનાં એકમોનાં મોટાં ફાળાને લીધે રોજગારીનું સર્જન, પ્રાદેશિક વિકાસ અને આર્થિક મંદીના સમયે ટકી રહેવું જેવાં તમામ ધ્યેયો સરળતાથી સિધ્ધ કરાયા છે. લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો ઉત્પાદન, રોજગારી અને નિકાસ એ તમામ માટે મહત્ત્વનાં છે. આવા ઉદ્યોગોમાં શરૂઆતથી માંડીને આજ સુધી સતત વૃદ્ધિ નોંધાઈ છે. ભારત સરકારનાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયનાં એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૩-૧૪માં જુદાં-જુદાં ઉદ્યોગોમાં કુલ ૪.૮૯ કરોડ એકમો અસ્તિત્વમાં હતાં જેમાં ૧૧.૧૪ કરોડ લોકોને રોજગારી મળી હતી. જુદાં-જુદાં ૬૦૦૦ પ્રકારની નાની-મોટી પેદાશોનું ઉત્પાદન આવા ઉદ્યોગો દ્વારા થાય છે. ભારતની કાચી રાષ્ટ્રીય પેદાશનો ૮% હિસ્સો આ ઉત્પાદનોનો બનેલો છે. કુલ ઉત્પાદનમાં ૪૫% હિસ્સો આ ઉદ્યોગો ધરાવે છે. જ્યારે કુલ નિકાસનાં ૪૦% નો ફાળો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો દ્વારા આપવામાં આવે છે. ખેતીવાડીમાં પ્રાપ્ત થતી રોજગારી પછી બીજા ક્રમે કુલ ૨૧% રોજગારી આવા ઉદ્યોગો પૂરી પાડે છે. એવું કહી શકાય કે આ ઉદ્યોગો ભારત જેવા વિકાસશીલ અર્થતંત્રનો પાયો છે. આ માહિતી મેળવ્યા પછી એ જાણવામાં ચોક્કસ રસ પડે કે આવા ઉદ્યોગોની વ્યાખ્યા શું ? તેનાં માપદંડો ક્યાં ? સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ કોને ગણવા ? ભારત સરકારે વર્ષ ૨૦૦૬માં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે વિકાસધારો પસાર કર્યો છે. આ ધારા હેઠળ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટેનાં માપદંડો રજૂ કરાયા. આ માટેની એક ચોક્કસ ગણતરી સરકાર દ્વારા કંઈક આ રીતે રજૂ કરવામાં આવી છે.

**સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું વર્ગીકરણ**

| એકમનો પ્રકાર | ઉત્પાદનમાં રોકાયેલાં એકમોનું પ્લાન્ટ અને યંત્રમાં રોકાણ | સેવામાં રોકાયેલ એકમોનું સાધનોમાં રોકાણ |
|---|---|---|
| સૂક્ષ્મ | રૂ. ૨૫ લાખ સુધી | રૂ. ૧૦ લાખ સુધી |
| લઘુ | રૂ. ૨૫ લાખથી રૂ. ૫ કરોડ સુધી | રૂ. ૧૦ લાખથી રૂ. ૨ કરોડ સુધી |
| મધ્યમ | રૂ. ૫ કરોડથી રૂ. ૧૦ કરોડ સુધી | રૂ. ૨ કરોડથી રૂ. ૫ કરોડ સુધી |

**પ્રાપ્તિસ્થાનઃ વાર્ષિક અહેવાલ ૨૦૧૪-૧૫ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોનું મંત્રાલય, ભારત સરકાર**

ભારતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગ મંત્રાલયે વર્ષ ૨૦૧૪-૧૫માં રજૂ કરેલ એક અહેવાલ મુજબ ઉત્પાદનમાં રોકાયેલાં એકમો ૬૭.૧% છે જ્યારે બાકીનાં ૩૨.૯% એકમો સેવા ઉદ્યોગો સાથે સંકળાયેલા છે. છુટક વેપાર, તૈયાર કપડાં, પ્રિન્ટીંગ, ખાદ્ય પદાર્થો અને પીણાં, સેવા પ્રવૃત્તિઓ જેવી અનેક પ્રવૃતિઓમાં આવા ઉદ્યોગો રોકાયેલાં છે.

ભારત સરકારનાં અનેક સંકલ્પોને સાકાર કરવા માટે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો ખૂબ મહત્ત્વનાં પુરવાર થઈ શકે. 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા', 'મેક ઈન ઈન્ડિયા', 'ડીજીટલ ઈન્ડિયા', 'સ્કીલ ઈન્ડિયા' જેવાં અભિયાનો માટે આ ઉદ્યોગો આશીર્વાદરૂપ છે. નિકાસનો ઊંચો દર અને વિશાળ સ્થાનિક માંગ ધરાવતા આ ઉદ્યોગો માટે સુસજ્જ માળખાકીય સુવિધાઓ ભારતમાં સરળતાથી ઉપલબ્ધ છે. લોન અને સબસિડી, ગુણવત્તા આયોજન, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, જીઆઈડીસી, ઔદ્યોગિક વિસ્તારો જેવાં અનેક પ્રયત્નો દ્વારા સરકાર પણ આવા ઉદ્યોગોની પડખે છે. નવા ઉદ્યોગો શરૂ કરવા માટે, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં ભાગીદારી માટે ગુણવત્તા અંકુશ અને પ્રમાણીકરણ માટે અને આવી અનેક જરૂરિયાતો માટે સરકાર લોનથી કે સબસિડીથી સહાય કરે છે. ઉદ્યોગસાહસિકતાને ઉત્તેજન આપવા માટે પણ સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. ઉદ્યોગ સાહસિકતા કૌશલ્ય વિકાસ માટેનાં કાર્યક્રમો યોજવા પાંચ યુનિવર્સિટીઓમાં ૧૨૦૦ જેટલી ઉદ્યોગ સાહસિકતા ક્લબ ચલાવવી કે સ્ત્રીઓને ઉદ્યોગ સાહસિકતા માટે સહાય કરવી જેવી પ્રવૃતિઓ દ્વારા સરકાર મદદરૂપ થઈ રહી છે. કૌશલ્ય વિકાસ, ટૅક્નોલૉજી સહાય, માર્કેટિંગ સહાય, રાષ્ટ્રીય કક્ષાનાં એવોર્ડો જેવી અનેક સહાયક યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે.

**ગુજરાતઃ એક વિહંગાવલોકન**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બંને સંદર્ભે મોકાનું સ્થળ હોવાનો લાભ ગુજરાતને હંમેશા રહ્યો છે. લોકોમાં રહેલી શક્તિઓને પીછાણીને તેનો યોગ્ય આર્થિક ઉપયોગ કરવાની કળા ગુજરાતીઓને શીખવવી પડે તેમ નથી. ધંધો એ ગુજરાતીઓની જીવન જીવવાની સામાન્ય વ્યવસ્થા છે અને સરકારની મદદ અને પ્રોત્સાહક યોજનાઓ ગુજરાતીઓની આ શક્તિમાં વધારો કરે છે. સમગ્ર ભારતમાં માનવીય વિકાસનાં ધોરણો ગુજરાતે સૌથી વધુ હાંસલ કર્યા છે. 'મેડ ઈન ગુજરાત' ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય સ્તરે વિશાળ માંગ છે. ઉત્તમ ગુણવત્તાને લીધે જ ગુજરાત આ પ્રતિષ્ઠા હાંસલ કરી શક્યું છે. સામાજિક વિકાસ અને તે દ્વારા આર્થિક વિકાસ એ ગુજરાતી ઉદ્યોગપતિઓની વિશેષતા છે. જ્યારે ગુજરાતની વાત કરીએ ત્યારે એ વાત સહુએ સ્વીકારવી જ પડે કે વાણિજ્ય ગુજરાતનાં લોહીમાં છે અને એ જ વાત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે પણ સાચી ઠરે છે. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત આવા ઉદ્યોગોનાં સર્વાંગી દેખાવમાં પ્રથમ ક્રમે છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં ગુજરાત ઉદ્યોગ સાહસિકોની સંખ્યાના સંદર્ભે સમગ્ર દેશમાં દ્વિતીય ક્રમે રહ્યું હતું. વર્ષ ૨૦૦૯-૧૦ માં કુલ ૨૦૦૦૦ એકમો કાર્યરત હતાં તે વધીને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૫૮,૬૦૦ જેટલાં થયાં હતાં, આ વધારો ૧૯૩% નો છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભરૂચ, જામનગર, ભાવનગર અને વલસાડમાં વિવિધ પેદાશો માટેનાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોનાં ક્લસ્ટર આવેલાં છે. જંગલ અને પર્યાવરણ, ઊર્જા, ખાદ્ય પદાર્થો અને સ્વાસ્થ્ય, શહેરી વિકાસ, વાહનવ્યવહાર તેમજ નાણાપ્રાપ્તિ અને ઉદ્યોગો જેવી પ્રવૃત્તિઓ માટે ગુજરાતમાં આવા ક્લસ્ટરો સ્થપાયેલાં છે.

**ગુજરાત મોકાનું સ્થળ શા માટે?** આ પ્રશ્નનો જવાબ આ સમયે મેળવવો ખૂબ જરૂરી છે. દેશની ૫% વસ્તી ગુજરાતમાં વસે છે, કુલ ઔદ્યોગિક ઉત્પાદનનું ૧૬% ઉત્પાદન ગુજરાતમાં થાય છે. છેલ્લા એકાદ દાયકાથી ગુજરાતનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૯% જેટલો નોંધાયો છે, જયારે ઔદ્યોગિક વિકાસદર ૧૫% રહ્યો છે. કેટલાંક સકારાત્મક પરિબળોને ધ્યાનમાં લેવા જ પડે. ગુજરાતમાં રસાયણ ઉદ્યોગ માટે જરૂરી એવા કુદરતી સંસાધનો વિશાળ પ્રમાણમાં મળી આવે છે. ૧૬૦૦ કિમી લાંબો દરિયાકિનારો ગુજરાતને વિશેષ બનાવે છે. પર્યાવરણ સંચાલનમાં પણ ગુજરાત મોખરે છે. વટવા, નરોડા, નંદેસરી, અંકલેશ્વર, સુરત અને વાપીમાં નુકસાનકારક ઘન કચરાના નિકાલ માટેની વિશેષ વ્યવસ્થા ધરાવતા કેન્દ્રો શરૂ કરાયેલા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ એક્ટ પસાર કરનારું ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય છે. તેનાં દ્વારા પબ્લિક-પ્રાયવેટ-પાર્ટીસિપેશન (PPP) હેઠળ અનેક પ્રોજેક્ટ અમલમાં મુકાયા છે. દરિયાઈ બંદરો, પાવર પ્લાન્ટ, ધોરી માર્ગ-રસ્તા વિકાસ અને પાઈપલાઈનથી ગેસ વિતરણ જેવા પ્રોજેક્ટ ખૂબ સફળ સાબિત થયા છે.

**ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોનો વિકાસ**

ગુજરાતનાં ઉત્પાદન ક્ષેત્રની ક્ષમતાનો મૂળ આધાર સૂક્ષ્મ, લઘુ અને માધ્યમ કદના ઉદ્યોગો પર છે. આ ઉદ્યોગોએ સમગ્ર રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. રાજ્યના અર્થતંત્રમાં આ ઉદ્યોગોનું મોટું યોગદાન છે. મૂલ્ય વૃદ્ધિ, રોજગારી સર્જન અને ઉદ્યોગ

સાહસિકતા વિકાસ માટે આવા ઉદ્યોગો ખૂબ મહત્ત્વનાં છે. ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં કુલ ૩૨૦૦૦૦ થી પણ વધુ એકમો હાલ કાર્યરત છે.

ગુજરાતમાં આ ઉદ્યોગો ખૂબ મોટી સંખ્યામાં અને સમગ્ર રાજ્યમાં સ્થપાયેલાં છે. જુદાં-જુદાં ત્રણ દ્રષ્ટિકોણથી આ વાતને સમજવાનાં પ્રયત્ન કરી શકાય.

| વર્ષ | નોંધાયેલા એકમો | કુલ રોકાણ (રૂ. લાખમાં) | રોજગારી (સંખ્યા) |
|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૨૭૯૪૦ | ૮૯૦૨૬૪ | ૨૬૪૮૬૭ |
| ૨૦૧૧-૧૨ | ૭૯૭૨૧ | ૨૦૫૧૭૧૪ | ૬૨૭૭૩૮ |
| ૨૦૧૨-૧૩ | ૧૪૭૯૫૫ | ૩૩૪૩૮૭૪ | ૧૦૦૮૮૨૫ |
| ૨૦૧૩-૧૪ | ૨૦૬૫૮૧ | ૪૬૧૭૧૫૯ | ૧૩૯૨૦૬૭ |
| ૨૦૧૪-૧૫ | ૨૭૦૭૪૦ | ૫૯૭૬૧૮૮ | ૧૮૦૨૫૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૩૨૧૧૮૧ | ૭૨૩૧૫૮૨ | ૨૦૬૪૨૪૪ |

પ્રાપ્તિસ્થાન : ઉદ્યોગ મંત્રાલય, ગુજરાત સરકાર

ગુજરાતમાં જુદાં-જુદાં ૧૦૬ ઉદ્યોગ ક્લસ્ટર્સ આવેલાં છે. જુદાં-જુદાં ઉદ્યોગો માટે નીચે મુજબ ક્લસ્ટર ગુજરાતમાં રહેલાં છે.

| ઉદ્યોગ | ક્લસ્ટરની સંખ્યા |
|---|---|
| ઈજનેરી | ૨૧ |
| કાપડ | ૧૮ |
| ખેતી અને ફૂડ | |
| પ્રોસેસિંગ | ૭ |
| રસાયણો | ૨૩ |
| ખનિજ ઉદ્યોગો | ૧૬ |
| અન્ય | ૨૧ |

પ્રાપ્તિસ્થાન : ઉદ્યોગ મંત્રાલય, ગુજરાત સરકાર

જુદાં-જુદાં ઉદ્યોગો મુજબ વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૫ સુધી નોંધાયેલ એકમોની સંખ્યા કંઈક આ મુજબ છે.

| ઉદ્યોગનું નામ | સંખ્યા |
|---|---|
| કાપડ ઉદ્યોગ | ૧૦૫૪૬૩ |
| મશીનરી અને તેનાં ભાગો | ૩૦૧૫૯ |
| ખાણ ઉદ્યોગ | ૬૫૭૮ |
| ખાદ્ય પદાર્થો | ૯૧૦૬ |
| રસાયણો | ૧૨૧૩૧ |
| લાકડાની ચીજ વસ્તુઓ | ૪૬૨૩ |
| રબર અને પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ નોન-મેટાલિક | ૮૭૮૪ |
| ખનીજ ઉત્પાદન | ૬૩૬૨ |
| મૂળભૂત ધાતુ ઉદ્યોગો | ૨૫૮૭૨ |
| કાગળ અને છાપકામ | ૬૮૩૭ |
| ઈલેક્ટ્રિકલ મશીનરી | ૭૭૮૦ |
| વાહનવ્યવહારનાં સાધનો અને તેનાં ભાગો | ૩૧૧૪ |
| ચર્મ ઉદ્યોગ | ૬૭૬૨ |
| પીણાં, તમાકુ અને તમાકુનાં ઉત્પાદનો | ૧૬૨૫ |
| સેવા પ્રવૃત્તિઓ | ૪૭૮૧૬ |
| વ્યાપારી પ્રવૃત્તિઓ | ૭૨૯૨૦ |
| અન્ય | ૨૦૪૧૬ |
| કુલ | |
| (તા. ૨-૧૦-૨૦૧૫ સુધી) | ૩૭૬૩૪૮ |

પ્રાપ્તિસ્થાન : ઉદ્યોગ મંત્રાલય, ગુજરાત સરકાર.

વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારી શકાય તે માટેનાં અનેક પ્રયત્નો સરકાર દ્વારા થઈ રહ્યાં છે. નવી ઔદ્યોગિક નીતિ એવા લક્ષ્ય સાથે તૈયાર કરાઈ છે કે રાજ્યમાં હાલની વિકાસ પ્રક્રિયા જળવાયેલી રહે અને રાજ્યના કુદરતી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થાય તથા તે દ્વારા ઔદ્યોગિક વિકાસ હાંસલ કરી શકાય. ભૌગોલિક ક્ષમતાઓ વધારવી અને એ રીતે સંતુલિત પ્રાદેશિક વિકાસ સાધવો, શક્તિઓ અને સંસાધનો વધુ કાર્યક્ષમ બનાવવા, રાજ્યની સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવી, રાજ્યની માળખાગત સુવિધાઓમાં વધારો કરવો, ટેકનિકલ ક્ષમતા અને માનવબળમાં સુધારો કરવો, શ્રમ બજાર કાર્યક્ષમ બનાવવું, નવી ટૅક્નોલૉજીના અમલને બિરદાવવો, પર્યાવરણીય માળખું સુધારવું, બદલાતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્યાવરણની સાથે તાલ મિલાવવો જેવા અનેક પગલાં સરકારની મદદથી સાર્થક સાબિત કરી શકાય. નવી ઔદ્યોગિક નીતિમાં આ તમામનો સમાવેશ કરી ગુજરાતને આંતરરાષ્ટ્રીય સ્તરે રોકાણ માટે મોકાનું સ્થળ બનાવવાની ગુજરાત સરકારની નેમ છે.

ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે સરકારે અનેક સહાયક અને ઉત્તેજક યોજનાઓ અમલમાં મૂકી છે. મૂડીરોકાણ સબસિડી, વ્યાજ ચૂકવણી માટે સબસિડી, સાહસ મૂડી માટે સહાય, ગુણવત્તા પ્રમાણીકરણ માટે સહાય, ટૅક્નોલૉજી પ્રાપ્તિ માટે સહાય, ઊર્જા અને પાણીના ઉપયોગમાં બચત માટે સહાય, સ્ત્રીઓ, અપંગો અને પછાત જાતિનાં લોકોને પ્રોત્સાહિત કરવા માટે સહાય, ભાડું ચૂકવવા માટે સહાય, બજાર વિકાસ યોજના, જુદાં જુદાં એવોર્ડોની યોજના, નિકાસ એવોર્ડની યોજના, પર્યાવરણ જાળવણી અંગેની યોજના, પર્યાવરણ ઓડીટ અને પર્યાવરણ જાગૃતિ માટેની યોજના જેવા અનેક પ્રોત્સાહનો ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકયાં છે. સેન્ટર ફોર એન્ટ્રપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ (CED) દ્વારા કૌશલ્ય વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકાયેલી છે. કૌશલ્ય વિકાસ માટેનાં આવા કાર્યક્રમો દ્વારા વર્ષે ૩૫૦૦ યુવાનોને ઉદ્યોગ સાહસિકતા સંબંધિત તાલીમ આપવામાં આવે છે. ૨૦૦૯ થી ૨૦૧૫ સુધીમાં ૪૭૪૦૯ તાલીમાર્થીઓએ આવા કાર્યક્રમોનો લાભ લીધો છે. આમાંથી ૧૦૦૦૦ તાલીમાર્થીઓને આ જ આધાર પર ઉદ્યોગોમાં નોકરી મળી છે. વધુ ૫૦૦૦ તાલીમાર્થીઓને આવતાં વર્ષે તાલીમ

આપવાનું લક્ષ્ય છે અને તેમાં ૭૦% ને રોજગારી મળે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. ૨૦૨૦ સુધીમાં ૨૦૦ કૌશલ્ય વિકાસ કેન્દ્રોનું ધ્યેય હાંસલ કરવા સરકાર કટિબદ્ધ છે. હાલમાં આવા ૧૩૦ કેન્દ્રો કાર્યરત છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ૨ લાખ ઉમેદવારોને તાલીમ આપવા સરકાર તૈયારી કરી રહી છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વધુ સારી રીતે સમજવા ગુજરાત સરકારે અમદાવાદ, વડોદરા, સૂરત અને રાજકોટ એ ચાર શહેરોમાં હેલ્પ ડેસ્કની સ્થાપના કરી છે. જ્યાંથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગેની માહિતી અને માર્ગદર્શન મેળવી શકાશે. તેમ જ આ હેલ્પ ડેસ્ક નાણાકીય મદદની ચેનલ માટે અને ઔદ્યોગિક સેટ-અપ માટેનાં બજાર જોડાણ માટે પણ મદદરૂપ થશે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમોની સ્પર્ધાત્મકતા વધારવા માટે અને વિકાસ માટે ગુજરાતમાં ક્લસ્ટર આધારિત ખ્યાલ વધુને વધુ સ્વીકારાઈ રહ્યો છે. આવા ક્લસ્ટરોને લીધે પડતર નિયમન અને માળખાગત સુવિધાની પ્રાપ્તિ ખૂબ સરળ બને છે. રોજગારી, પ્રાદેશિક વિકાસ અને નિકાસ સંદર્ભે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોનું મહત્ત્વ સમજીને ગુજરાતે નવી ઔદ્યોગિક નીતિમાં ક્લસ્ટર વિકાસને ઉત્તેજન આપવા માટેની યોજનાઓની જોગવાઈ કરી છે. આવી યોજનાઓ માર્કેટિંગ સહાય, ટૅક્નોલૉજી નવીનીકરણ, ગુણવત્તા સુધારો અને કૌશલ્ય વિકાસ જેવા કાર્યોમાં તો મદદરૂપ થશે જ પરંતુ વધુ મહત્ત્વનાં પાસાઓ જેવાં કે જુદાં-જુદાં ક્લસ્ટર માટે જરૂરી માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી કેન્દ્ર માટે પણ સહાયરૂપ થશે. જેનાં કારણે આવાં ક્લસ્ટરોની ક્ષમતામાં વધારો થશે અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો વૈશ્વિક હરિફાઈનો લાભ મેળવી શકશે. રોજગારી સર્જન, સર્વસામાન્ય માળખાગત સુવિધા અને કર્મચારીઓની આવકમાં વધારો જેવાં ધ્યેયો પણ હાંસલ કરી શકાશે. જેનાં કારણે સામાન્ય લોકો પબ્લીક-પ્રાયવેટ-પાર્ટનરશિપમાં વધુ ફાળો આપીને આ ક્ષેત્રને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે અને વિશ્વ કક્ષાએ સ્પર્ધાત્મકતામાં વધારો થશે.

મહત્ત્વનાં ઉદ્યોગક્ષેત્રોમાં અપેક્ષિત વિકાસનું વલણ અને કેટલાંક સકારાત્મક પરિબળોને ધ્યાનમાં લઈએ તો કેટલીક પેદાશોને લગતા ઉદ્યોગોમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમોનું યોગદાન વધશે તે વાત સ્પષ્ટ છે. આવાં ઉદ્યોગોમાં ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી, ઓટોમેટિવ, સ્વાસ્થ્ય સંભાળ, ફાર્માસ્યુટિકલ, એન્જિનિયરિંગ, ખેતી અને ફૂડ પ્રોસેસિંગ તથા રસાયણ ઉદ્યોગનો સમાવેશ કરી શકાય.

ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોને સહાય અને ઉત્તેજન આપવા માટે સરકારનાં વ્યવસ્થાતંત્રમાં કેટલાંક તંત્રોનો સમાવેશ કરી શકાય. ઉદ્યોગોનાં વિકાસ અને અંકુશ માટે ઉદ્યોગ મંત્રાલયની રચના થયેલી છે. આ ઉપરાંત ઇન્ડસ્ટ્રીયલ એક્સટેન્શન બ્યુરો (INDEXTb) કાર્યરત છે જે સંભવિત રોકાણકારોને સરળ અને અડચણરહિત ઉદ્યોગ પ્રક્રિયા માટે મદદરૂપ થાય છે. આ તંત્ર દ્વારા સામાન્ય પ્રજાજનો અને ઉદ્યોગ સાહસિકોને ગુજરાત રાજ્યમાં પ્રાપ્ય ઔદ્યોગિક તકો અંગેની માહિતી પણ પૂરી પાડવામાં આવે છે. આ બન્ને વ્યવસ્થાતંત્ર ઉપરાંત ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) પણ સેવારત છે. ઔદ્યોગિક વિસ્તારોમાં ઉદ્યોગોની યોગ્ય રીતે સ્થાપના અને વિકાસ થાય તે હેતુથી GIDC સ્થપાયેલી છે. ૨૦૨ નાનાં-મોટાં ઔદ્યોગિક વિસ્તારો અને ૫ SEZ નો રાજ્યમાં વિકાસ થયેલો છે. GIDC હજુ વધુ ૧૧ SIRની સ્થાપના માટે પ્રયત્નશીલ છે જેનાંથી સમગ્ર રાજ્યનું આર્થિક અને ઔદ્યોગિક ચિત્ર બદલાશે એ વાતમાં બેમત નથી.

સરકારી વ્યવસ્થાતંત્રને મદદરૂપ થઈ શકાય તે હેતુથી કેટલીક સંસ્થાઓ પણ રાજ્યમાં સ્થપાયેલી છે. માઇક્રો, મીડીયમ એન્ડ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટ આવી જ એક સંસ્થા છે. અમદાવાદ સ્થિત આ સંસ્થા સમગ્ર રાજ્યનાં ૩૩ જિલ્લા ઉપરાંત દાદરા-નગર હવેલી, દમણ અને દીવ એ ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોને પણ આવરી લે છે. આ સંસ્થાની બે શાખાઓ રાજકોટ અને સેલવાસમાં આવી છે. આ સંસ્થાનું ફિલ્ડ ટેસ્ટીંગ સ્ટેશન અમદાવાદમાં આવેલું છે. આ તમામ શાખાઓ સહિત આ સંસ્થા લઘુ ઉદ્યોગોનાં વિકાસ માટેની ભૂમિકા ભજવે છે.

આંત્રપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા પણ આવા ઉદ્યોગોને મદદરૂપ થાય છે. આ સંસ્થા દ્વારા લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોની નાણાકીય જરૂરિયાત સમજવા માટે અને તેનાં માટે જરૂરી નાણાકીય મધ્યસ્થી પૂરો પાડવા માટે ખાસ કાર્યક્રમ શરૂ કરાયો છે. લઘુ અને મધ્યમ કદનાં એકમોનાં વિકાસની વાત ગુજરાતનાં સંદર્ભે થતી હોય ત્યારે સેન્ટર ફોર આંત્રપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ (CED) ની ભૂમિકા ભૂલી શકાય તેમ નથી. રાજ્યનાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગ સાહસિકોનો વિકાસ કરવો કે જેથી તેઓ તેમનાં ઉત્પાદન કે સેવા અંગેનાં સાહસો શરૂ કરી શકે, તે દ્વારા આર્થિક વિકાસ સાધી શકાય અને આવાં ઉદ્યોગવીરો પોતાના માટે અને અન્ય લોકો માટે રોજગારીનું સર્જન કરી શકે તેવો આ સંસ્થાનો પ્રયત્ન છે. આ સંસ્થા પ્રભાવશાળી લોકોમાં પોતાનું ઔદ્યોગિક સાહસ શરૂ કરવા અને તેનું સફળતાપૂર્વક સંચાલન કરવા માટે જરૂરી આત્મવિશ્વાસ ઊભો કરવાનું સૌથી મહત્ત્વનું કાર્ય કરે છે. સ્મોલ ઇન્ડસ્ટ્રી સર્વિસ ઇન્સ્ટિટયૂટ નામની સંસ્થા કે જે કેન્દ્ર સરકારનો હિસ્સો છે તે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોને ટેકનિકલ સહાય, ઔદ્યોગિક સંચાલન અને તાલીમ માટે આયોજન, મૂલ્યાંકન અને

અમલ જેવી પ્રવૃત્તિમાં મદદરૂપ થાય છે.

ગુજરાત ઇન્સ્ટિટયૂટ ઓફ ડેવલપમેન્ટ રિસર્ચ (GIDR) એ વિકાસ વિષયક સંશોધનમાં કાર્યરત એવી એક સ્વાયત્ત સંસ્થા છે. આ સંસ્થા ઔદ્યોગિક નાણા ભંડોળ સંશોધન દ્વારા ક્ષેત્રીય વિકાસ માટેનો અભ્યાસ કરે છે. આ સંસ્થાના મોટાભાગના અભ્યાસો લઘુ ઉદ્યોગોનાં વિકાસ સાથે સંકળાયેલા છે. સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા (SIDBI) એ મધ્યમ અને લઘુ ઉદ્યોગોની નાણાકીય જરૂરિયાતો અને નવીનીકરણ માટે મદદરૂપ થતી રાષ્ટ્રીય સંસ્થા છે. આ સંસ્થા ઔદ્યોગિક ક્લસ્ટરમાં સ્થિત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોને ટેક્નોલૉજી નવીનીકરણ માટે મદદરૂપ થાય છે. આ ઉપરાંત દરેક જિલ્લામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોને વિકાસ અને આર્થિક પ્રવૃત્તિ માટે જીલ્લા કક્ષાએ સહાય પૂરી પાડે છે.

**સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો સામેનાં પડકારો**

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો વિકાસનાં શ્રેષ્ઠ તબક્કામાં હોવા છતાં કેટલીક મૂળભૂત સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. આવાં ઉદ્યોગો પાસે જરૂરી નાણાકીય ભંડોળની અછત છે કારણ કે તેમની પાસે પૂરતી માહિતી અને અવિધિસરની ધંધાકીય ગતિવિધિઓનો અભાવ છે. સાહસ મૂડી, ખાનગી મૂડી અને ગૌણ બજારનાં નાણાકીય સાધનો સુધી પહોંચવામાં આવા એકમો અસમર્થ રહ્યાં છે.

બીજી મહત્ત્વની સમસ્યા ધિરાણ મેળવવા અંગેની છે. લોનની અપૂરતી પ્રાપ્યતા અને વ્યાજના ઊંચા દરો આ ક્ષેત્રમાં લોન મેળવવા માંગતા ઉદ્યોગવીરોને અવરોધે છે. વિશ્વ કક્ષાએ અનુભવાઈ રહેલી નાણાકીય અસ્થિરતાની અસર આવા ઉદ્યોગો પર પણ જોવા મળે છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે કાચા માલસામાનનું બજાર હોય કે તૈયાર માલનું બજાર હોય, તેઓ વિશ્વ કક્ષાએ બજારોમાં આવી રહેલાં પરિવર્તનો સાથે તાલ મેળવી શકતાં નથી. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો વિશેની માહિતીના અભાવને લીધે તેમજ ટૅક્નોલૉજીની અપૂરતી જાણકારીને લીધે આ ઉદ્યોગોનું બજાર સીમિત રહે છે અને નવીન શોધખોળોનો લાભ મળતો નથી. વિશ્વ કક્ષાએ ચાલી રહેલી નવીન પ્રવૃત્તિઓથી આ ક્ષેત્ર તદ્દન અજાણ રહે છે. આ ઉપરાંત મોટા કદના ગ્રાહકોને વેચાણ કર્યા પછી તેમની પાસેથી નાણા વસૂલવાનું કામ પણ નાનાં કદના એકમો માટે ખૂબ અઘરું છે. વિશ્વ કક્ષાએ કાચા માલસામાનના ભાવો અને શ્રમિકોના વેતનમાં નોંધપાત્ર વધારો થયો છે. આ જ કારણે નિષ્ણાત કામદારો મોટા એકમો દ્વારા આકર્ષાય છે અને નાનાં કદના એકમોમાં નિપુણ કામદારોની અછત સર્જાય છે. આ ઉપરાંત કર્મચારી ફેરબદલી દર વધે છે જેને કારણે ભરતી અને તાલીમના ખર્ચમાં પણ ખૂબ વધારો થાય છે.

દેશના આર્થિક ગ્રોથ એન્જીન તરીકે લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને ભૂમિકા ભજવવાની છે. સાહસ મૂડી પેઢીઓ નાનાં કદના ઉદ્યોગોમાં રોકાણ કરતા ખચકાય છે, તેથી વિકાસ માટેની ક્ષમતા ઘટે છે. બૅંકો પણ નવા શરૂ થઇ રહેલા નાનાં સાહસોને લોન આપતા અચકાય છે. આ ઉપરાંત લઘુ અને મધ્યમ કદના એકમો મૂડી બજારમાંથી નાણા મેળવી શકે તે માટે પણ કોઈ વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલું નથી. આથી, નાનાં કદના એકમો અવિધિસરના સ્રોતોમાંથી નાણા ઉભા કરે છે અથવા તેમની પેદાશ કે સેવાનું ઉત્પાદન માર્યાદિત જ રહે છે.

છેલ્લા કેટલાંક વર્ષોથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતીય રૂપિયાનું મુલ્ય વધી રહ્યું છે. લઘુ અને મધ્યમ કદનાં એકમો નિકાસ દ્વારા મોટાભાગની આવક મેળવતાં હોવાથી વિદેશી હૂંડિયામણ દરમાં થયેલાં ફેરફારની અસરથી આવાં એકમોનાં નફામાં વધારો થયો છે. પણ લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો પાસે પૂરતી આંતરિક ક્ષમતાનાં અભાવે તેઓ હૂંડિયામણ દરમાં થનાર ફેરફાર અંગે પૂર્વાનુમાન લગાવી શકતા નથી પરિણામે ફાયદો મેળવી શકાતો નથી. દક્ષિણ-પૂર્વ એશિયાનાં અન્ય દેશો સાથે સ્પર્ધાનાં પરિણામે ભારતનાં અને ખાસ તો ગુજરાતનાં લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગોનાં મોડેલનું નવનિર્માણ કરવું જરૂરી છે.

આ તમામ પડકારો રાજય સરકારનાં સ્તરે એક કાર્યક્ષમ મશીનરીની જરૂરિયાતનું સૂચન કરે છે. આવાં તમામ પડકારો અને મર્યાદાઓ છતાં ગુજરાતમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં ઉદ્યોગો ઉત્તરોત્તર વધુને વધુ ઉત્તમ પરિણામો આપી રહ્યાં છે તે હકીકત સર્વવિદિત છે. જો આ સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવી શકાય તો ગુજરાતનું અર્થતંત્ર વિશ્વ કક્ષાએ ઉદાહરણરૂપ બની શકે તે વાતમાં બેમત નથી.

**લેખક પી.ડી. પંડ્યા મહિલા કોમર્સ કોલેજ, અમદાવાદમાં કોમર્સના પ્રાધ્યાપક છે.**

**આગામી આકર્ષણ**
**ડીસેમ્બર-૨૦૧૭**

**Creating Consumer Awareness**

**ગ્રાહકોમાં જાગૃતિ લાવવી**

## Subscription Form for Yojana Gujarati

[For New Membership / Renewal / Change of Address]
(Put a tickmark , as applicable)

I want to subscribe for (select **any one**): 1 Yr : ₹ **230.** / 2 Yr : ₹ **430.** / 3 Yr : ₹ **610.**

Existing subscriber number: ______________________________

Subscriber's profile : Student / Academician / Institution / Library / Others

DD / Cheque / MO No: ______________________________ Date: __________

Name of Bank: ______________________________

Full Name (in block letters) : ______________________________

Complete Address : ______________________________

______________________________

______________________________


Pin code : ______________________________

Email ID (Compulsory): ______________________________

Phone No. : ______________________________

Please allow us 4 to 6 weeks for the despatch of the first issue.
For Renewal / Change in address, quote your subscription number with all the details above.

Send this subscription coupon with DD / Cheque / MO in favour of **'SBI A/c No. 515-08-10 Yojana (Guj.)'** to our office 'Yojana Office, Publications Division, Long Life Hospital Building, Ambica Complex, Above UCO Bank, Paldi, Ahmedabad – 380007. Gujarat.

# પ્રધાનમંત્રીએ સઘન મિશન ઈન્દ્રધનુષ (આઈએમઆઈ)નો શુભારંભ કરાવ્યો

પ્રધાનમંત્રીએ તાજેતરમાં ગુજરાતનાં વડનગરમાં સઘન મિશન ઈન્દ્રધનુષ (આઈએમઆઈ)નો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમ મારફતે ભારત સરકારનો ઉદ્દેશ બે વર્ષથી ઓછી વય ધરાવતા દરેક અને તમામ બાળક તથા નિયમિત રસીકરણ કાર્યક્રમમાંથી બાકાત રહેલ ગર્ભવતી મહિલાઓને આવરી લેવાનો છે. આ વિશેષ અભિયાન ડિસેમ્બર, ૨૦૧૮ સુધીમાં ૯૦ ટકાથી વધારે રસીકરણ સુનિશ્ચિત કરવા પસંદ થયેલા જિલ્લાઓ અને શહેરોમાં રસીકરણ કવરેજને સુધારવા ધ્યાન કેન્દ્રિત કરશે. મિશન ઈન્દ્રધનુષ હેઠળ વર્ષ ૨૦૨૦ની શરૂઆત સુધીમાં ઓછામાં ઓછા ૯૦ ટકા રસીકરણની સિદ્ધિ મેળવવાનો છે. આઈએમઆઈનાં શુભારંભ સાથે અભિયાન લક્ષ્યાંક હાંસલ થવા અગ્રેસર છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, રસીથી નિવારી શકાય એવું એક પણ બાળક બાકી ન રહે એવી સુનિશ્ચિતતા કરીએ. તેમણે જણાવ્યું હતું કે સરકારે રસીકરણને જનઆંદોલન અને સામાજિક આંદોલન બનાવ્યું છે તથા તેમણે માતૃત્વ અને બાળક મૃત્યુદર ઘટાડવા તમામ પ્રયાસો કરવા ઉપસ્થિત લોકો અને દેશનાં પુરુષો અને મહિલાઓને કાર્યક્રમ પોતાનો ગણવા અપીલ કરી હતી.

મિશન ઈન્દ્રધનુષનાં ચાર તબક્કામાં જીવનરક્ષક રસીઓ સાથે ૨.૫૩ લાખથી વધારે બાળકો અને ૬૮ લાખ ગર્ભવતી મહિલાઓ સુધી પહોંચવામાં આવ્યું છે, જેમાં ૫.૨૧ લાખ બાળકો અને ૧.૨૭ લાખ ગર્ભવતી મહિલાઓ ગુજરાતનાં છે. અગાઉ સંપૂર્ણ રસીકરણનું કવરેજમાં દર વર્ષે ૧ ટકાનો વધારો થતો હતો, જે મિશન ઈન્દ્રધનુષનાં પ્રથમ બે તબક્કામાં વધીને દર વર્ષે ૬.૭ ટકા થયો છે.

આઈએમએલ હેઠળ વધુ પ્રાથમિકતા ધરાવતા જિલ્લાઓ અને શહેરી વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે રસીકરણનાં સતત ચાર રાઉન્ડ ૧૭૩ જિલ્લાઓમાં - ૧૬ રાજ્યોમાં ૧૨૧ જિલ્લાઓ અને ૧૭ શહેરો





તથા ઉત્તર પૂર્વનાં ૮ રાજ્યોમાં ૫૨ જિલ્લાઓમાં - ઓક્ટોબર, ૨૦૧૭થી જાન્યુઆરી, ૨૦૧૮ વચ્ચે દર મહિને હાથ ધરવામાં આવશે. સઘન મિશન ઇન્દ્રધનુષ પસંદગીનાં જિલ્લાઓ અને શહેરી વિસ્તારોમાં ઓછી કામગીરી ધરાવતા વિસ્તારોને આવરી લેશે. આ વિસ્તારોની પસંદગી નેશનલ સર્વે હેઠળ ઉપલબ્ધ ડેટા, હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ ડેટા અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનાં ડેટા મારફતે થઈ છે. વિશેષ ધ્યાન પેટા-કેન્દ્ર અને શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ઓછું કવરેજ ધરાવતા વિસ્તારોમાં સ્થળાંતરણ કરવાનું વલણ ધરાવતા લોકો પર આપવામાં આવશે. વળી રાષ્ટ્રીય શહેરી સ્વાસ્થ્ય અભિયાન (એનયુએચએમ) હેઠળ શહેરી વિસ્તારો અને ઓળખ કરાયેલા શહેરો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

સઘન મિશન ઇન્દ્રધનુષ નિયમિત રસીકરણ કવરેજને સુધારવા આંતર-મંત્રીમંડળીય અને આંતરવિભાગીય સંકલન, કાર્ય-આધારિત સમીક્ષાની વ્યવસ્થા અને સઘન નિરીક્ષણ અને લક્ષિત ઝડપી કામગીરીનાં અસરકારક અમલીકરણ માટે જવાબદારીનું માળખું ધરાવશે. આશા, એએનએમ, આંગણવાડી કાર્યકર્તાઓ, રાષ્ટ્રીય શહેરી આજીવિકા અભિયાન (એનયુએલએમ) હેઠળ જિલ્લા પ્રેરકો, સ્વયં-સહાય જૂથો જેવાં વિવિધ વિભાગોનાં કાર્યકર્તાઓનો સમન્વય કાર્યક્રમનું શ્રેષ્ઠ સંકલન અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરશે.

સઘન મિશન ઇન્દ્રધનુષ પર નિયમિત સમયાંતરે જિલ્લા, પ્રદેશ અને કેન્દ્ર સ્તરે બારીક નજર રાખવામાં આવશે. ઉપરાંત રાષ્ટ્રીય સ્તરનાં મંત્રીમંડળીય સચિવ સમીક્ષા કરશે અને વિશેષ પહેલ પ્રગતિ (સક્રિય સુશાસન અને સમયસર અમલીકરણ) હેઠળ સર્વોચ્ચ સ્તર પરથી નિરીક્ષણ ચાલુ રહેશે.

આ સઘન મિશન સરકાર, પાર્ટનર્સ દ્વારા નિરીક્ષણ અને એન્ડ-લાઇન સર્વે મારફતે ફરકની આકારણી, સુપરવિઝનમાંથી પ્રાપ્ત માહિતી પર આધારિત છે. આઇએમઆઇ હેઠળ કાર્યક્રમનાં કડક નિરીક્ષણ માટે વિશેષ વ્યૂહરચનાનો અમલ કરવામાં આવ્યો છે. રાજ્યો અને જિલ્લાઓમાં સ્વયં-આકારણી પર આધારિત કવરેજ વધારવાની યોજના વિકસાવવામાં આવી છે. આ યોજનાઓની સમીક્ષા રાજ્યથી કેન્દ્ર સ્તરે થાય છે, જેનો ઉદ્દેશ ડિસેમ્બર, ૨૦૧૮ સુધીમાં ૯૦ ટકા કવરેજનાં ઉદ્દેશને હાંસલ કરવાનો છે.

૯૦ ટકાથી વધારે કવરેજ મેળવનાર જિલ્લાઓને પુરસ્કૃત કરવાની વ્યવસ્થા પણ વિચારવામાં આવી છે. આ માટેનાં માપદંડમાં કટોકટી દરમિયાન શ્રેષ્ઠ પદ્ધતિઓ અને મીડિયા મેનેજમેન્ટ સામેલ છે. ભાગીદાર/ સિવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન (સીએસઓ) અને અન્યનાં પ્રદાનને સન્માનિત કરવા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.



Mahatma Gandhi
His Life & Message
Satyagraha
THE COLLECTED WORKS OF MAHATMA GANDHI
Publications Division
Ministry of Information and Broadcasting
Government of India
For your colpies and business queries, please contact :
011-24367260,24365609
e-mail: businesswng@gmail.com
website: publicationsdivision.nic.in
www.facebook.com/publicationsdivision
Also Available e-books on Gandhian Literature at play.google.com and kobo.com

# ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM)

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમોએ વિવિધ સરકારી યોજનાઓ હેઠળ ઉદ્યોગોને પૂરા પાડવામાં આવતા લાભ માણવા માટે MSME હેઠળ રજીસ્ટ્રેશન કરાવવુ પડે છે. આવી પ્રક્રિયા સાથે સંકળાયેલા અટપટા પેપર વર્કને કારણે ભારતમાં આવાં એકમોનો મોટો જથ્થો નોંધણી કરાવતો નથી, અને આથી જ તેમને સરકારી યોજનાઓનો લાભ મળતો નથી. MSME ક્ષેત્રને ધિરાણના હેતુથી રચવામાં આવેલી કે. વી. કામઠ પેનલ દ્વારા ભલામણ કરવામાં આવી છે કે આવી નોંધણીને સાર્વત્રિક બનાવવી જોઈએ. આથી MSME ક્ષેત્રને વ્યાપકપણે આવરી લેવાય તથા તેમને કેન્દ્ર/ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે તે માટે ઉદ્યોગ આધારના અભિગમ અને રજીસ્ટ્રેશનમાં આસાનીનો આરંભ કરીને નવી યોજના અમલમાં મુકવામાં આવી છે.

ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM) એ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં એકમો માટેની એક પેજના રજીસ્ટ્રેશનની યોજના છે. ઉદ્યોગ આધાર રજીસ્ટ્રશન એ અગાઉની પ્રક્રિયા(EM-2 અને EM-2નાં ફોર્મસ) કે જેમાં ઘણા બધા દસ્તાવેજો અને વિગતો આપવાની રહેતી હતી તે વ્યવસ્થા બદલી નાખીને રજૂ કરવામાં આવી છે. તેમાં કેટલીક વિગતો જાતે જાહેર કરાય (Self deceleration) તે પ્રકારનુ સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું છે, જેની હેઠળ MSME પોતાના અસ્તિત્વને જાતે સર્ટિફાય કરશે અને એ માટે ઓછામાં ઓછી અન્ય માહિતીની જરૂર પડશે.

**ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM)નાં વિવિધ પાસાં નીચે મુજબ છે :**

● એક જ પાનાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન -મોબાઈલ ફ્રેન્ડલી

●સેલ્ફ સર્ટિફિકેશન

●એક થી વધુ ઉદ્યોગ આધાર ફાઈલ કરી શકાશે

●ઉદ્યોગ આધાર માટે કોઈ ફી લેવાતી નથી

દેશમાં કોઈ પણ સ્થળે આવેલું એકમ ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ (UAM) ઓનલાઈન ફાઈલ કરી શકે તે માટે MSME મંત્રાલયે કેટલીક માળખાગત સુવિધાઓ એટલે કે ઉદ્યોગ આધાર (UA) પોર્ટલ (http://udyogaadhaar.gov.in) ની રચના કરી છે. પોર્ટલ મોબાઈલ ડિવાઈસ ઉપર પણ ઉપલબ્ધ છે.

ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશનને કારણે એકમો/ એન્ટરપ્રાઈઝ માત્ર ઉદ્યોગ આધાર નંબરનો ઉપયોગ કરીને જરૂરી માહિતી મેળવી શકશે અને તમામ મંત્રાલયો અને વિભાગો દ્વારા ઉપલબ્ધ વિવિધ સર્વિસીસ માટે ઓનલાઈન અરજી કરી શકશે.

ઉદ્યોગ આધારની નવી પધ્ધતિમાં રજીસ્ટ્રેશનની એક જ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ ખાત્રીપૂર્વક બિઝનેસ કરવામાં આસાની (easy of doing business) પૂરી પાડી શકે તેમ છે, કારણ કે દેશની વસતીના ૯૨ ટકા જેટલા પુખ્ત વયના લોકોએ AADHAR હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લીધુ છે.

આ પ્રકારની પહેલ દ્વારા MSME મંત્રાલયે MSME નો ડેટા જાળવવાનો જે પ્રયાસ કર્યો છે, તેનાથી લાંબા ગાળે ખર્ચમાં ઘટાડો થશે કારણ કે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો એ હવે પછી આ પ્રકારનો ડેટા જાળવવાની જરૂર પડશે નહી.

સરકારની MSME ક્ષેત્ર માટેની આધાર આધારિત નોંધણીની આ સરળ યોજનાને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો છે. અત્યાર સુધીમાં(૧૦ ઓકટોબર, ૨૦૧૭ની સ્થિતિએ) ૩,૬૨૯,૭૫૪ પોતાને ઉદ્યોગ આધારની આ નોંધણી પધ્ધતિ દ્વારા રજીસ્ટર કરાવી ચૂક્યાં છે. એવી અપેક્ષા છે કે ઉદ્યોગ આધારથી MSMEs ક્ષેત્રની ક્ષમતા બહાર આવશે અને એ ઉપરાંત ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં આપણા રેન્કીગમાં સુધારો થશે.

પ્રકાશન તા. ૨૪ ઑક્ટોબર, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ નવેમ્બર, ૨૦૧૭

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

**YOJANA (GUJARATI), November 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીચેના પુસ્તકો ૫૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. (Ms) Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.
Director & Chief Editor : Deepika Kachhal. Assistant Director : Ajay Indrekar. Editor : Janhavi Patel.
Yojana Office, Publications Divsion, Ministry of Inforamation & Broadcasting, Government of India,
Long Life Hospital Building, Above UCO Bank, Nr. Paldi Char Rasta, Paldi, Ahmedabad - 380007. Gujarat.
**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.